અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૭ ઓગસ્ટ ૨૦૨૩, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ વદ સાતમ | અંક : ૧૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ગુજરાતના ૨૧ સહિત દેશના ૫૦૮ રેલવે સ્ટેશનોની કાયાકલ્પ

# વડાપ્રધાન મોદીએ દેશભરના ૫૦૮ રેલવે સ્ટેશનોના નવિનીકરણનો શિલાન્યાસ કર્યો

### વડાપ્રધાન મોદીએ કાયાકલ્પ થનારા રેલવે સ્ટેશનનોનું વર્ચ્યુઅલી ભૂમિપૂજન કર્યું છે : દેશમાં અમૃત ભારત યોજના હેઠળ રેલવે સ્ટેશનોનો વિકાસ કરાશે

। નવી દિલ્હી, તા.૬ ।

દેશના ૫૦૮ રેલવે સ્ટેશનનોનું ભવિષ્ય જલદી બદલાશે, વડાપ્રધાન મોદીએ કાયાકલ્પ થનારા રેલવે સ્ટેશનનોનું વર્ચ્યુઅલી ભૂમિપૂજન કર્યું છે. દેશમાં અમૃત ભારત યોજના હેઠળ ૧૩૦૯ રેલવે સ્ટેશનોનો વિકાસ કરવામાં આવશે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશને સંબોધિત કરી રહ્યા છે, જેમાં તેમણે જણાવ્યું કે, ભારત, જે વિકસિત થવાના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો છે, તે પોતાના અમૃતકાળની શરુઆતમાં છે. નવી ઉર્જા, નવી પ્રેરણા અને નવો સંકલ્પ છે અને નવી ભાવનાઓ સાથે ભારતીય રેલવેનો ઈતિહાસમાં એક નવો અધ્યાય શરુ થઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારતના લગભગ ૧૩૦૦ મુખ્ય રેલવે સ્ટેશન હવે અમૃત ભારત રેલવે સ્ટેશન તરીકે વિકસિત કરવામાં આવશે. જેમાં ૫૦૮ અમૃત ભારત સ્ટેશનના પુનર્નિર્માણનું કામ શરુ થઈ ગયું છે. આ ૫૦૮ સ્ટેશનોના નવનિર્માણ પર લગભગ ૨૫ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ લાભ દેશના લગભગ તમામ રાજ્યોને મળશે. જેમકે ઉત્તરપ્રદેશના લગભગ ૪ હજાર કરોડના ખર્ચથી ૫૫ સ્ટેશનો વિકસિત કરવામાં આવશે.




### ૫૦૮ સ્ટેશનોના નવનિર્માણ પર લગભગ ૨૫ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે.

આ લાભ દેશના લગભગ તમામ રાજ્યોને મળશે. જેમકે ઉત્તરપ્રદેશના લગભગ ૪ હજાર કરોડના ખર્ચથી ૫૫ સ્ટેશનો વિકસિત કરવામાં આવશે. રાજસ્થાનમાં પણ ૫૫ રેલવે સ્ટેશન અમૃત ભારત રેલવે સ્ટેશન અંતર્ગત નવનિર્મિત થશે. મધ્યપ્રદેશમાં ૧૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચથી ૩૪ સ્ટેશનના કાયાકલ્પ થવાની છે. મહારાષ્ટ્રમાં ૪૪ સ્ટેશનના વિકાસ માટે દોઢ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે, પાછલા કેટલાક વર્ષોમાં રેલવેમાં ઘણાં કામ થયા છે. પાછલા નવ વર્ષોમાં દક્ષિણ આફ્રિકા, યુક્રેન, પોલેન્ડ, યુકે અને સ્વીડન કરતા પણ વધુ રેલવે ટ્રેક બનાવાયા છે. તમે જે ગતિથી કામ થઈ રહ્યું છે તેની કલ્પના કરી શકો છો.

---

તમામ સ્ટેશન ઉપર મલ્ટીલેવલ પાર્કિંગની વ્યવસ્થા હશે

## ભરૂચ-પાલનપુર, સુરેન્દ્રનગર સહિત ૨૧ રેલવે સ્ટેશનનો કાયાકલ્પ થશે

### અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પીએમ મોદીએ ૫૦૮ રેલવે સ્ટેશનનો રિડેવલપમેન્ટની આધારશીલા રાખી છે

। અમદાવાદ, તા.૬ ।

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ આજે પીએમ મોદીએ ૫૦૮ રેલવે સ્ટેશનનો રિડેવલપમેન્ટની આધારશીલા રાખી છે. અત્રે જણાવવાનું કે આ પ્રોજેક્ટ પર ૨૪ હજાર ૪૭૦ કરોડ રૂપિયા ખર્ચ થવાનો અંદાજ છે. ૨૦૨૫ સુધીમાં આ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ કરવાનો લક્ષ્યાંક છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ આ ૫૦૮ રેલવે સ્ટેશનોનો કાયાકલ્પ થશે. જેમાં ૨૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના રેલવે સ્ટેશનો સામેલ છે. અત્રે જણાવવાનું કે પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૫૦૮ સ્ટેશનોના પુનઃવિકાસની આધારશીલા મૂકી. આ ૫૦૮ રેલવે સ્ટેશનોનો પુનઃ વિકાસનું કામ આગામી ૩૦ વર્ષની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ સ્ટેશનોને સિટી સેન્ટર તરીકે વિક્સિત કરવામાં આવશે. અમૃત ભારત સ્ટેશન યોજના માટે ૨૪૪૭૦ કરોડ જોગવાઈ કરવામાં આવી છે. ૫૦૮ સ્ટેશન વિશ્વકક્ષાના બનાવવામાં આવશે. જેમાંથી ગુજરાતમાં ૨૧ રેલવે સ્ટેશન રી ડેવલપ કરવામાં આવશે.

#### ગુજરાતના આ સ્ટેશનોનો થશે કાયાકલ્પ

અસારવા, હિંમતનગર, સંજાણ, ભચાઉ, કલોલ, સાવરકુંડલા, ભક્તિનગર, કેશોદ, સુરેન્દ્રનગર, ભરૂચ, વિરમગામ, મિયાગામ, કરજણ, બોટાદ, ડભોઇ, ન્યુ ભુજ, વિશ્વામિત્રી, પાલનપુર, દેરોલ, પાટણ, ધાંગધ્રાં, પ્રતાપનગર.
અત્રે જણાવવાનું કે આ યોજનાનું નામ અમૃત ભારત સ્ટેશન યોજના છે. જે હેઠળ ભારતના લગભગ ૧૩૦૦ પ્રમુખ રેલવે સ્ટેશન હવે અમૃત ભારત સ્ટેશન તરીકે વિક્સિત કરાશે.

---

## ન્યૂઝ બ્રિફ

### જયંત પાટીલે અમિત શાહને મળવાના સમાચારનું કર્યું ખંડન



। મુંબઈ, તા.૬ ।

મહારાષ્ટ્રના રાજકારણમાં નેતાઓનો પક્ષપલટાનો સિલસિલો હજુ અટક્યો નથી. રવિવારે આ યાદીમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના જયંત પાટીલનું નવું નામ સામે આવ્યું છે. પરંતુ જયંત પાટીલ પોતે જ આગળ આવ્યા અને આવી શક્યતાઓને ફગાવી દીધી હતા. સૂત્રોના જણાવ્યા મૂજબ, જયંત પાટીલે અમિત શાહ સાથે મુલાકાત કરી છે. બેઠક બાદ તેમણે પોતાના સમર્થક ધારાસભ્યોને પણ મુંબઈ બોલાવ્યા હતા.

### ઈન્ડિયન પ્લેયર્સની તુલનાએ અડધી સેલેરી પણ નથી મળતી

। નવી દિલ્હી, તા.૬ ।

બીસીસીઆઈ એટલે કે ઈન્ડિયન ક્રિકેટ કંટ્રોલ બોર્ડ વિશ્વનું સૌથી અમીર બોર્ડમાંથી એક છે. તે પોતાના ખેલાડીઓ પર જોરદાર રૂપિયા ખર્ચ કરે છે અને તેમને ટોપ ક્લાસ સુવિધાઓ પુરી પાડે છે. બીસીસીઆઈના એન્યુઅલ કોન્ટ્રાક્ટમાં આવતા ખેલાડીઓ ઘણા રૂપિયાની કમાણી કરે છે. બીસીસીઆઈના એન્યુઅલ કોન્ટ્રાક્ટમાં ચાર કેટેગરી હોય છે. A , A, B, C એ પ્રમાણે ખેલાડીઓને સેલેરી આપવામાં આવે છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પોતાના કોન્ટ્રાક્ટમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. તે હવે ૪ કેટેગરીમાં પોતાના ખેલાડીઓને ડિવાઈડ કરી દેશે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે પાકિસ્તાની ટીમના કેપ્ટન બાબર આઝમ, શાહીન શાહ આફ્રિદી અને મોહમ્મદ રિઝવાનને છ કેટેગરીમાં રાખવાનો નિર્ણય લેવાયો છે.

### પહેલી વાર ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામમાં જોવા મળ્યો દીપડો

। અંબાજી, તા.૬ ।

યાત્રાધામ અંબાજીનાં ગબ્બર વિસ્તારમાં આજે એકાએક દીપડો દેખાતા ખળભળાટ મચી જવા પ ામ્યો છે. ગબ્બર પર્વત પાસે જંગલી પ્રાણીના લીધે ૫૧ શક્તિપીઠ પરીક્રમા માર્ગ આજે બંધ રાખવામાં આવ્યો છે. ગબ્બર આસપાસના વિસ્તારમાં જંગલી જાનવર ફરી રહ્યું હોવાના સોશિયલ મીડિયામાં એક વીડિયો સામે આવ્યો હતો.

---

આખી દુનિયા દંગલ જોશે

## ઈલોન મસ્ક અને માર્ક ઝકરબર્ગની કેજ ફાઈટનું લાઈવ સ્ટ્રીમિંગ થશે

### ઈલોન મસ્કે ઝકરબર્ગ સાથે દંગલ કરવા તૈયારી કરી ઝકરબર્ગે પણ એક્સપર્ટ પાસેથી ફાઈટની તાલીમ લીધી



। નવી દિલ્હી, તા.૬ ।

ધુની મગજના ઉદ્યોગ સાહસિક ઈલોન મસ્કે જાહેરાત કરી છે કે તે Meta ના CEO માર્ક ઝકરબર્ગ સાથે કેજ ફાઈટ કરશે જેનું ઠ પર લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. એટલે કે આખી દુનિયા સોશિયલ મીડિયા પર આ ફાઈટને જોઈ શકશે. Tesla અને સ્પેસએક્સ જેવી કંપનીઓના માલિક ઈલોન મસ્કે ઝકરબર્ગ સાથે પાંજરામાં મુકાબલો કરવા માટે પોતાનું મન બનાવી લીધું છે. મસ્કે કહ્યું છે કે ઝકરબર્ગ સાથે તેની ફાઈટ થશે ત્યારે તેનું Twitter પર લાઈવ પ્રસારણ કરાશે જે હવે ઠ તરીકે ઓળખાય છે. તેમણે કહ્યું કે આ મેચમાં જે કમાણી થશે તે બધી ચેરિટી માટે વાપરવામાં આવશે. ઝકરબર્ગ પણ ઈલોન મસ્ક સાથે પાંજરાની અંદર ફાઈટ કરવા માટે તૈયાર થઈ ગયા છે. તેમણે ઈલોન મસ્કની એક ટ્વીટના જવાબમાં જણાવ્યું કે "હું કેજ ફાઈટ માટે તૈયાર છું." તેમણે મસ્કના ટ્વીટનો સ્ક્રીનશોટ પણ પોસ્ટ કર્યો છે અને નીચે લખ્યું છે કે "મને લોકેશન મોકલો". ગયા મહિને જ ઝકરબર્ગે જિયુ-જિત્સુ નામની ફાઈટના કળામાં બ્લૂ બેલ્ટ મેળવ્યો હતો અને આ ફાઈટ શીખવામાં તેમણે મહત્ત્વની સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેમણે પોતાના કોચ ડેવ કેમેરિલોની તસવીર શેર કરીને તેમના વિશે ઈન્સ્ટા પોસ્ટમાં માહિતી આપી છે.

---

ધોરણ ચાર સુધી ભણેલા શખસે બેંકોને જબરી છેતરી

## એક જ મકાન ઉપર વારંવાર લોન લઈને છેતરપિંડી આચરી

### ફેક દસ્તાવેજોના આધારે આ શખસે તેના એક જ મકાનને સાત વાર ગિરવે મૂકીને બેંકો પાસેથી લોન લીધી હતી

। નવી દિલ્હી, તા.૬ ।

દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખાએ ભજનપુરમાં એક જ મકાનને સાત વાર ગિરવે મુકીને અનેક બેંકોને રુપિયા ૨૫ કરોડનો ચૂનો ચોપડનારા દંપતીને ઝડપી પ ડ્યું છે. આરોપીઓની ઓળખ જીતેન્દ્ર જૈન અને તેની પત્ની અંજના જૈન તરીકે થઈ છે. જીતેન્દ્ર જૈન ધોરણ ચાર સુધી જ ભણેલો છે અને તેની પત્ની ધોરણ સાત સુધી ભણેલી છે. આરોપીઓ ફરાર થયા બાદ બેંકોએ ગુનો નોંધાવ્યો હતો. સાથે જ એસબીઆઈએ પણ કેસ નોંધાવ્યો હતો. દિલ્હી પોલીસે આ બંને આરોપીઓ પર એક લાખ રુપિયા ઈનામ જાહેર કર્યુ હતુ. અનેક રાજ્યોમાં છેતરપિં ડી આચર્યા બાદ હવે આરોપીઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. ત્યારે પોલીસ પણ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે, આરોપીઓએ કેટલાં લોકોને ચૂનો ચોપ ડ્યો હતો. કંપનીના આસિસ્ટન્ટ મેનેજર દિપાંકર સિન્હાએ જણાવ્યું કે, ભજનપુરમાં મકાનને ગિરવે મૂકીને જીતેન્દ્ર અને તેની




પત્ની અંજનાએ કંપનીમાંથી રુપિયા ૨.૬૦ કરોડની લોન લીધી હતી. તપાસમાં સામે આવ્યું કે, આરોપીઓએ ફેક દસ્તાવેજ તૈયાર કરીને મકાન પહેલાં સેન્ટ્રલ બેંક, સિંડિકેટ બેંક, ઓરિએન્ટલ બેંક વગેરે પાસેથી રુપિયા ૨૫ કરોડથી પણ વધુની લોન લીધી હતી. પોલીસ તપાસમાં ખુલાસો થયો કે, આરોપીઓ ૨૦૧૬થી ફરાર છે. પોલીસને ટેકનિકલ સર્વેલન્સથી જાણવા મળ્યું કે, આરોપી દિલ્હી, તમિલનાડુ, બેંગાલુરુ, નાસિક અને જલગાંવમાં રહી રહ્યા છે.

---

ગીત ગાયા બાદ થયો હતો ભારે વિવાદ

## 'હર હર શંભુ'ની ગાયિકાના ભાઈની હત્યા કરવામાં આવી

### ખુર્શીદ નામના યુવક પર અજાણ્યા બાઇક પર આવેલા ત્રણ બદમાશોએ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો

। નવી દિલ્હી, તા.૬ ।

સોશિયલ મીડિયા પર આવેલું 'હર હર શંભુ'ગીત ખુબ જ પ્રચલિત થયું હતું. આ ભક્તિ ગીત લોકોને એટલું પસંદ આવ્યું કે તેણે યુટ્યુબ પર અનેક નવા રેકોર્ડ બનાવી દીધાં. તમને જાણીને નવાઈ લાગશે પણ આ ગીત એક મુસ્લિમ ગાયિકાએ ગાયું બતું. ફરમાની નાઝે આ ગીત ગાયું હતું. હાલ એવા સમાચારો સામે આવી રહ્યાં છેકે, હર હર શંભુની ગાયિકા ફરમાની નાઝના પિતરાઈ ભાઈની સરાજાહેરમાં હત્યા કરી દેવામાં આવી છે. યુટ્યુબર ફરમાની નાઝના પિતરાઈ ભાઈની હત્યા બાદ ઘટનાસ્થળે પહોંચેલા ગ્રામજનો અને પરિવારજનોએ સરકારી હોસ્પિટલમાં હોબાળો મચાવ્યો હતો.

---

પોતાની ક્રિકેટ એકેડમી ઓપન કરી દીધી

## કેપ્ટન રોહિત શર્માએ બિઝનેસ શરૂ કરી દીધો

### સિંગાપોર અને જાપાન પછી અમેરિકામાં પણ કેપ્ટન રોહિત શર્માએ પોતાનો બિઝનેસ શરૂ કરી દીધો છે

। નવી દિલ્હી, તા.૬ ।

ઈન્ડિયન ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા પોતાની ઈન્ટરનેશનલ કરિયરના અંતિમ પડાવ પર પહોંચી ગયા છે. ૩૬ વર્ષીય રોહિત નિવૃત્તિ બાદ હવે પોતાના બિઝનેસ પર ફોકસ કરવાનું પ્લાનિંગ કરી રહ્યો છે. તેવામાં હવે તેણે જાપાન, સિંગાપોર બાદ અમેરિકામાં પોતાની ક્રિકેટ એકેડમી ખોલી દીધી છે. અમેરિકામાં ક્રિકેટ ઘણું ઝડપથી વિકસી રહ્યું છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
CNN Channel Nine Network GUJARAT Gujarati Daily News Paper
LIVE cnngujarat.co.in
આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



છેતરપિંડી મામલે સુરત સાયબર ક્રાઇમએ ધરપકડ કરી

# પોલીસ તરીકે ખોટી ઓળખ આપી ફ્રોડ કરતી ગેંગની ધરપકડ

। સુરત,તા.૬ ।

પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી ફ્રોડ કરતી ગેંગની ધરપકડ કરવામાં આવી છે. સુરત સાયબર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ત્રણ લોકોની અમદાવાદ ખાતેથી ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે આ ત્રણેય આરોપીઓ પોલીસની ખોટી ઓળખ આપીને લોકો પાસેથી લાખો રૂપિયાની ઠગાઈ આચરી છે. કુલ ૧૪ લાખ ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરી હતી. સાયબર પોલીસે આરોપીઓની ધરપકડ કર્યા બાદ અલગ અલગ બેંક એકાઉન્ટમાંથી ૮ લાખ ફ્રીઝ પણ કરાવ્યા છે. ફરિયાદીને એક મોબાઈલ નંબર ઉપરથી ફેડેક્સ કુરિયર કંપનીમાંથી વ્હોટ્સએપમાં એક ફેક મેસેજ મોકલનાર અને મોબાઈલ નંબર ઉપરથી એક વીડિયો કોલ કરી પોલીસ યુનિફોર્મમાં પાછળ ભાગે ગોરેગાંવ પોલીસ સ્ટેશનનું બોર્ડ દેખાતું હોય તે રીતે વાતો કરનાર અને અન્ય એક મોબાઈલ નંબર ઉપરથી પોલીસ તરીકેની ઓળખ આપી વાતચીત કરનાર લોકોની છેતરપિંડી મામલે સુરત સાયબર ક્રાઈમએ ધરપકડ કરી છે. આ ત્રણે આરોપીએ પૂર્વ આયોજિત કાવતરું રચી ફેડેક્સ કુરિયર કંપનીમાંથી તમારા નામથી કેનેડા ખાતેથી પાર્સલ મોકલવામાં આવેલ છે તે જણાવી ફરિયાદી પાસેથી ડોક્યુમેન્ટ લઈ લીધો અને યાદીને જણાવવામાં આવ્યું હતું કે જે ડોક્યુમેન્ટસ તેઓએ આપ્યું છે તેનો દુરુપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ઠગાઈ કરનાર ફરિયાદીને જણાવતા કે સાયબર ક્રાઈમ, નાર્કોટિક્સ અને ઈક્મટેક્સ વિભાગના અલગ અલગ કેસો તમારી ઉપર બનશે.

## કડીની પૂજા હોસ્પિટલનાં ત્રણ સોનોગ્રાફી મશીન સીલ કરાયા

। મહેસાણા,તા.૬ ।

કડીની પૂજા હોસ્પિટલનાં ત્રણ સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવ્યા છે. જિલ્લા આરોગ્ય અધિકારીએ કરેલા સ્ટિંગ ઓપરેશનમાં હોસ્પિટલ દ્વારા કરાતાં સોનોગ્રાફીમાં ક્ષતિઓ જણાતા મશીનો એફએસ એલમાં મોકલવામાં આવ્યા છે. જિલ્લાની અંદર ગર્ભ પરીક્ષણ રોકવા માટે જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા મહેસાણા જિલ્લાની વિવિધ હોસ્પિટલો સ્ટિંગ કરી તપાસ હાથ ધરવામાં આવી હતી. ડમી દર્દીઓ મોકલી વિવિધ હોસ્પિટલની અંદર સોનોગ્રાફી અને ગર્ભ પરીક્ષણ થાય છે કે નહીં તે મુદ્દે તપાસ કરી હતી. જોકે આ તપાસમાં કેટલીક હોસ્પિટલોમાં ક્ષતિઓ જોવા મળી હતી. જેને પગલે કડીની પૂજા હોસ્પિટલ માંથી ત્રણ જેટલા સોનોગ્રાફી મશીન સીલ કરી તેને તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે. ગ્રાફી મશીન સીલ કરવા હુકમ કર્યો હતો. કડીની પૂજા મેટરનિટી હોમમાં બે મહિના પૂર્વે ગેરકાયદે જાતિ પરીક્ષણ અંગે કરેલા સ્ટિંગ ઓપરેશનમાં વિવિધ ક્ષતિઓ બહાર આવી હતી. આરોગ્ય વિભાગે તબીબ ડૉ.રજનીકાંત ત્રિવેદીને નોટિસ પાઠવી સુનાવણી હાથ ધરી હતી.

રાજ્યમાં વધુ એકવાર ઝેરી કેમિકલ પીવાની ઘટના સામે આવી

# પોરબંદરમાં ઝેરી કેમિકલ પીવાથી બે માછીમારના મોત નિપજ્યા

### સમુદ્રમાં માછીમારી દરમિયાન કેમિકલ ભરેલો કેરબો મળ્યો હતો

। પોરબંદર, તા.૬ ।

રાજ્યમાં વધુ એકવાર ઝેરી કેમિકલ પીવાની ઘટના સામે આવી છે. પોરબંદરમાં ઝેરી કેમિકલ પીવાથી ૨ માછીમારના મોત થયાં છે તેમજ સાતથી વધુ લોકો સારવાર હેઠળ છે. સમુદ્રમાં માછીમારી દરમિયાન કેમિકલ ભરેલો કેરબો મળ્યો હતો. જેમાંથી આઠથી દસ લોકોએ કેમિકલ પીધો હોવાની વિગતો સામે આવી છે. ઝેરી કેમિકલના કેરબામાંથી ૭થી વધુ માછીમારોએ કેમિકલ પી લેતા હાલત ગંભીર છે. ઝેરી કેમિકલ પી લેતા આ લોકોને પેટમાં દુખાવાની સમસ્યા થઈ હતી જે બાદ હોસ્પિટલમાં જતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. જે



ઝેરી કેમિકલ ક્યાંથી આવ્યો અને કેટલા લોકોએ પીધું હતું તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે, જેમાં અત્યારે તમામ નાની હોડીઓમાં સર્ચની કામગીરી હાથ ધરી છે તેમજ સાવચેતીના ભાગરૂપે સુભાષનગરના લોકોની પૂછપરછ પણ શરૂ કરાઈ છે. કેમિકલની તપાસ માટે FSLમાં મોકલાયું છે. જો કે, FSLનો રિપોર્ટ આવ્યા બાદ જ હકીકત બહાર આવશે...

**સારવાર લઈ રહેલા દર્દીના નામ**

રવી ભીમજી કિશોર, ઉ.વ ૩૧ (સુભાષનગર)

વિજય હરજી સલેટ, ઉ.વ ૩૫ (સુભાષનગર)

કિશોર લાલજી ચામડિયા, ઉ.વ ૪૧ (સુભાષનગર)

વિજેશ ચીના પવનીયા, ઉ.વ ૪૯ (સુભાષનગર)

જયેશ હરજી ચામડીયા, ઉ.વ ૩૨ (સુભાષનગર)

મુકેશ હીરા જેબર, ઉ.વ ૪૭ (સુભાષનગર)

ભીખુ છગન ચૌહાણ, ઉ.વ ૪૭ (સુભાષનગર).

## જામનગરમાં આંબેડકર બ્રિજ નીચે હિટ એન્ડ રનની ઘટના

। જામનગર,તા.૬ ।

જામનગર શહેરમાંથી હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે. જેમાં શહેરના આંબેડકર બ્રિજ નીચે સૂતેલા એક વ્યક્તિને કારચાલકે અડફેટે લઈ ૨૦૦ મીટર સુધી ઢસેડ્યા હતા. આ અકસ્માતની ઘટનામાં આ વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી છે. પોલીસે અજાણ્યા કારચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, જામનગરના આંબેડકર બ્રિજ નીચે ગઈકાલે રાત્રે કનુભાઈ માધવજી રાઠોડ સૂતા હતા. આ દરમિયાન મોડી રાત્રે એક કારચાલકે બ્રિજની નીચે સૂતેલા કનુભાઈને અડફેટે લીધા હતા અને તેમને અંદાજે ૨૦૦ મીટર સુધી ઢસેડ્યા હતા. આ અકસ્માતમાં તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જોકે, અકસ્માત સર્જી કારચાલક ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતને પગલે મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. રાહદારીઓ દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી કનુભાઈને સારવાર અર્થે જી.જી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## અમદાવાદમાં પેસેન્જરના સ્વાંગમાં ચોરી કરતી ટોળકીનો આતંક

। અમદાવાદ, તા.૬ ।

અમદાવાદ શહેરમાં શટલ રિક્ષામાં બેસતાં પહેલાં દસ વખત વિચાર કરજો કારણ કે પેસેન્જરોના સ્વાંગમાં લૂંટારુ ટોળકી પણ હોઈ શકે છે. જે તમારી નજર ચૂકવીને ચોરીની ઘટનાને અંજામ આપે છે. શહેરના સુભાષબ્રિજ સર્કલ પાસે ગઈ કાલે એક વૃદ્ધાના ગળામાંથી પેસેન્જરના સ્વાંગમાં બેઠેલી બે મહિલાએ દોઢ તોલાની ચેઈન કાઢી લીધી હોવાની ઘટના સામે આવી છે. પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી છે. સુભાષબ્રિજ નજીક આવેલી કાર્યશિલ્પ રેસિડેન્સીમાં રહેતાં ૭૨ વર્ષનાં વૃદ્ધ શારદાબહેન કાસ્વાકરે રાણીપ પોલીસ સ્ટેશનમાં બે અજાણી મહિલા અને રિક્ષા ચાલક વિરુદ્ધ સોનાની ચેઈન ચોર્યાની ફરિયાદ કરી છે. શારદાબહેન તેમના પતિ અને બાળકો સાથે રહે છે અને નિવૃત્ત જીવન ગુજારે છે. શારદાબહેને દોઢ વર્ષ પહેલાં દોઢ તોલાનો સોનાનો દોરાની ખરીદી કરી હતી. જે ગઈ કાલે ચોરાઈ ગયો છે. ગઈ કાલે શારદાબહેન કલોલ ખાતે બેસણામાં ગયાં હતાં જ્યાં તેઓ બપોરે રાણીપ પરત આવી ગયાં હતાં.

રાજકારણના સમીકરણોમાં બદલાવની મોસમ

# ભાજપના પ્રદેશ મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલાનું રાજીનામું

### કમલમમાંથી વનવાસ- પ્રતિબંધની ચાલેલી ચર્ચા વચ્ચે પ્રદેશ અધ્યક્ષની સુચનાથી ૭ દિવસ પહેલા જ રાજીનામું આપ્યું

। ગાંધીનગર, તા.૬ ।

ગુજરાતના રાજકારણના સમીકરણોમાં બદલાવનો પવન જોવા મળી રહ્યો છે. હવે ભાજપ માંથી પાટીલ જૂથના નેતાઓ ટાર્ગેટ બની રહ્યાં છે. એવામાં એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે કે, ગુજરાત ભાજપના પ્રદેશ મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલાએ રાજીનામું આપ્યું છે. છેલ્લા ચાર પાંચ દિવસથી રાજીનામાની ચાલી રહેલી ચર્ચા વચ્ચે છેવટે સમર્થન મળ્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી ભાજપ સેવક તરીકે કામ કરી રહેલા પ્રદિપસિંહ વાઘેલા હવે ટાર્ગેટ થઈ રહ્યાં છે. ગઈકાલે કમલમમાંથી વનવાસ અને પ્રતિબંધની ચાલેલી ચર્ચાઓ વચ્ચે આજે મોટો ખુલાસો એવો છે કે પ્રદેશ અધ્યક્ષની સુચનાથી સાત દિવસ પહેલા જ રાજીનામું આપી દીધુ છે. ભાર્ગવ ભટ્ટ બાદ વધુ એક અસરકારક નેતાનો ભોગ લેવાયો છે.

તેમણે એક વાતચીતમાં કહ્યું



હતું કે, હું અગ્નિ પરીક્ષામાંથી બહાર આવીશ. આ ઉપરાંત તેમણે કમલમમાં પ્રવેશબંધીની વાતને નકારતા કહ્યું કે, આ પ્રકારની વાતો સદંતર ખોટી આ પ્રકારની કોઈ પ્રવેશબંધીની કોઈ વાત થયેલી નથી. કમલમમાં આજે પણ જવાનો છું અને કાલે પણ જઈશ, એ મારું બીજું ઘર છે.

સુત્રો પરથી મળતી માહિતીમાં જાણવા મળ્યું છે કે, જમીન કૌભાંડને લઈ ભાંડો ફૂટતા રાજીનામું લેવાયું છે. પાર્ટીમાં કૌભાંડની અને અનેક બીજી ફરિયાદ મળી હતી, જેમાં અમુક પાર્ટીના નેતા અને કાર્યકરોને અવગણનાની ફરિયાદ પણ મળી હતી. ફરિયાદનો પોટલો દિલ્હી પહોંચ્યો અને રાજીનામું લઈ લેવા આદેશ આપ્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે.

તેમણે પત્રિકા વિવાદ મામલે કહ્યું કે, મારા થકી પ્રદેશ અધ્યક્ષને પણ ટાર્ગેટ કરાઈ રહ્યાં છે. જે પત્રિકા વિવાદ સુરતમાં શરૂ થયું છે એવું જ પત્રિકા યુદ્ધ અમદાવાદમાં પણ ચાલી રહ્યું છે. હજુ આ પ્રકરણમાં મોટા માથાઓ સંડોવાયેલા છે. આ સિવાયના ઘણા નેતાઓ પણ પત્રિકા વિવાદ જોડાયેલા છે. પ્રદિપસિંહ વાઘેલા માટે એવું કહેવાય છે કે, એમને પત્રિકા વિવાદ વિરુદ્ધમાં એસઓજીમાં ફરિયાદ કરી હતી. જેની તપાસ પણ ચાલી રહી છે. આગામી દિવસોમાં આ મામલે નવા નામો સામે આવાની સંભવાના છે. આ ઉપરાંત એવી ચર્ચાઓ પણ

અંકલેશ્વર સેશન્સ કોર્ટનો મહત્વનો ચુકાદો

# ATSએ ઝડપેલા બે આતંકીને આજીવન કેદની સજા અપાઇ

### અમદાવાદમાં આતંકી પ્રવૃત્તિને અંજામ આપવા સક્રિય આતંકીઓને સજા આપવામાં આવી છે

। અમદાવાદ,તા.૬ ।

અંકલેશ્વર સેશન્સ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. ATSએ ઝડપેલા બે આતંકીને આજીવન કેદની સજા ફ્તકરવામાં આવી છે. દેશ વિરોધી પ્રવૃત્તિઓમાં આતંકી જોડાયેલ હતા.

સરદાર પટેલ હોસ્પિટલમાં તબીબ તરીકે આરોપી નોકરી કરતો હતો. બન્ને આરોપીઓનું ISIS સાથે કનેક્શન પણ હતું. વર્ષ ૨૦૧૪માં અમદાવાદમાં આતંકી પ્રવૃત્તિને અંજામ આપવા અને આતંકી નેટવર્ક મજબૂત બનાવાની ગતિવિધિમાં સક્રિય આતંકીઓને સજા આપવામાં આવી છે. મોહમદ કાસીમ અને ઉબેડ મિરઝામ આંતકવાદી પ્રવુતિઓ સાથે જોડાઈ સોશિયલ મીડિયા મારફતે અને અન્ય રીતે લોકોને આંતકવાદી પ્રવૃતિઓમા જોડતા હોવાની માહિતી મળી હતી જેને લઈ તે બંનેના નંબરો સર્વેલન્સમાં મૂકવામાં આવ્યા હતા જે બાદ સમગ્ર ઘટના સામે આવી હતી.



માહિતી સાચી હોવાને લઈ તે અંગે કેટલાક પુરાવા એકત્ર કરવામાં આવ્યા હતા. જે બાદ ૨૦૧૭માં આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જે દરમ્યાન આરોપીઓ પાસેથી પેનડ્રાઈવ, મોબાઈલ ડેટા, સહિત બહાર ના દેશોની પ્રવુતિઓ સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યુ હતું. આ બંને આરોપીઓ અન્ય લોકોને આતંકવાદી પ્રવુતિઓમાં જોડતા હતા. મહત્વનુ છે કે આ આરોપીઓએ અન્ય ૪ લોકોને આવી ગેરકાયદે પ્રવુતિઓમાં જોડવા માટે તાલીમ આપી હતી. જે બાદ આરોપીઓ દ્વારા અમદાવાદના ધાર્મિક સ્થળોએ રેકી કરીને યુવાનોને ફસાવવાનું કાવતરું રચ્યુ હતું.

## અમદાવાદમાં દારૂ તો મળવો જ ના જોઈએ : જીએસ મલિક

। અમદાવાદ,તા.૬ ।

પોલીસ કર્મચારીઓને જ્યારે એક્શન મોડ પર આવી જવાના આદેશ ઉચ્ચ અધિકારીઓ દ્વારા મળતા હોય છે ત્યારે શહેરમાં કોઈની તાકાત નથી કે શહેરમાં દારૂ, જુગારના અડ્ડાઓ ધમધમાવી શકે. થોડા દિવસ પહેલાં શહેરના પોલીસ કમિશનર તરીકે જી.એસ. મલિકે ચાર્જ સંભાળતાંની સાથે જ આદેશ કર્યો છે કે અમદાવાદમાં દારૂ મળવો જ ના જોઈએ. કમિશનરનો આદેશ મળતાંની સાથે જ પોલીસ એક્શન મોડ પર આવી ગઇ છે અને સિંઘમ બનીને દારૂ, જુગારના અડ્ડા પર ત્રાટકી રહી છે. શહેરમાં પહેલી વખત એવા પોલીસ કમિશનર આવ્યા છે કે જેમણે ગુનાખોરીના મૂળ પર ઘા કર્યો અને ગમે તેવા ચમરબંધીઓને છોડી નહીં દેવાય તેવો નિર્ણય લીધો છે. તથ્ય પટેલે સર્જેલા અકસ્માત બાદ શહેરના મ?ણિનગર વિસ્તારમાં કેદાર દવે નામના યુવકે દારૂના નશામાં કાર ચલાવીને અકસ્માત સર્જ્યો હતો, જ્યારે સેટેલાઇટમાં પણ બીએમડબ્લ્યુ કારચાલકે દારૂના નશામાં ડ્રાઈવિંગ કરીને અકસ્માત કર્યો હતો.

## વિશેષ લેખ

રવીન્દ્રનાથ ટાગોર એક વૈશ્વિક પ્રતિભા : ભારતનું રાષ્ટ્રગીત "જન ગણ મન" અને બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત "અમર સોનાર"ના રચયિતા

# ગીતાંજલિ કવિતા માટે વર્ષ ૧૯૧૩ માં તેમને નોબેલ પુરસ્કાર મળ્યો

### એક મહાન કવિ, લેખક, સાહિત્યકાર, નાટ્યકાર, નિબંધકાર...પ્રકૃતિ પ્રેમી, કલાપ્રેમી,સારા વિચારક, પ્રખર સમાજ સુધારક હતા




સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

રવિન્દ્રનાથ ટાગોરનું ૭ ઓગસ્ટ, ૧૯૪૧ ના રોજ ૮૦ વર્ષની ઉંમરે તેનું મુત્યુ થયુ હતું. ત્યારે આજે તેમની પુણ્યતિથીએ એમના જીવનસંદેશાને યાદ કરવાનો દિવસ છે.

રવીન્દ્રનાથ ટાગોરને આપણે એક વૈશ્વિક પ્રતિભા કહી શકીએ.એક મહાન કવિ, લેખક, સાહિત્યકાર, નાટ્યકાર, નિબંધકાર...પ્રકૃતિ પ્રેમી, કલાપ્રેમી,સારા વિચારક,પ્રખર સમાજ સુધારક, બે દેશોના રાર્ષ્ટ્રગીત ના રચયિતા, નોબેલ પારિતોષિક વિજેતા.. આટલા બધા ગુણો કોઈ એકજ વ્યક્તિમા હોય એવુ બહુ ઓછું બંને છે. એટલે રવીન્દ્રનાથ ટાગોર સાચા અર્થમાં એક મહાન વિભૂતિ હતા. વિશ્વભરમાં આજે પણ જેમનું નામ ગૌરવભેર લઈ શકાય છે તેવા મહાનાયક રવીન્દ્રનાથ ટાગોરની જન્મ જયંતીદર ૭મી મે ના રોજ ગૌરવભેર ઉજવાય છે.ખરેખર તેમનું જીવન એક દંતકથા સમાન છે. ૭ મે ૧૮૬૧માં કોલકાતાના એક બંગાળી પરિવારમાં એક બાળકનો જન્મ થયો, જેને નામ મળ્યું રવીન્દ્ર. આગળ જઈને જેણે દુનિયાના ખ્યાતનામ સાહિત્યકાર, કવિ અને મહાન વ્યક્તિત્વ તરીકે નામના મેળવી. કોલકાતાના એક શ્રીમંત બંગાળી પરિવારમાં જન્મેલા રવીન્દ્રનાથને નાનપણથી જ લેખન અને સાહિત્ય સાથે પ્રેમ થઈ ગયો હતો. એજ કારણ હતુંકે, તેમણે ખુબ જ નાની ઉંમરે જ કવિતાઓ લખવાનું શરૂ કરી દીધું હતું. કવિતાઓની સાથો-સાથ તેઓ નિબંધ અને નાટ્યરચનાઓ પણ લખતા હતા.

રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ કોલકાતાના જોડોસાંકોની હવેલીમાં થયો હતો. તેમના પિતાનું નામ દેવેન્દ્ર નાથ ટાગોર અને માતાનું નામ શારદા દેવી હતું. રવીન્દ્રનાથ ટાગોર કુલ ૧૨ ભાઈ-બહેન હતા અને તે તેના માતાપિતાના ૧૩ મા સંતાન હતા. રવિન્દ્રનાથ ટાગોરની માતાનું બાળપણમાં અવસાન થયું હતું અને તેમના પિતાએ એકલા હાથે તેમને અને તેમના ભાઈ-બહેનોને ઉછેર્યા હતા. રવિન્દ્ર નાથ ટાગોરે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલથી સ્કૂલ શિક્ષણ શરૂ કર્યુ હતું. રવીન્દ્રનાથ ટાગોરના પિતા ઈચ્છતા હતા કે તેઓ બેરિસ્ટર બને અને તેથી તેમણે ટાગોર ને ૧૮૭૮ માં યુનિવર્સિટી કોલેજ લંડનમાં પ્રવેશ અપાવ્યો. અહીં થોડો સમય કાનૂની અધ્યયન કર્યા પછી, રવીન્દ્રનાથ ટાગોરે તેમનો અભ્યાસ છોડી દેવાનો નિર્ણય કર્યો અને બંગાળ પાછા ફર્યા. ખરેખર રવિન્દ્રનાથ ટાગોરને સાહિત્યમાં ઘણી રુચિ હતી અને તેઓ સાહિત્યના ક્ષેત્રમાં જ પોતાની કારકીર્દિ બનાવવા માગતા હતા. ૧૮૮૦ માં બંગાળ આવ્યા પછી, તેમણે ઘણી કવિતાઓ, વાર્તાઓ અને નવલકથા પ્રકાશિત કરી અને તે બંગાળમાં પ્રખ્યાત થયા. રવીન્દ્રનાથ ટાગોરે ૧૮૮૩ માં મૃણાલિની દેવી સાથે લગ્ન કર્યા. તેણે મૃણાલિની દેવી સાથે લગ્ન કર્યા હતા, તે સમયે મૃણાલિની દેવી માત્ર ૧૦ વર્ષ ના હતા. આ લગ્નથી તેમને પાંચ બાળકો થયા, જેમાંથી બેનું બાળપણમાં જ મૃત્યુ થયું હતું. તે જ સમયે, ૧૯૦૨ માં, રવિન્દ્રનાથ ટાગોરની પત્ની મૃણાલિની દેવીનું પણ અવસાન થયું.તેઓ તેમના માતાપિતાના તેરમા સંતાન હતા. જોકે આઠ વર્ષની ઉંમરે તેમણે પ્રથમ કવિતા લખી હતી અને સોળ વર્ષની ઉંમરે તેમણે વાર્તાઓ અને નાટકો લખવાનું શરૂ કર્યું હતું. તેમના જીવનમાં તેમણે એક હજાર કવિતાઓ, આઠ નવલકથાઓ, આઠ વાર્તા સંગ્રહ અને વિવિધ વિષયો પર ઘણા લેખ પણ લખ્યા હતા. એટલું જ નહીં, રવીન્દ્રનાથ ટાગોર એક સંગીત



પ્રેમી હતા અને તેમના જીવનમાં ૨૦૦૦ થી વધુ ગીતોની રચના કરી હતી. તેમના દ્વારા લખાયેલા બે ગીતો આજે ભારત અને બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત છે. રવીન્દ્રનાથ ટાગોરે તેમના જીવનકાળમાં ઘણા પુસ્તકો, નાટકો, નિબંધો, ટૂંકી વાર્તાઓ અને કવિતાઓ લખી છે. તેમના નાટકો, પુસ્તકો અને ટૂંકી વાર્તાઓ દ્વારા તેઓ લોકો ને ખોટા રિવાજોના નકારાત્મક પ્રભાવ વિશે કહેતા. રવિન્દ્રનાથ ટાગોર દ્વારા લખેલી ટૂંકી વાર્તાઓ 'કાબૂલીવાલા', 'ક્ષુદિત પશ્નન', 'અટોત્જુ', 'હેમંતી' અને 'મુસ્લિમનીર ગોલ્પો' ખૂબ પ્રખ્યાત છે. જ્યારે તેમના દ્વારા લખેલી નવલકથાઓ 'નૌકદૂબી', 'ગોરા', 'ચતુરંગા', 'ઘર બાયર' અને 'જોગજોગ' વિશ્વભરમાં પ્રખ્યાત છે. કવિતાઓ, નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓ લખવા ઉપરાંત, રવીન્દ્રનાથ ટાગોરને ગીતો લખવાનો પણ શોખ હતો અને તેમણે તેમના જીવનકાળ દરમિયાન કુલ ૨૨૩૦ ગીતો લખ્યા હતા.

રવીન્દ્રનાથ ટાગોરે લખેલી ગીતાંજલિ કવિતા માટે વર્ષ ૧૯૧૩ માં તેમને નોબેલ પુરસ્કાર મળ્યો. આ સાથે, તે ભારતીય મૂળ અને એશિયાના પ્રથમ વ્યક્તિ બન્યા, જેમને નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો. વર્ષ ૧૯૧૫ માં, તેમને બ્રિટીશરોએ 'સર' ની પદવી પણ આપી હતી. તેમનો પ્રકૃતિ પ્રેમપણ અદ્ભૂત હતો.રવિન્દ્રનાથે સાહિત્ય, સંગીત કલા અને શિક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ યોગદાન આપ્યું હતું. તેમને પ્રકૃતિનું સાનિધ્ય ખુબ પસંદ હતું. તેમનું માનવું હતું કે વિદ્યાર્થીઓએ પ્રકૃતિ પાસે રહીને શિક્ષણ મેળવવું જોઈએ. આ વિચારથી પ્રેરાઈને તેમણે શાંતિ નિકેતનની સ્થાપના કરી હતી.

તેઓ નાનપણથી દેશ અને વિદેશના સાહિત્ય, દર્શન, સંસ્કૃતિનું નજીકથી અધ્યયન કરતા હતા. તેઓ આધુનિક પરંતુ માનવતાવાદી વિચારો ધરાવતા વ્યક્તિ હતા. સાથે જ સ્વસ્થ પરંપરાઓમાં પણ તેઓ પૂર્ણ વિશ્વાસ ધરાવતા હતા. તેમના વિચારો તેમની રચનાઓમાં સ્પષ્ટ રીતે દેખાતા હતા. તેઓ વૈજ્ઞાનિક વિચારો પણ ધરાવતા હતા. વર્ષ ૧૯૩૪માં પ્રાકૃતિક આપદાને ગાંધીએ જ્યારે હરિજનો પ્રત્યે સદીઓથી થતા ખરાબ વર્તન સાથે જોડ્યું તો ગુરુદેવે તેનો ખુલીને વિરોધ કર્યો હતો. ટાગોર સાથે એક અનોખી સિદ્ધિ સંકળાયેલી છે. તેઓ એકમાત્ર કવિ છે જેમની રચનાઓને બે દેશોએ પોતાનું રાષ્ટ્રગીત બનાવ્યું છે. તેઓ જીવતા હતા ત્યારે આ અંગે ન જાણી શક્યા, કારણ કે ભારત અને બાંગ્લાદેશની આઝાદી પહેલા ૧૯૪૧માં જ તેમનું અવસાન થઈ ગયું હતું. શ્રીલંકાના રાષ્ટ્રીય ગીત 'શ્રીલંકા મથા' પણ ગુરુદેવની રચનાઓથી પ્રેરિત હોવાનું કહેવાય છે. આ રાષ્ટ્રીય ગીત લખનારા આનંદ સમરકૂન, શાંતિ નિકેતનમાં રવિન્દ્રનાથ ટાગોર પાસે રહેતા હતા અને તેમણે કહ્યું હતું કે તેઓ ટાગોર સ્કૂલ ઑફ પોએટ્રીથી ખૂબ પ્રભાવિત હતા.

ગુરુદેવની કવિતા ગીતાંજલિને વર્ષ ૧૯૧૩માં સાહિત્યનો નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. કદાચ આ જ કારણથી તેમને એક મહાન કવિ તરીકે વધુ યાદ કરવામાં આવે છે. જ્યારે સાહિત્યની કોઈ એવી શૈલી નથી, જેમાં તેમણે કામ ન કર્યું હોય. તેમની વાર્તા કાબૂલીવાલાને ખૂબ પસંદ કરવામાં આવે છે, જ્યારે વિવેચકો તેમની નવલકથા ગોરાને માસ્ટરપીસ માને છે. મહાત્મા ગાંધીએ રવિન્દ્રનાથ ટાગોરને ગુરુદેવ નામ આપ્યું, જ્યારે ગુરુદેવે ગાંધીજીને મહાત્મા નામ આપ્યું હતું. બંને એકબીજાને ખૂબ માન આપતા હતા. બંને વચ્ચે મતભેદો હોવા છતાં, આ સન્માન ક્યારેય ઘટ્યું નહીં. બાપુની સલાહથી શાંતિ નિકેતનમાં નાના નાના કામ નોકરો દ્વારા થતા બંધ કરાવી દેવાયા હતા. ગુરુદેવે ઘણી વખત ખુલ્લેઆમ બાપુ સાથેના પોતાનો વૈચારિક મતભેદ વ્યક્ત કર્યા હતા.

૮૦ વર્ષની જૈફ વયે ૭ ઓગસ્ટ ૧૯૪૧ ના રોજ કોલકાતા અને તે સમયના બ્રિટીશ ભારતમાં તેમનું અવસાન થયું....

**સંક્ષિપ્તમાં ટાગોરની જીવન ઝરમરઃ-**

૧) જલિયાંવાલા બાગ હત્યાકાંડ પછી, રવિન્દ્રનાથ ટાગોરે બ્રિટિશરો દ્વારા તેમને અપાયેલા 'સર' પદવીનો ત્યાગ કર્યો હતો અને હત્યાકાંડની કડક નિંદા કરી હતી.

૨) રવીન્દ્રનાથ ટાગોરે ભારત ઉપરાંત બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત લખ્યું છે. ભારતનું રાષ્ટ્રગીત "જન ગણ મન" છે જ્યારે બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત "અમર સોનાર" છે.

૩) રવીન્દ્રનાથ ટાગોર દ્વારા લખાયેલી ઘણી રચનાઓ જેમ કે ગીતાંજલિ, ગીતાલી, ગીતીમાલ્યા, શિશુ ભોલાનાથ, ઘીયા વગેરે પણ અંગ્રેજી ભાષામાં ભાષાંતર થયેલ છે.

૪) ગાંધીજીને સૌ પ્રથમ રવિન્દ્રનાથ ટાગોરે જ મહાત્મા તરીકે બોલાવ્યા હતા. જે પછી ગાંધીજીના નામની આગળ મહાત્મા ઉમેરવામાં આવ્યા.

## ન્યૂઝ બ્રિફ

### ભારતીય મહિલા કમ્પાઉન્ડ ટીમને વર્લ્ડ તિરંદાજીમાં ગોલ્ડ

। બર્લિન, તા.૬ ।

જર્મનીની રાજધાની બર્લિનમાં ચાલી રહેલી વર્લ્ડ તીરંદાજી ચેમ્પિયનશિપમાં ભારતની ટીમે ઈતિહાસ રચ્યો હતો. જ્યોતિ સુરેખા વેન્નમ, અદિતિ સ્વામી અને પરનીત કૌરની ભારતીય મહિલા કમ્પાઉન્ડ તીરંદાજી ટીમે મેક્સિકોને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો અને ભારત માટે ૪૨ વર્ષના દુષ્કાળનો અંત કર્યો હતો. આ જીતની સાથે જ ભારતે આ વર્લ્ડ કપમાં મેડલનું ખાતું ખોલ્યું હતું. વર્ષ ૧૯૮૧માં પુંટા અલા (ઈટાલી) ખાતે તીરંદાજી વર્લ્ડ ચેમ્પિયનશિપની શરૂઆત બાદ ભારતે પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીત્યો છે. ભારતે છેલ્લે નેધરલેન્ડ્સમાં યોજાયેલી ૨૦૧૯ તીરંદાજી વર્લ્ડ ચેમ્પિયનશિપ માં રિકર્વ કેટેગરીમાં મેડલ જીત્યો હતો. તરુણદીપ રાય, અતનુ દાસ અને પ્રવીણ જાધવની પુરુષ ટીમે સિલ્વર મેડલ જીત્યો હતો. ભારતીય મહિલા ટીમે ટોચની ક્રમાંકિત મેક્સિકોને એકતરફી ફાઈનલમાં ૨૩૫-૨૨૯થી હરાવી વિશ્વ તીરંદાજી ચેમ્પિયનશિપમાં દેશનો પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતે આ પહેલા સેમિફાઈનલમાં કોલંબિયાને અને ક્વાર્ટર ફાઈનલમાં ચાઈનીઝ તાઈપૈને હરાવ્યું હતું.

### તારક મહેતા...ની મુનમુન દત્તા મસ્જિદની મુલાકાત લેતા ટ્રોલ થઈ

। મુંબઈ, તા.૬ ।

જાણીતા લોકો કે સેલિબ્રિટીની પ્રાઈવસી હોય છે, પરંતુ લોકો મોટે ભાગે તેનું સન્માન કરતા નથી. અભિનેત્રી સારા અલી ખાન મંદીર જાય તો અમુકને વાંધો છે ત્યારે હવે એક ટીવી તારીકાના મસ્જિદ જવા સામે પણ અમુક લોકોને તકલીફ થઈ રહી છે. જોકે અભિનેત્રીએ આવા ટ્રોલ કરનારાઓની જવાબ આપી દીધો છે. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શોમાં 'બબિતાજી'ના રોલમાં જોવા મળી રહેલી મુનમુન દત્તા વેકેશન પર છે ત્યારે અબુ ધાબીની એક ફેમસ મસ્જિદની તેણે મુલાકાત લીધી હતી. મુનમુન દત્તા વેકેશનના મૂડમાં છે અને છેલ્લા કેટલાક સમયથી તે બેક ટુ બેક ટ્રિપ પ્લાન કરી રહી છે. પહેલા તે મમ્મી સાથે ધરતી પરના સ્વર્ગ કાશ્મીરની મુલાકાતે ગઈ હતી. ત્યાંથી આવ્યાના થોડા દિવસ બાદ તે દુબઈમાં છે અને અલગ-અલગ સ્થળોની મુલાકાત લઈ રહી છે. હાલમાં એક્ટ્રેસ આબુ ધાબીની પ્રખ્યાત મસ્જિદ ગઈ હતી. અહીંયા તેણે કેટલીક સુંદર તસવીરો ક્લિક કરાવી હતી, જે તેણે સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કરી હતી. આ વાત કેટલાક યૂઝર્સને પસંદ આવી નહોતી અને તેને ટ્રોલ કરતાં કેટલીક સલાહ પણ આપી હતી.



આર્જેન્ટિનાના સાન નિકોલસમાં ઇકો પાર્ક ખાતે "ધ યાગુઆરોન" તરીકે ઓળખાતા નવા ઉદ્‌ઘાટન કરાયેલ જંગલ જિમની આસપાસ મુલાકાતીઓ ભેગા થાય છે.

નૂહ હિંસા પર હરિયાણાના ગૃહમંત્રી અનિલ વિજનું નિવેદન

## નૂહ હિંસા પાછળ મોટો ગેમ પ્લાન છે : અનિલ વિજ

### હથિયારો ક્યાંથી આવ્યા? આ વાતની અમે તપાસ કરીશું, આ બધું એક યોજનાનો ભાગ હોવાનો રાજ્યના ગૃહમંત્રીનો દાવો

। ચંદિગઢ, તા.૬ ।

છેલ્લા કેટલાય દિવસથી નૂહ હિંસાની આગમાં તાપી રહ્યું છે. નૂહ હિંસા પર હરિયાણાના ગૃહમંત્રી અનિલ વિજનું નિવેદન સામે આવ્યું છે. તેણે કહ્યું કે, તેની પાછળ મોટો ગેમ પ્લાન છે. લોકો હાથમાં લાકડીઓ લઈને મંદિરોની બાજુમાં આવેલી ટેકરીઓ પર ચઢી ગયા અને પ્રવેશના સ્થળોએ ભેગા થયા. આ બધું યોગ્ય આયોજન વિના શક્ય નથી. નૂહમાં થયેલી હિંસામાં ગોળીઓ ચલાવવામાં આવી હતી, આગ લગાડવામાં આવી હતી અને કેટલાક લોકોએ હથિયારોની પણ વ્યવસ્થા કરી હતી. શું તેઓને મફતમાં વહેંચવામાં આવી રહ્યા હતા? કોઈએ તો આ મામલે તેમને મદદ કરી હ હશે. હથિયારો ક્યાંથી આવ્યા? આ વાતની અમે ઊંડાણપૂર્વ તપાસ કરીશું. આ બધું એક યોજનાનો ભાગ છે. સંપૂર્ણ તપાસ કર્યા વિના, ટૂંક સમયમાં અમે નિષ્કર્ષ પર જઈશું નહીં. તેમણે કહ્યું કે, પરિસ્થિતિ સુધર્યા બાદ ઈન્ટરનેટ સેવાઓ પુનઃસ્થાપિત કરવામાં આવશે.

પૂર્વી ચીનનું હાંગઝૂ પ્રાણીસંગ્રહાલયનો વિવાદ

## યુકેના પ્રાણીસંગ્રહાલયમાં માણસ જેવું રીંછ જોવા મળ્યું

### પેરેડાઈઝ વાઈલ્ડલાઈફ પાર્કે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યુ, અમે પુષ્ટિ કરી શકીએ છીએ કે કાયરા એક સન બિયર છે

। લંડન, તા.૬ ।

સોશિયલ મીડિયા પર 'માણસ જેવા રીંછ'નો એક વીડિયો વાયરલ થયા બાદ પૂર્વી ચીનનું હાંગઝૂ પ્રાણીસંગ્રહાલય વિવાદોમાં આવ્યુ છે. ત્યારથી પ્રાણીસંગ્રહાલયે આ આરોપોને ફગાવ્યા છે કે રીંછ વેશભૂષા પહેરેલુ નથી, પરંતુ તે અસલી રીંછ છે. હવે યુકેના પેરેડાઈઝ વાઈલ્ડલાઈફ પાર્કએ પોતાના પ્રાણીસંગ્રહાલયમાંથી આવા જ દેખાતા રીંછનો વીડિયો શેર કર્યો છે. પેરેડાઈઝ વાઈલ્ડલાઈફ પાર્કે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યુ, અમે પુષ્ટિ કરી શકીએ છીએ કે કાયરા એક સન બિયર છે. પ્રાણીસંગ્રહાલયે જે વીડિયો શેર કર્યો છે, તેમાં તમે માનવી જેવા દેખાતા રીંછને નજીકથી જોઈ શકો છો. ક્લિપની શરૂઆતમાં કાયરાને બગીચા જેવા વિસ્તારમાં ફરતુ જોવામાં આવે છે. આ પોસ્ટને ૧ ઓગસ્ટે શેર કરવામાં આવી હતી. પોસ્ટ કર્યા બાદથી આને ૩૪ હજારથી વધુ વખત લાઈક કરવામાં આવી ચૂકી છે. જેની પર ઘણી કમેન્ટ પણ આવી છે.

તારક મહેતાના અભિનેતાએ નિર્માતા સામે કેસ કર્યો હતો

## શૈલેષ લોઢા બાકી રકમની વસૂલાતનો આસિત મોદી સામેનો કેસ જીતી ગયા

### સિરિયલના અભિનેતા શૈલેષ લોઢાએ આ વિશે કહ્યું કે તે આ નિર્ણયથી ખુશ છે અને એનસીએલટીનો આભારી છે

। મુંબઈ, તા.૬ ।

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટીવીનો સૌથી લોકપ્રિય શો છે. જો કે ઘણા સમયથી આ શો વિવાદોમાં ઘેરાયેલું છે. શો છોડી ચૂકેલા ઘણા કલાકારોએ મેકર્સ પર ઘણા આરોપો લગાવ્યા છે. આ ઉપરાંત શોમાં ૧૪ વર્ષ સુધી તારક મહેતાની ભૂમિકા ભજવનાર શૈલેષ લોઢાએ પણ બાકી ચૂકવણી ન કરવા બદલ નિર્માતાઓ સામે કેસ દાખલ કર્યો હતો. મળેલા અહેવાલ અનુસાર શૈલેષ લોઢા આ કેસ જીતી ગયા છે. મળેલા અહેવાલ અનુસાર તારક મહેતા શોના નિર્માતાઓ વિરુદ્ધ શૈલેષ લોઢા દ્વારા દાખલ કરાયેલ કેસનો નિર્ણય આ વર્ષની શરૂઆતમાં મે મહિનામાં આવ્યો હતો. એક અહેવાલ મુજબ એગ્રીમેન્ટની શરતો મુજબ શોના મેકર આસિત મોદી દ્વારા ડિમાન્ડ ડ્રાફ્ટથી શૈલેષને ૧,૦૫,૮૪,૦૦૦ રૂપિયાની રકમ ચૂકવવામાં આવી રહી છે. શૈલેષે એપ્રિલ ૨૦૨૨માં શો છોડી દીધું હતું અને આ વર્ષની શરૂઆતમાં તેણે તેના વર્ષનાં બાકી લેણાંની ચુકવણી માટે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (એનસીએલટી)નો સંપર્ક કર્યો હતો. નાદારી અને નાદારી સંહિતાની કલમ ૯ હેઠળ મામલાની સુનાવણી વર્ચ્યુઅલ સુનાવણી દ્વારા કરવામાં આવી હતી અને ૫ ક્ષકારોના વકીલ દ્વારા સંમત થયેલી શરતો અનુસાર પક્ષકારો વચ્ચે સમાધાન થયું હતું. મળેલા અહેવાલ મુજબ શૈલેષે આ વિશે કહ્યું કે તે આ નિર્ણયથી ખુશ છે અને એનસીએલટીનો આભારી છે. તેણે કહ્યું, "આ લડાઈ ક્યારેય પૈસા માટે નહોતી. તે ન્યાય અને સ્વાભિમાનની શોધ વિશે હતું. મને લાગે છે કે મેં યુદ્ધ જીત્યું છે અને હું ખુશ છું કે સત્યની જીત થઈ છે. શૈલેષે ક્યારેય શો છોડવા વિશે વિગતવાર વાત નથી કરી. શૈલેષે કહ્યું, "તેઓ મારા લેણાં ચૂકવવા માટે કેટલાક કાગળો પર સહી કરાવવા માંગતા હતા. તેમના કેટલાંક ક્લોઝ હતા જેમ કે તમે મીડિયા સાથે વાત કરી શકતા નથી વગેર વગેરે. પણ મારા પૈસા મેળવવા માટે હું કોઈ કાગળો પર શા માટે સહી કરીશ?"

૩૭૦મી કલમ નાબૂદીની ચોથી વર્ષગાંઠ

## કાશ્મીરમાં પીડીપીના ચીફ મહેબૂબા મુફ્તી નજરકેદ

### પોલીસે દરોડા પાડ્યા, પીડીપીના ઘણા નેતાઓને બંધ કરી દીધા હોવાનો કાશ્મીરનાં પૂર્વ મુખ્યપ્રધાનનો દાવો

। જમ્મુ, તા.૫ ।

જમ્મુ અને કાશ્મીરમાં અનુચ્છેદ ૩૭૦ નાબૂદ કરવાની ચોથી વર્ષગાંઠ પર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સુરક્ષા કડક કરવામાં આવી છે. દરમિયાન પીડીપી ચીફ અને પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીએ દાવો કર્યો છે કે, તેમની સાથે અન્ય ઘણા નેતાઓને નજરકેદ કરવામાં આવ્યા છે. તેમણે ટ્વીટ કર્યું, 'પીડીપીના અન્ય સીનીયર નેતાઓ સાથે અમને નજરકેદ કરવામાં આવ્યા છે. પોલીસે રાત્રે દરોડા પાડ્યા અને અમારા ઘણા નેતાઓને પોલીસ સ્ટેશનમાં બંધ કરી દીધા. જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય થઈ ગઈ હોવાનો ભારત સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલો દાવો ખોટો છે. મહેબૂબા મુફ્તીએ ટ્વીટની સાથે બે તસવીરો પણ શેર કરી છે જેમાં ગેટ પરનું તાળું જોઈ શકાય છે. મહેબૂબા મુફ્તીની પાર્ટી પીડીપીએ આ અવસર પર સેમિનારનુંઆયોજન કરવાની મંજૂરી માંગી હતી.

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ

## દક્ષિણ ભારતના કેટલાક રાજ્યોમાં તોફાનની શક્યતા

### પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે, દેશના બાકીના ભાગોમાં વીજળી પડવાની સંભાવના

। નવી દિલ્હી, તા.૫ ।

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દેશના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપ રાંત દક્ષિણ ભારતના કેટલાક રાજ્યોમાં તોફાનની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે. પહાડી રાજ્યો ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ મુશળધાર વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે. દેશના બાકીના ભાગોમાં વીજળી પ ડવાની સંભાવના છે.આ ઉપરાંત અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પંજાબ, હિમાચલ પ્રદેશ, પૂર્વ રાજસ્થાન અને રાજસ્થાનમાં વિવિધ સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. મધ્યપ્રદેશમાં વરસાદની શક્યતા છે.

## તોશાખાના કેસમાં ઈમરાન ખાનને 3 વર્ષની જેલની સજા

### એક લાખ રૂપિયાનો દંડ, તે આગામી ૫ વર્ષ સુધી ચૂંટણી લડી શકશે નહીં, ઈમરાન ખાનને જેલ ભેગા કરાયા

। કરાંચી, તા.૬ ।



પાકિસ્તાનના પૂર્વ પીએમ ઈમરાન ખાનની મુશ્કેલીઓમાં વધારો થયો છે. તોશાખાના કેસમાં કોર્ટે ઈમરાનને ૩ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે તેમજ એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. ઈમરાનની પાર્ટી પીટીઆઈએ દાવો કર્યો છે કે, ઈમરાનની ધરપકડ કરવામાં આવી છે. કોર્ટના નિર્ણય બાદ ઈમરાનની રાજકીય કારકિર્દી મુશ્કેલીમાં છે. તે આગામી ૫ વર્ષ સુધી ચૂંટણી લડી શકશે નહીં. ઈસ્લામાબાદ પોલીસે ઈમરાન વિરુદ્ધ ધરપડ વોરંટ જાહેર કર્યું હતું.

## વિશેષ

ઈસરોએ વધુ એક મોટી સફળતા હાંસલ કરી લીધી છે.

# ઈસરો નું ચંદ્રયાન -3 મિશન ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું

### હાલ ચંદ્રયાન લગભગ ૧૬૬ કિમી ટ ૧૮ હજાર કિમીની ભ્રમણકક્ષામાં યાત્રા કરી રહ્યું છે.

ભારતનું ત્રીજું માનવરહિત ચંદ્રયાન-૩ પૃથ્વીની ભ્રમણકક્ષા છોડીને ચંદ્રની ભ્રમણકક્ષામાં પહોંચ્યું ગયું છે.ચંદ્રયાન-૩એ ચંદ્રની ઓર્બિટ પકડી લીધી છે.એટલે કે હવે

ચંદ્રયાન-૩ પૃથ્વીની ભ્રમણકક્ષા છોડીને ચંદ્રની ભ્રમણ કક્ષામાં પ્રવેશી ચૂક્યું છે. હાલ ચંદ્રયાન લગભગ ૧૬૬ કિમી ટ ૧૮ હજાર કિમીની ભ્રમણકક્ષામાં યાત્રા કરી રહ્યું છે.ઈસરોએ કહ્યું છે કે, અત્યાર સુધી બધું બરાબર ચાલી રહ્યું છે, ચંદ્રયાન અનુમાન મુજબ જ આગળ વધી રહ્યું છે.

ચંદ્રની ભ્રમણકક્ષામાં પહોંચ્યા બાદ આ વાહને ઈસરોને પહેલો સંદેશ પણ મોકલ્યો હતો.ચંદ્રયાન-૩ એ બેંગલુરુના સ્પેસ યુનિટમાંથી ઈસરોને સંદેશ મોકલ્યો છે કે -'મને ચંદ્રનું ગુરુત્વાકર્ષણ લાગે છે.'

ISRO એ સેટેલાઈટથી મળેલો સંદેશ તેના કેન્દ્રો સાથે શેર કર્યો, જેમાં લખ્યું હતું, 'MOX, ISTRAC, આ ચંદ્રયાન-૩ છે'. હું ચંદ્રનું ગુરુત્વાકર્ષણ અનુભવું છું. તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'ચંદ્રયાન-૩ને સફળતાપૂર્વક ચંદ્રની ભ્રમણકક્ષામાં પ્રવેશી ચૂક્યું છે.

૫ ઓગસ્ટથી ૧૭ ઓગસ્ટની વચ્ચે ચંદ્રયાન-૩ ચંદ્રની ભ્રમણકક્ષામાં ધીરે ધીરે આગળ વધશે અને ચંદ્રની સપાટીની નજીક પહોંચવાનો પ્રયાસ કરશે. ૧૭ ઓગસ્ટે ચંદ્રયાન-૩ લગભગ ૧૦૦ કિલોમીટરની ભ્રમણકક્ષામાં આવશે. તો, પ્રોપ લ્શન મોડલ અને લેન્ડર મોડલ એકબીજા સાથે



જોડવામાં આવશે. આ પછી, ૧૮ થી ૨૦ ઓગસ્ટ સુધી, લેન્ડર મોડલ તેની ગતિ ઘટાડશે અને ડી-ઓર્બિટ કરવાનો પ્રયાસ કરશે. આ પછી ચંદ્રયાન-૩ ૧૦૦×૩૦ કિમીની ભ્રમણકક્ષામાં પહોંચશે. જો ચંદ્રયાન-૩ આ તમામ સ્તરોને પાર કરી લેશે તો ૨૩ ઓગસ્ટે સાંજે ૫:૪૫ કલાકે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડ કરવાનો પ્રયાસ કરશે.

ચંદ્રયાન-૩અત્યારસુધીમાં તે ચંદ્રના બે તૃતીયાંશથી વધુ અંતરને કવર કરી ચૂક્યું છે. ચંદ્રયાનની આગળની યાત્રામાં ૧૮ દિવસ બાકી છે અને તે ખૂબ જ પડકારજનક પણ છે

આ પછી આગામી મોટો દિવસ ૧૭મી ઓગસ્ટનો હશે. જ્યારે ચંદ્રયાન-૩ પ્રોપલ્શન અને લેન્ડર મોડ્યુલ અલગ થશે. આ પછી માત્ર લેન્ડિંગ જ બાકી રહેશે.

ઈસરોએ જણાવ્યું કે અમારું આગામી મિશન રવિવારે રાત્રે ૧૧ વાગ્યે શરૂ થશે

અંતર્ગત ચંદ્રયાન-૩ની ભ્રમણકક્ષા ઘટાડવામાં આવશે. રવિવારની આ પ્રક્રિયા કવાયત પછી, ૧૭ ઓગસ્ટ સુધી વધુ ત્રણ ઓપરેશન થશે, ત્યારબાદ રોવર પ્રજ્ઞાન સાથેના લેન્ડિંગ મોડ્યુલને વિક્રમ વાહનના પ્રોપલ્શન મોડ્યુલથી અલગ કરવામાં આવશે. આ પછી, લેન્ડર પર ડી-ઓર્બિટ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે

હવે ચંદ્રયાન-૩ ચંદ્રની ચારેબાજુએ ૧૬૬૪્રસ ટ ૧૮૦૫૪ કિલોમીટરની ઈંડાકાર કક્ષામાં ચક્કર લગાવશે. ઈસરોએ ચંદ્રયાન-૩ને ચંદ્રના ઓર્બિટ પકડવા માટે આશરે ૨૦થી ૨૫ મિનીટ સુધી થ્રસ્ટર્સ ઓન રાખ્યું હતું.હવે તે તેની ચારેકોર ચક્કર લગાવતો રહેશે.

ચંદ્રની ચારેબાજુ પાંચ ઓર્બિટ બદલાશે. આજ પછી ૬ ઓગસ્ટની રાતે ૧૧ની આજુબાજુ ચંદ્રયાનની ઓર્બિટને ૧૦થી ૧૨ હજાર કિલોમીટરની ઓર્બિટમાં મૂકવામાં આવશે.

ત્યારબાદ ૯ ઓગસ્ટનાં બપોરે પોણા બે વાગ્યાની આસપાસ તેની ભ્રમણકક્ષા (ઓર્બિટ) માં ફેરફાર કરીને ૪થી ૫ હજાર કિલોમીટરની ઓર્બિટમાં મૂકવામાં આવશે. એ પછી

૧૪ ઓગસ્ટનાં રોજ તેને ઘટાડીને ૧૦૦૦ કિલોમીટર કરવામાં આવશે. પાંચમી ઓર્બિટ મેન્યૂવરમાં તેને ૧૦૦ કિલોમીટરની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે.જયારે

૧૭ ઓગસ્ટનાં રોજ પ્રોપલ્શન મોડ્યુલ અને લેન્ડર મોડ્યુલ અલગ થશે.તો

૧૮ અને ૨૦ ઓગસ્ટે ડિઓર્બિટીંગ થશે. એટલે કે ચંદ્રની ઓર્બિટનું અંતર ઘટશે. લેન્ડર મોડ્યુલ ૧૦૦ ટ ૩૫ KMની ભ્રમણકક્ષા (ઓર્બિટ) માં જશે.એ પછી

૨૩ ઓગસ્ટ, ૨૦૨૩નાં સાંજે ૫.૪૭ કલાકે ચંદ્રયાનનું લેન્ડિંગ થશે. આ વખતે ગઈ વખત જેવી ભૂલ નહીં થાય. ચંદ્રયાન-૩એ પોતે જ ટ્વીટ કરીને મૂન મિશનનું અપડેટ આપ્યું છે.

**-ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરશે લેન્ડર અને રોવર:**

ચંદ્રયાન-૩માં ત્રણ મહત્વનાં સાધનો રાખ્યા છે ૧)લેન્ડર, ૨)રોવર અને ૩)પ્રોપલ્શન મોડ્યુલ છે.

લેન્ડર અને રોવર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરશે અને ત્યાં ૧૪ દિવસ સુધી પ્રયોગો કરશે. પ્રોપલ્શન મોડ્યુલ ચંદ્રની ભ્રમણકક્ષામાં રહીને પૃથ્વી પરથી આવતા રેડિયેશનનો અભ્યાસ કરશે. જયારે પ્રોપ લ્શન મોડ્યુલ ચંદ્રની ભ્રમણકક્ષામાં રહીને પૃથ્વી પરથી આવતા રેડિયેશનનો અભ્યાસ કરશે. આ મિશન દ્વારા ISRO એ શોધી કાઢશે કે ચંદ્રની સપ ાટી પર ભૂકંપ કેવી રીતે આવે છે. તે ચંદ્રની જમીનનો પણ અભ્યાસ કરશે.

આજે દેશ અને દુનિયા ચન્દ્રયાન -૩નાં દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગની આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યાં છે.

## તંત્રી લેખ...

# કાશ્મીર ખીણની હકીકત

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ સ્થિતી ધીમે ધીમે સુધરી રહી છે પરંતુ હજુ પણ એટલી સફળતા મળી નથી જેટલી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ત્રાસવાદીઓની સામે ઓપરેશન ઓલઆઉટ હજુ જારી છે. જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકો સંતુષ્ટ છે. સાથે સાથે જનજીવન પહેલા કરતા સામાન્ય બન્યુ છે. પહેલા થતી દરરોજની પથ્થરબાજીની ઘટના હવે બની રહી નથી પરંતુ બનાવો તો હજુ પણ બની રહ્યા છે. જેથી લોકોમાં વધારે વિશ્વાસ જગાવવા માટેની જરૂર દેખાઈ રહી છે. કેન્દ્ર સરકાર ચોક્કસપણે આ દિશામાં આગળ વધતી નજરે પડી રહી છે પરંતુ કટ્ટરપંથીઓ અને હિંસક તત્વો પર બાજ નજર રાખવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. કારણ કે આવા તત્વોના કારણે સામાન્ય લોકોની પરેશાની વધી રહી છે. લાંબા સમયથી ત્રાસવાદી હિંસા અને અશાંતિના પરિણામસ્વરૂપે સામાન્ય લોકોની સાથે સાથે પ્રવાસીઓ પણ સતત મુશ્કેલી અનુભવ કરે છે. જરૂર લાંબા સમયથી દહેશતનો સામનો કરી રહેલા જમ્મુ કાશ્મીરમાં સળગી રહેલી આગને શાંત કરવા માટેની રહેલી છે. લોકશાહી રીતે સરકાર ચૂંટી કાઢવા માટેની પણ બાબત જરૂરી બની છે. ક્યારેક ક્યારેક સંકેતોમાં આપવામાં આપવામાં આવેલા નિવેદનના કારણે પણ સીધી માર કરે છે. જમ્મુ કાશ્મીરના રાજ્યપાલના નિવેદનને લઈને પણ આવુ જ બન્યુ છે. ભ્રષ્ટાચારના કારણે આ પ્રકારના સ્થિતી સર્જાઈ ગઈ છ. રાજ્યપાલ તરીકેની કેટલીક બંધારણીય મર્યાદા પણ રહેલી છે. પરંતુ જ્યારે તેઓ કહે છે કે કાશ્મીરમાં ખુબ વધારે રાજનેતા અને ટોપ અધિકારીઓ છે અને આ લોકો ભ્રષ્ટાચારમાં ડુબેલા છે તો ચિંતા વધી જાય તે સ્વાભાવિક છે. રાજકીય લોકો માટે ટિકા ટિપ્પણી માટે અલગ અલગ અભિપ્રાય હોઈ શકે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં કાશ્મીરમાં જે સ્થિતી સર્જાઈ છે તેના માટે જવાબદાર કોણ છે તેના પર વિચારણા કરવાની બાબત વધારે જરૂરી છે. રાજ્યપાલે જે કઈ પણ કહ્યુ તેમાં એક હદ સુધી વાસ્તવિકતા પણ છે. પડોશી દેશ પાકિસ્તાનની ભાષા બોલનાર કાશ્મીરના કેટલાક રાજનેતા જ્યારે ત્રાસવાદીઓની તરફેણ કરવા માટે મેદાનમાં ઉતરે છે ત્યારે તેમના અસલી ચહેરા પણ સપાટી પર આવી જાય છે. એકબાજુ આવા નેતાઓ અને અધિકારીઓ શાંતિ સ્થાપિત કરવાની વાત કરે છે જ્યારે બીજી બાજુ આ લોકો નિષ્પક્ષ ચૂંટણી ન થાય તેવા પ્રયાસ પણ કરે છે. છેલ્લા વર્ષોમાં અમે જોઈ ચુક્યા છીએ કે માત્ર દસ ટકા વોટ હાંસલ કરનાર પણ કાશ્મીરમાંથી સંસદમાં પહોંચી રહ્યા છે. જ્યારે પણ કાશ્મીરમાં ત્રાસવાદને કચડી નાંખવા માટેના પ્રયાસ કરવામાં આવે છે ત્યારે માનવ અધિકારના મુદ્દાને ઉઠાવીને અડચણો ઉભી કરવાના પ્રયાસ કરવામાં આવે છે. ભ્રષ્ટાચારના મામલામાં જ્યારે રાજનેતાઓ અને ટોપ અધિકારીઓના નામ આવે છે ત્યારે લાગે છે કે રાજયપાલે કોઈ વાત ખોટી કરી નથી. પરંતુ કોઈને ગોળી મારી દેવાની બાબત પણ હિંસાને પ્રોત્સાહન આપે છે. કેન્દ્ર સરકાર તમામને સાથે રાખીને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણીની તૈયારી પણ કરવી જોઈએ.

# વ્હુ ઈઝ રામ? ને વ્હુ ઈઝ રાવણ ? આવા સવાલો ના સાચાં જવાબ માટે રામાયણની ફરી નવા મુલ્યો સાથે મુલવણી કરવી પડશે.



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)




હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. યુગ ગમે તે હોય પરંતુ માનવીની માનસિકતા બરાબર ન હોય તો, તેની બુદ્ધિ તેની પાસે ખોટા કામ કરાવે છે. દરેક વખતે એવું જરૂરી નથી હોતું કે કોઈ વસ્તુનો અભાવ કે વ્યક્તિના વિશ્વાસઘાતને કારણે જ માનવી વિકૃત બને છે. ઘણીવાર તો પુષ્કળ એશ્વર્ય અને અપાર પ્રેમ પણ ભૂલ કરાવે છે,જેમકે રામાયણમાં કૈકેયીને ક્યાં ધનની કમી હતી,કે પતિએ વિશ્વાસઘાત કર્યો હતો! રાજા દશરથ એક સૂર્યવંશી પ્રખર બુદ્ધિશાળી રાજા હતાં, અને છતાં તે એક સ્ત્રીની સુંદરતાનું હથિયાર બન્યા. જ્યારે કૌશલ્યા એક આદર્શ સ્ત્રી, માતા, અને પટરાણી તરીકે સંસ્કારનેં નામે પોતાની સાથે થયેલા અન્યાયને સહન કરી ગયાં. ઘણીવાર આ બધું ઉપરછલ્લું જોઈએ તો એવું લાગે કે ૯૦૦૦ વર્ષ પહેલા પણ સમાજની માનસિકતા આવી હતી, અને આજે પણ આવી જ છે! એમાં કંઈ બહુ ફેર નથી પડ્યો. પરંતુ એક વાતની નોંધ લેવી પડે અને એ છે ભગવાન પ્રભુ શ્રી રામનું ચરિત્ર, કે જે માત્ર ને માત્ર લોકકલ્યાણ માટે જન્મ્યાં હતાં. આજે ૯૦૦૦ વર્ષ પછી પણ ભગવાન શ્રીરામની એટલી જ લોકપ્રિયતા છે, અને હિન્દુ રાષ્ટ્ર માટે જયશ્રીરામનો નારો પણ પ્રચલિત છે. કોઈપણ કહાની કે વાર્તા હોય એમાં જો કોઈની હીરોની ઈમેજ ઊભી કરવી હોય તો, કોઈને કોઈ વિલન દર્શાવવું પડે, માટે પ્રભુ શ્રી રામની બીજી માતા કૈકેયી વિશે થોડી વાત કરીશું.

રાજા દશરથની માનીતી રાણી તરીકે સુપ્રસિદ્ધ એવાં કૈકેયી એ ખૂબ જ બુદ્ધિશાળી અને સારા યોદ્ધા હતાં, અને માટે જ એ માનીતી રાણી બન્યા એમ પણ કહી શકાય. આમ તો રાણી કૈકેયીનું ચરિત્ર રામાયણમાં વિલનની ભૂમિકા માટે પ્રખ્યાત છે, અને તેનું નામ પડતાં જ લોકોના મોઢા બગડે છે. સૌ કોઈ વિચારે છે કે આવી તે કોઈ મા હોય? કે પછી સ્ત્રી હોય? પરંતુ આ તો એક અવતાર લીલા છે, અને અહીં પ્રભુની લીલા માટે ભલભલાની બુદ્ધિ ભ્રમિત કરી અને લીલા કર્મ કરવા આવ્યા હતાં. પરંતુ રાજા દશરથના આ રાણીનો ઈતિહાસ પણ આની માટે થોડો કારણરૂપ છે. કૈકેયા દેશના રાજા અશ્વપતિની પુત્રી એટલે રાણી કૈકેયી. રાજા અશ્વપતિએ કૈકેયીના જન્મ પછી એની માતાનો પુત્રને જન્મ આપી શકી નહીં, માટે ત્યાગ કર્યો હતો, અને આ રીતે કૈકેયીનો ઉછેર મા વગર થયો હતો. રાજા અશ્વપતિએ તેના ઉછેર માટે મંથરા નામની દાસી રાખી હતી. એકવાર રાજા દશરથ અશ્વ પતિના મહેલમાં મહેમાન બન્યાં. સ્વાભાવિક રીતેજ દશરથની લોકપ્રિયતા અને પ્રસિદ્ધિ વધુ હોવાથી રાજા અશ્વપતિનાં મહેલમાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું, અને તેની સરભરામાં ખુદ કૈકેયી પણ સામેલ હતાં. રાજા દશરથ તેની બુદ્ધિ પ્રતિભા, તેમજ સુંદરતાથી આકર્ષિત થઈ ગયાં, અને તેમણે ત્યાં જ વિવાહનો પ્રસ્તાવ રાખ્યો. પરંતુ અશ્વપતિએ રાજા વિવાહિત હોવાથી લગ્નનો પ્રસ્તાવ નામંજૂર કર્યો, પરંતુ બાદમાં કહ્યું કે જો મારી પુત્રીના પુત્રને જ રાજગાદી મળે એવું વચન રાજા આપે, તો જ લગ્ન થઈ શકે. રાજા દશરથ એ પણ રાણી કૌશલ્યાને કોઈ પુત્ર ન હોવાથી વચન આપી દીધું, અને આમ કૈકેયી રાજા દશરથના માનીતી રાણી બન્યાં. પરંતુ વિધિના ખેલ જુઓ રાણી કૈકેયીને પણ પુત્ર થયો નહીં, અને રાજા દશરથ એ પુત્ર માટે સુમિત્રા સાથે ત્રીજા લગ્ન કર્યા, પણ અફસોસ તોય રાજા દશરથને પુત્ર પ્રાપ્તિ થઈ નહીં. પરબ્રહ્મ તરીકે શ્રી રામને ન જોઈએ તો રાજા દશરથની પુત્ર ઘેલછાને કારણે જ આવું બધું થયું એવું પણ કહી શકાય! ખેર રાણી કૈકેયી તો પતિની માનીતી રાણી બની પિતાનું આ વચન ભૂલી ગયા હતાં, તેને મન ભરત તથા રામમાં કોઈ ભેદ હતો નહીં, તે કૌશલ્યાના પુત્ર રામને પણ અતિ પ્રેમ કરતા હતાં, અને તેના રાજ્યાભિષેકથી અતિ પ્રસન્ન હતાં. પરંતુ રામનો રાજ્યાભિષેક થઈ જાય તો, એ સમયનાં સમાજના નાનામાં નાના માણસ સુધી ભગવાન કઈ રીતે પહોંચી શકે? માત્ર અયોધ્યાની પ્રજા પ્રભુ શ્રીરામના દર્શનનો લાભ લઈ શકે, અને રાવણ જેવા દાનવનું મૃત્યુ પણ કંઈ રીતે શક્ય બને??માટે મંથરાની બુદ્ધિ ભ્રમિત થઈ, અને તેણે રાણી કૈકેયીને ચડાવી. એકવાર સરભંગ નામના દાનવથી ઈન્દ્રલોક અસુરક્ષિત હતું, ત્યારે રાજા દશરથ ઈન્દ્રની સહાય કરવા યુદ્ધમાં ભાગ લીધો હતો, અને ત્યારે યુદ્ધમાં સાથે ગયેલા રાણી કૈકેયી એ રથનું પૈડું નીકળી જતા પોતાની આંગળી નાખી રથને તૂટતાં બચાવ્યો,અને રાજા દશરથ યુદ્ધમાં વિજયી બન્યા,ત્યારે તેમની વ્યવહાર કુશળતાથી પ્રભાવિત થઈને એમણે બે વરદાન આપ્યા હતાં, જે રામના રાજ્યાભિષેક વખતે દાસી મંથરાની ચડામણીથી એમણે માગ્યા, કે પોતાના પુત્ર ભરતને રાજગાદી,અને કૌશલ્યા પુત્ર રામને ચૌદ વર્ષનો વનવાસ! જેને કારણે પ્રભુ શ્રી રામ પોતાનું અવતાર કાર્ય કરી શક્યા. આમ આ રામાયણના આખા કથાનકથી લગભગ સૌ કોઈ પરિચિત છે, પરંતુ રાણી કૈકેયી એ ભરત જેવા સંતની માતા પણ છે,એ પણ યાદ રાખવું ઘટે. પ્રભુ શ્રીરામ તો પિતાની આજ્ઞા અનુસાર ચૌદ વરસ વનમાં રહ્યા પરંતુ ભરત તો કોઈપણનાં વચનને કારણે બંધાયેલા નહોતાં, છતાં પણ તેમણે ૧૪ વર્ષ સુધી નંદીગ્રામમાં તપસ્વી વેશે અને તપસ્વી જેવું જીવન વિતાવ્યું, એ ખરેખર બહુ મોટી વાત છે. આમ જુવો તો આ બે વરદાન માગવા સિવાય રાણી કૈકેયી વિરુદ્ધ એક પણ પુરાવો વિલનનો રામાયણ માંથી પ્રાપ્ત થતો નથી. પુત્ર પ્રેમ કે મમતા વશ થઈને આવું કેટલીયે સ્ત્રીઓ સમાજમાં કરતી હોય છે,એ બધાં વિશે કંઈ લખાતું નથી,કે સમાજ આજ સુધી યાદ કરે એવું થતું નથી. રાણી કૈકેયીને લોકો એના બીજા લક્ષણોથી પણ યાદ કરે છે, એટલે ચરિત્રની સિદ્ધતા ને શુદ્ધતા તો ખરી જ એમાં કેમ ના પાડી શકાય! પણ એક વાત બીજી પણ અહીં સ્પષ્ટ કરવી રહી કે, કોઈ પણ વ્યક્તિ ગમે તેટલો સફળ સિદ્ધ અને બુદ્ધિશાળી કેમ ન હોય, જો બુદ્ધિ નિર્મળ ન હોય તો ગમે ત્યારે કોઈની વાતમાં આવી જઈને ગમે તે કાર્ય કરી શકે, એવું આ પરથી સ્પષ્ટ પણે ફલિત થાય છે. એટલે આમ જુઓ તો રાણી કૈકેયીનો કોઈ દોષ નથી, અને ખુદ એનો પુત્ર ભરત પણ તેની મમતાને સમજી શક્યો નહીં. પરંતુ પ્રભુ શ્રી રામ આ બંને વાત જાણતા હતા,એક તો પોતાના કાર્ય માટે આ ઘટના ઘટી,અને બીજું કંઈ માતા એવું ન ઈચ્છે કે પોતાના પુત્રને બધું મળે! માટે એમણે તેને સદાય પ્રથમ માન સન્માન આપ્યું, અને આ રીતે તેણે પોતાની માતાનાં સંસ્કાર પણ દર્શાવ્યા. યુગ ગમે તે હોય પણ સંસ્કાર હોવા બહુ જરૂરી છે,જો સંસ્કાર ન હોય તો જીવન બરબાદ કરી નાખે છે. સંસ્કૃતિ ગત પ્રણાલી પેઢી દર પેઢી આગળ લઈ જાય તેને સંસ્કાર કહેવામાં આવે છે, અને એ રીતે જોઈએ તો આજે હિન્દુ સંસ્કૃતિનુ ધોવાણ થઈ રહ્યું છે, કોઈને પોતાની સંસ્કૃતિના મૂળ યાદ નથી.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

## સમાજમાં હિંસા કેમ વધી રહી છે

ભારતીય સમાજમાં હિંસા સતત વધી રહી છે જેના કારણે સરકારની સાથે સાથે દેશના જુદા જુદા વર્ગના બુદ્ધિજીવી લોકો પણ ચિંતાતુર બનેલા છે. ભારતીય સમાજમાં વધી રહેલી સામૂહિક હિંસાને ધ્યાનમાં લઈને સ્થિતીનુ મુલ્યાંકન કરવામાં આવે તે જરૂરી છે. જેના કારણે સમાજમાં હિંસાની ઘટના બની રહી છે તેમાં તપાસ કરવા અને ધ્યાન આપવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. ક્યારેય ગૌરક્ષાના નામે, ક્યારેય રાષ્ટ્રવાદના નામે, ક્યારેક વિચારધારાના નામ પર સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. બાળક ચોરીના નામ પર પણ સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. આ હિંસા અફવાઓના આધાર પર નિર્દોષ લોકો પર કરવામાં આવેલી હિંસાના રૂપમાં પ્રગટ થાય છે. ક્યારેય જાતિગત અને ક્યારેય સાંપ્રદાયિકતાને લઈને આ પ્રકારના બનાવો બનતા રહે છે. સોશિયલ મીડિયા, અફવા અન સામાન્ય રીતે રાજનીતિમાં પણ વધતા આ રોગના કારણે સામૂહિક હિંસાની ઘટના વધી રહી છે. રોગ સમાજના મનમાં ઘર કરે છે જેથી સામૂહિક હિંસાની ઘટના સપાટી પર આવી રહી છે. ભય અને હિંસા વચ્ચે પારસ્પરિક સંબંધ રહેલા છે. સરેરાશ ભારતવાસી વ્યવસ્થાના કારણે પોતાની સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાની બાબતથી ગ્રસ્ત રહે છે. જેથી એક બિનસુરક્ષા ગ્રથિનો શિકાર રહે છે. વ્યક્તિ કોઈને કોઈ જગ્યાએ આ બાબતને લઈને વિશ્વાસ ગુમાવી રહ્યો છે કે વ્યવસ્થા તેના હિતોને અને તેના જીવન રક્ષણને લઈને ચિંતિત છે. વ્યવસ્થાને કોઈ પડી નથી તેવી ભાવના સામાન્ય વ્યક્તિમાં ફેલાય છે ત્યારે હિંસાની ભાવના પણ જાગી ઉઠે છે. તમામ લોકો આ બાબત સાથે સહમત છે કે હિંસા અને ભય વચ્ચે સંબંધ રહેલા છે. બંને એકબીજાને વધારે છે. હિંસા ઘટનાથી પહેલા અમારા મનમાં ઘટિત થઈ જાય છે. હિંસાને લઈને મનૌવૈજ્ઞાનિક અને તંત્રિકા વૈજ્ઞાનિક અથવા તો ન્યુરોલોજિકલ અભ્યાસમાં આ બાબત નિકળીને સપાટી પર આવી છે કે માનવીમાં હિંસા કરવાનુ સામર્થ્ય તો છે પરંતુ તેના સ્વભાવમાં આ હિંસા નથી. તે કોઈને કોઈ બહારના પરિબળોના કારણે હિંસા ફેલાવવા માટે આગળ વધે છે. તે હિંસા ઉપર બહારના કારણસર ઉતારુ થાય છે. અને આક્રોશિત થાય છે. આનો અર્થ એ થયો કે જો સમાજમાં હિંસાને ઉત્તેજિત કરનાર પરિસ્થિતી અથવા તો પરિવેશ ન થાય તો આવા સમાજમાં હિંસા નહીંવત સમાન રહેશે. તેના સામૂહિક રૂપ લેવાની ઘટના શક્ય બનશે નહી. હિંસાને લઈને જુદા જુદા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા છે. આજે ઉભી થયેલી પરિસ્થિતીની સમીક્ષા જરૂરી બની ગઈ છે. ગૌરક્ષા, બાળક ચોરી, રાષ્ટ્રવાદના નામ પર હિંસા થઈ રહી છે. આજે સામાન્ય રીતે સોશિયલ મિડિયાને આવી સામૂહિક હિંસા માટે જવાબદાર ગણવામાં આવે છે. તેના પર અંકુશ મુકવા માટેની માંગ પણ કરવામાં આવે છે. જે એક હદ સુધી યોગ્ય માની શકાય છે. પરંતુ જો સમાજના મનમાં ધીમે ધીમે હિંસક ભાવના જમા ન થઈ ગઈ હોત તો તે આ રીતે એકાએક ફેલાઈ શકે તેમ નથી. ભારતીય સમાજમાં ભયની સ્થિતી શુ છે. જે એકાએક હિંસામાં ફેલાઈ જાય છે. વાસ્તવિકતા તો એ છે કે સરેરાશ ભારતીય પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાની ભાવનાથી ગ્રસ્ત રહે છે. વ્યવસ્થાને લઈને તેના અવિશ્વાસના કારણે પણ માનવીની અંદર ભયની ભાવના જગાવે છે. જેના કારણે તે પોતાના દ્વારા કરવામાં આવતી હિંસાને આક્રમક નહીં બલ્કે આત્મરક્ષણ તરીકે ગણીને તેના પોતાના મનમાં યોગ્ય ઠેરવે છે. ત્યારબાદ તક મળતાની સાથે જ તે ભીડમાં સામેલ થઈને તે પોતાના ભયને દુર કરવા માટે હિંસામાં ઉતરે છે. તે હિંસક બની જાય છે.

# નામ બદલતાં શું મળે? દુઃખી રહે દિન રેન ! જયાં સુધી મન પર મેલ છે, નહીં શાંતિ સુખચેન !!



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા

છેલ્લા કેટલાક વર્ષોથી નામ બદલવાની કે જે નામ છેવટે પ્રત્યે ઘૃણા પેદા કરવાની ચેષ્ટા થાય છે ત્યારે આપણા અભ્યાસક્રમ પાઠ્યપુસ્તકમાં એક સરસ વાત આવતી કોઈ વ્યક્તિના મા-બાપે તેનું નામ પાપક રાખી દીધું. મોટા થતાં તો આ નામ તેને ખૂબ ખરાબ લાગવા માંડયું.તેણે પોતાના આચાર્યને પ્રાર્થના કરી કે ભન્તે, મારું નામ બદલી આપો. આ નામ બહુ જ અપ્રિય છે કેમ કે એ અશુભ, અમંગળ અને અપશુકનિ યાળ છે.આચાર્યએ તેને સમજાવ્યું કે નામ તો કેવળ પ્રજ્ઞપ્તિ માટે, એટલે કે ઓળખ માટે, વ્યવહાર જગતમાં હાક મારવા ખાતર જ હોય છે. નામ બદલવાથી કોઈ અર્થ સરતો નથી. કોઈ પાપક નામ રાખીને પણ સત્કર્મોથી ધાર્મિક બની શકે છે અને ધાર્મિક નામ રહે તો પણ દુષ્કર્મોથી પાપી બની શકે છે. મુખ્ય વાત તો કર્મની છે. નામ બદલવાથી શું થશે ?

પરંતુ તે ન માન્યો? આગ્રહ કરતો જ રહ્યો. આખરે આચાર્યએ કહ્યું ‘‘અર્થસિદ્ધિ તો કર્મ સુધારવાથી જ થશે,પરંતુ જે તું નામ પણસુધારવા ઈચ્છે છે તો જા,ગામ-નગરના લોકોને જોઈ લે અને જેનું નામ તને શુભ લાગે તે મને બતાવ. તારું નામ તે પ્રમાણે બદલી નાખવામાં આવશે.’

પાપક સુંદર નામવાળાઓની શોધ માં નીકળી પડયો. ઘરથી બહાર નીકળતાં જ તેને શબયાત્રાના દર્શન થયાં. પૂછ્યું, કોણ મરી ગયું? લોકો એ કહ્યું - જીવક. પાપકે વિચાર્યું, નામ જીવક, પણ મૃત્યુનો શિકાર બની ગયો ? આગળ વધતાં તેણે જોયું કે કોઈ દીનહીન દુઃખીયારી સ્ત્રીને મારપીટ કરી ઘરમાંથી કાઢી મૂકવામાં આવી રહી છે. નામ પૂછ્યું, તો જાણવા મળ્યું - ધનપાલી. પાપક વિચારમાં પડયો, નામ ધનપાલી અને પૈસા પૈસા માટે પરાવલંબી.

ત્યાંથી આગળ વધતાં એક રાહ ભૂલેલા વ્યક્તિને લોકોને રાહ પૂછતાં જોયો.નામ પૂછતાં કહેવા માં આવ્યું— પંથક. પાપક ફરીથી વિચારમાં પડી ગયો. અરે! પંથક પણ પંથ પૂછે છે, પંથ ભૂલે છે!

પાપક પાછો ફર્યો. હવે નામ પ્રત્યે તેનું આકર્ષણ કે અનાકર્ષણ દૂર થઈ ચૂકયું હતું. વાત સમજમાં આવી ગઈ. શું પડયું છે નામમાં ? જીવક પણ મરે છે અને અજીવક પણ. ધનપાલી પણ દરિદ્ર હોય છે અધનપાલી પણ. પંથક પણ રાહ ભૂલે છે અને અપથંક પણ. સાચે જ નામની મહત્તા નિરર્થક છે, નકામી છે.જન્મથી અંધ અને નામ નયનસુખ. જન્મથી દુઃખી અને નામ સદાસુખ. ભલે રહ્યું પાપક નામ, મારું શું બગડે છે? હું મારાં કર્મ સુધારીશ. કર્મ જ પ્રમુખ છે, કર્મ જ પ્રધાન છે.

જે વાત વ્યક્તિના નામ પર લાગુ થાય છે, તે જ સંપ્રદાયના નામ પર પણ. ન બૌદ્ધ સંપ્રદાયના સહુ લોકો બોધિસંપન્ન હોય છે અને ન જૈન સંપ્રદાયના સહુ આત્મજીત. ન બ્રાહ્મણ સંપ્રદાયના સહુ બ્રહ્મ વિહારી હોય છે અને ન ઈસ્લામના સહુ સમર્પિત અને શાંત. જેમ દરેક વ્યક્તિમાં ભલાઈ-બુરાઈ બંને હોય છે, તેમ દરેક સંપ્રદાયમાં સારાં નરસાં લોકો હોય છે. કોઈ પણ સંપ્રદાયના ન તો બધાં લોકો સારાં હોઈ શકે છે, ન બધાં નરસાં. પરંતુ સાંપ્રદાયિક આસક્તિને કારણે આપણે આપણા સંપ્રદાય નાં દરેક વ્યક્તિને સજ્જન અને પરાયા સંપ્રદાયના દરેક વ્યક્તિને દુર્જન માનવા લાગીએ છીએ. બૌદ્ધ, જૈન, ખ્રિસ્તી કે મુસ્લિમ કહેવરાવવા માત્રથી ન કોઈ વ્યક્તિ સજ્જન બની જાય છે, ન દુર્જન. બૌદ્ધ કહેવરાવનાર વ્યક્તિ પરમ પુણ્યવાન પણ હોઈ શકે છે અને નિતાંત પાપી પણ. આ વાત સર્વ સંપ્રદાયો પર સમાનરૂપે લાગુ પડે છે.જેવી રીતે વ્યક્તિની ઓળખાણ માટે તેને કોઈ નામ દેવામાં આવે છે, તેવી જ રીતે કોઈ સમુદાયની આળખાણ માટે પણ. આ નામો સાથે ગુણોનો કોઈ સંબંધ નથી. તેલથી ભરેલા પીપ પર શુદ્ધ ઘીનું લેબલ લગાવ્યા પછી પણ તેલ, તેલ જ રહે છે, શુદ્ધ ઘી નથી બની જતું. કોઈ સુંદર વ્યક્તિનું નામ કુરૂપ રાખી દઈએ તો તે કુરૂપ અને કોઈ કુરૂપને સુંદર કહેવા લાગીએ તો તે સુંદર નથી બની જતી. ફૂલને કાંટો અથવા કાંટાને ફૂલ કહેવા લાગીએ તો પણ ફૂલ-ફૂલ જ રહે છે, કાંટો- કાંટો જ.કોઈ વ્યક્તિ હોય તો રંક, પણ નામ હોય રાજન્, આવી વ્યક્તિ જયાં સુધી એ તથ્યને સમજે છે કે આ રાજન્ નામ કેવળ સંબોધન માટે છે, વાસ્તવમાં હું રેંક છું, ત્યાં સુધી તે હોશમાં છે. પરંતુ જે દિવસે તે આ નામનો દંભ માથે ચઢાવીને, રંક હોવા છતાં પણ, પણ પોતાને રાવ-રાજા માનવા લાગે અને અન્ય સહુને પોતાનાથી ઉતરતી કક્ષાના માનવા લાગે તો તે પ્રમત્ત વ્યક્તિ, લોકોના ઉપહાસનું પાત્ર બની જાય છે. પરંતુ જયાં રાજન્ નામના હજારો- લાખો રંક હોય અને એ બધા સંગઠિત થઈને પોતપોતાને રાવ રાજા માનવા લાગે તથા અન્ય સર્વ લોકોને ઉતરતી કક્ષાના માનવા લાગે તો પાગલોનું આવો સમૂહ કેવળ ઉપહાસાસ્પદ જ નહીં, બલ્કે સમગ્ર સમાજ માટે ખતરાનું કારણ બની જાય છે. બરાબર આવી જ દશા આપણી થઈ જાય છે, જયારે આપણે જાતીયતા, સાંપ્રદાયિકતા કે રાષ્ટ્રીયતાનો નશો ચઢાવી પ્રમત્ત થઈ ઊઠીએ છીએ અને પોતાને અન્યો થી શ્રેષ્ઠ માની તેઓને ઘૃણાની દ્રષ્ટિથી જોવા લાગીએ છીએ. આવી અવસ્થામાં આપણે પણ સમાજ માટે ખતરાનું તેમજ તેની અશાંતિનું કારણ બની જઈએ છીએ. સુખશાંતિ ખોઈને સાચા ધર્મથી દુર થતા જઈએ છીએ.

વાચક ચાહક મિત્રો આપણે અધિક શ્રાવણ માસમાં અનોખી ચિંતન મનન કરાવે તેવી કેટલીક વાત રજૂ કરીએ છીએ. ટામેટાં બસો ને લસણ ભલેને ત્રણ સોમાં મળે મારે શું? બસ મારે શું અને મારું શું ની વિહવળતા માનવીને દુખી કરી રહી છે. એમાંથી બહાર આવી શ્રેષ્ઠ જીવન જીવવા પ્રયત્ન કરીએ. પરંતુ જયાં રાજન્ નામના હજારો- લાખો રંક હોય અને એ બધા સંગઠિત થઈને પોતપોતાને રાવ રાજા માનવા લાગે તથા અન્ય સર્વ લોકોને ઉતરતી કક્ષાના માનવા લાગે તો પાગલોનું આવો સમૂહ કેવળ ઉપહાસાસ્પદ જ નહીં, બલ્કે સમગ્ર સમાજ માટે ખતરાનું કારણ બની જાય છે. બરાબર આવી જ દશા આપણી થઈ જાય છે, જયારે આપણે જાતીયતા, સાંપ્રદાયિકતા કે રાષ્ટ્રીયતાનો નશો ચઢાવી પ્રમત્ત થઈ ઊઠીએ છીએ અને પોતાને અન્યો થી શ્રેષ્ઠ માની તેઓને ઘૃણાની દ્રષ્ટિથી જોવા લાગીએ છીએ. આવી અવસ્થામાં આપણે પણ સમાજ માટે ખતરાનું તેમજ તેની અશાંતિનું કારણ બની જઈએ છીએ. સુખશાંતિ ખોઈને સાચા ધર્મથી દુર થતા જઈએ છીએ.

વાચક ચાહક મિત્રો આપણે અધિક શ્રાવણ માસમાં અનોખી ચિંતન મનન કરાવે તેવી કેટલીક વાત રજૂ કરીએ છીએ. ટામેટાં બસો ને લસણ ભલેને ત્રણ સોમાં મળે મારે શું? બસ મારે શું અને મારું શું ની વિહવળતા માનવીને દુખી કરી રહી છે. એમાંથી બહાર આવી શ્રેષ્ઠ જીવન જીવવા પ્રયત્ન કરીએ.

## નોકરીના સ્થળે મહિલા સાથે ઉત્પીડન

દુર્ભાગ્યથી નોકરીના સ્થળ પર યૌન ઉત્પીડન અથવા તો જાતીય સતામણી અને યુવતિઓ અને મહિલાઓ સાથે જુદી જુદી રીતે ચેડાના બનાવો હાલમાં વધી રહ્યા છે. નોકરીના સ્થળ પર યૌન ઉત્પીડનના સૌથી વધારે કેસ બિહારમાં બની રહ્યા છે. ચિંતાની બાબત તો એ છે કે છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં જ દેશભરમાં આવા સત્તાવાર રીતે ૩૧૮ કેસ નોંધાઈ ચુક્યા છે.કેસોમાં અવિરત વધારાને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં હજુ કેસ સપાટી પર આવી રહ્યાછે. બિન સત્તાવાર રીતે આ આંકડો આના કરતા પણ ખુબ વધારે છે. કમનસીબ બાબત એ છે કે નોકરી કરતી મહિલાઓ માટે યૌન ઉત્પીડન અથવા તો સતામણી જેવી બાબત સામાન્ય બની ગઈ છે. કેટલાક કિસ્સામાં સાહસી મહિલાઓ અને યુવતિઓ આની સામે ફરિયાદ પણ ઉઠાવે છે. આની સાથે ઓફિસ મેનેજમેન્ટ દ્વારા પણ પગલા લેવામાં આવે તે જરૂરી છે. કામકાજી મહિલાઓને સ્વતંત્ર રીતે કામ કરવા માટે યોગ્ય અને આદર્શ માહોલ બને તે જરૂરી છે. જે કર્મચારીઓ તેમના નીચલા સ્તરની યુવતિઓ અને મહિલાઓને કોઈ પણ બહાનાથી હેરાન પરેશાન કરે છે તેમની સામે મેનેજમેન્ટે પગલા પણ લેવા જોઈએ. બિહારમાં યુવતિઓ સામે નોકરીની જગ્યાએ છેડતી અને હેરાનગતિના બનાવો સૌથી વધારે બની ગયા છે. બીજા સ્થાને દિલ્હી અને ત્રીજા સ્થાન પર મહારાષ્ટ્ર છે. આ અંગેની માહિતી મહિલા અને બાળ વિકાસ કલ્યાણ પ્રધાન સ્મૃતિ ઈરાની દ્વારા આપવામાં આવી હતી. જાણકાર લોકોના કહેવા મુજબ મોટા ભાગના મામલા સત્તાવાર રીતે દાખલ કરવામાં આવતા નથી. જો સત્તાવાર રીતે આવા કેસ દાખલ કરવામા આવે તો આંકડો હજારોમાં પહોંચી શકે છે. રાજ્યોની વાત કરવામાં આવે બિહારમાં સૌથી વધારે કેસ દાખલ કરવામાં આવ્યા છે.ચ ગુજરાતના મામલા આમાં દર્શાવવામાં આવ્યા નથી. સમગ્ર ભારતની વાત કરવામા આવે તો જુદા જુદા વર્ષમાં જુદા જુદા કેસ નોંધાઈ ચુક્યા છે. વર્ષ ૨૦૧૪માં ૫૭, વર્ષ ૨૦૧૫માં ૧૧૯ અને વર્ષ ૨૦૧૬માં ૧૪૨ કેસ સપાટી પર આવ્યા હતા. ત્યારબાદના વર્ષોમાં કેસમાં સતત વધારો જારી રહ્યા છે. નોકરીના સ્થળ પર યૌન ઉત્પીડન તમામ કાયદા અને સખ્ત નિયમના આંકડા છતાં દર વર્ષે કેસોની સંખ્યામાં વધારો થાય છે. અલબત્ત સ્મૃતિ ઈરાનીએ કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૩ના કાયદા હેઠળ તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. નોકરીના સ્થળ પર યુવતિઓ અને મહિલાઓને યોગ્ય અને આદર્શ માહોલ બને તેવા અધિકાર મહિલાઓને આપવામાં આવ્યા છે.

# પૃથ્વી પર ગુરુત્વાકર્ષણને મ્હાત આપતી રોમાંચક અને રહસ્યમય જગ્યાઓ



સદીઓથી આપણે વિજ્ઞાનમાં ભણ્યા છીએ કે પૃથ્વી પર બધી વસ્તુઓ ગુરુત્વાકર્ષણના કારણે ટકી રહે છે. એટલુંજ નહીં બ્રહ્માંડમાં પણ ગ્રહો એકમેક સાથે પોતાના ગુરુત્વાકર્ષણને કારણે નિશ્ર્ચિત સ્થાને ગોઠવાયેલા રહે છે. વિજ્ઞાને એ પણ શોધી કાઢ્યું છે કે સૂર્યમાળાના વિવિધ ગ્રહો ઉપર ગુરુત્વાકર્ષણ વધતું ઓછું હોય છે, પણ પૃથ્વી પર દરેકે ઠેકાણે એક સરખું આકર્ષણ બળ હોય છે.બરાબર ને? તેમ છતાં, પૃથ્વી પર પણ કેટલીક જગ્યાઓ એવી જોવામાં આવી છે જ્યાં ગુરુત્વાકર્ષણ બળના માન્ય સિદ્ધાંતથી વિપરીતઘટનાઓ જોવા મળે છે. ચાલો, જાણીએ પૃથ્વી પર એવી જગ્યાઓ વિશે જ્યાં આપણે ગુરુત્વાકર્ષણ વિરુદ્ધનો અનુભવ કરી શકીએ છીએ. શરૂઆત આપણા દેશથી જ કરીએ. નવાઈ લાગી ને? હા, આપણા દેશમાં પણ એવું સ્થળ છે જ્યાં આપણે વિજ્ઞાનને વિપરીત થતું જોઈ શકીએ. માઉન્ટ અરાગાટાસ, તુર્કીની સરહદથી માત્ર ૩૦ કિલોમીટર દૂર સ્થિત માઉન્ટ અરાગાટાસ એક લોકપ્રિય પ્રવાસન સ્થળ બની ગયું છે. એવું લાગે છે કે આ નાના વિસ્તારમાં ગુરુત્વાકર્ષણના નિયમો અદૃશ્ય થઈ ગયા. અહીં નદીનું પાણી નીચેથી ઉપર તરફ વહે છે. જો તમે કારને ન્યુટ્રલ પર મુકો તો કોઈપણ ડ્રાઈવર વિના, આપમેળે તે ઉપર તરફ ચઢવા લાગે છે. જો તમે બોટલને જમીન પર મુકો, તો તે ફરીથી ઉપર તરફ ગબડવા માંડશે. નીચે ચાલવા કરતાં ટેકરી ઉપર ચઢવું સહેલું લાગે છે. અરાગાટ્સના રહસ્ય વિશે ઘણા અનુમાન અને સિદ્ધાંતો છે. આ જગ્યાએ શું થઈ રહ્યું છે અને તે કેવી રીતે શક્ય છે? કેટલાક લોકોમાને છે કે આ ક્ષેત્રમાં ગુરુત્વાકર્ષણ ભંગ થાય છે, જ્યારે અન્ય લોકો માને છે કે અહીં કેટલાક વિશિષ્ટ ચુંબકીય ક્ષેત્રો છે. કેટલાક તો એલિયન્સના અસ્તિત્વ અને આ વિસ્તારમાં યુએફઓના ઉતરાણમાં પણ વિશ્ર્વાસ રાખે છે.

# બ્લડ પ્રેશરથી લઇને ડાયાબિટીસના લોકો માટે છે બેસ્ટ, જાણો જબરજસ્ત ફાયદાઓ

તમે ક્યારે કાળા ટામેટા વિશે સાંભળ્યુ છે? આમ, તમને જણાવી દઈએ કે કાળા ટામેટા ખાવાથી હેલ્થને અનેક ઘણો ફાયદો થાય છે. કાળા ટામેટા તમે રેગ્યુલર ખાવાથી આદત પાડો છો તો હાર્ટ એટેક આવવાનું જોખમ ઓછુ થઈ જાય છે. ભારે કરીઃ ટામેટાના ખેતરમાં ચોર ટોળકીએ રાતે ધાડ પાડી, અઢી લાખનો પાક ઉપાડી ગયાં. ટામેટા વગરનું શાક બનાવવા ગૃહિણીઓ મજબૂર, હદ કરીઃ હવે રાશનની દુકાન પર ટામેટા મળશે, ૬૦ રૂપિયે કિલો ખરીદી શકશો. અનોખો વિરોધઃ કોંગ્રેસના નેતાઓ સૂટકેસ અને બંદૂક લઈને શાકમાર્કેટમાં ટામેટા ખરીદવા પહોંચ્યા.

**Benefits of Black Tomatoes:** તમે આજ સુધી લાલ ટામેટા અને લીલા ટામેટા જોયા હશે અને ખાધા હશે, પરંતુ આજે અમે તમને કાળા ટામેટા વિશે જણાવીશું. લાલ ટામેટા જેમ રસોઈનો ટેસ્ટ વધારે છે એમ કાળા ટામેટા હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે. કાળા ટામેટાને અંગ્રેજીમાં રોઝ ટોમેટો કહેવામાં આવે છે. આ ટામેટાની સૌથી મોટી ખાસિયત એ છે કે આ ટામેટા જેનેટિક મ્યૂટેશન દ્વારા બનાવવામાં આવે છે. આ પણ વાંચોઃબાળકને એક્સ્ટ્રા એક્ટિવિટી કરાવો છો? જાણો આ ટામેટા કેટલા રંગ બદલે છે. વાત કરવામાં આવે તો કાળા ટામેટા બાકીના ટામેટાની જેમ ઉગાડવામાં આવે છે, પરંતુ રંગ બદલવાની પક્રિયા બીજા ટામેટાની તુલના કરતા અલગ છે. સૌથી પહેલા આ ટામેટા લીલા રંગના થાય છે, જે ધીરે-ધીરે લાલ અને પછી કાળા થાય છે. તમે જ્યારે આ



ટામેટાને કટ કરીને જુઓ છો ત્યારે અંદરનો ભાગ લાલ ટામેટી જેમ લાલ દેખાય છે. જો કે આમાં મળતા પોષક તત્વો લાલ ટામેટાની તુલના કરતા ઘણાં અલગ છે.

બ્લડ પ્રેશર કંટ્રોલમાં કરે, કાળા ટામેટામાં પ્રોટીન, વિટામીન એ, મિનરલ્સ અને બીજા અનેક પ્રકારના એન્ટી ઓક્સિડન્ટ્સ હોય છે જે વ્યક્તિના બ્લડ પ્રેશરને કંટ્રોલમાં રાખવાનું કામ કરે છે. તમને ડાયાબિટીસ છે તો તમે આ ટામેટા ખાવાનું શરૂ કરી દો. આ રામબાણ ઈલાજ છે. આ શરીરમાં સુગરની માત્રાને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. કાળા ટામેટામાં વિટામીન એ અને વિટામીન સીની માત્રા ભરપૂર હોય છે, જેનું સેવન કરવાથી આંખોની રોશની વધે છે. કાળા ટામેટા તમારી આંખોને સ્વસ્થ રાખવાનું કામ કરે છે. તમારા ચશ્માના નંબર વધારે છે તો તમે કાળા ટામેટા ખાવાનું શરૂ કરી દો, જે હેલ્થ માટે અનેક રીતે ફાયદાકારક છે.

કાળા ટામેટા ખાવાથી હાર્ટ એટેક આવવાનું જોખમ ઘટી જાય છે. કાળા ટામેટામાં એન્થોસાઈનિન હોય છે જે હાર્ટ એટેકથી બચાવવામાં મદદ કરે છે.નિયમિત તમે કાળા ટામેટાનું સેવન કરો છો.

# સાંભળો, સાંભળો ત્રીજું વિશ્વ યુદ્ધ બે વર્ષમાં થશે



બે વર્ષમાં ત્રીજું વિશ્ર્વ યુદ્ધ શરૂ થશે. આવનારા સમયમાં રશિયા અને નાટો રાષ્ટ્રો વચ્ચે તંગદિલી વધશે. આને પગલે રશિયા નાટો સમૂહના દેશો પર આક્રમણ કરશે અને આપણે સૌ થર્ડ વર્લ્ડ વોરમાં સપડાઈ જઈશું. આ કોઈ નજુમીનો વર્તારો નથી. પોતાને ટાઈમ ટ્રાવેલર ગણાવતા અને ઈ. સ. ૨૬૭૧ સુધીના ભવિષ્યમાં મુસાફરી કરીને પાછા ફર્યા હોવાનો દાવો કરનારા વ્યક્તિએ આ નિહાળ્યું છે. ટિકટોક એપ પર ફિમશફક્ષિશિંળયિફિંદયહહયિ તરીકે જાણીતા એનો અલારિક (ઊક્ષજ્ઞ અહફશિભ) છાતી ઠોકીને કહે છે કે આગામી ૬૫૦ વર્ષમાં જે કંઈ બનવાનું છે એ હું જોઈને પાછો આવ્યો છું.

લગભગ ૨૫ હજારથી વધુ ફોલોઅર ધરાવતા એનો અલારિક સોશિયલ મીડિયા પર તો છવાયેલો છે જ મોટામોટા અખબારોએ પણ એના વીડિયો અને આગાહીની નોંધ લીધી છે એક તરફ વિજ્ઞાનીઓ લાંબા સમયથી ટાઈમ કેપ્સુલની ડિઝાઈન બનાવવા રાત-દિવસ એક કરી રહ્યાં છે. પણ ટાઈમ ટ્રાવેલ કયારે શકય બનશે એ કોઈ ખાતરીપૂર્વક કહી શકતું નથી, પરંતુ ઘણીવાર ટાઈમ ટ્રાવેલ કરીને પાછા ફર્યાના દાવા કરનારા આગળ આવે છે. આમાં નવીનતમ્ નામ છે એનો અલારિક. એનો અલારિકે વર્ષ ૨૦૨૩ માટે કેટલીક રસપ્રદ આગાહી કરી હતી. જોકે આને આગાહી ન કહેવાય. એનો એ ‘નિહાળેલી’ ઘટનાની દુનિયાને આગોતરા જાણ કરી હતી. જોઈએ આ આગાહીઓ તારીખ પ્રમાણે. ૨૩ માર્ચ, ૨૦૨૩: પૃથ્વીને બચાવવા માટે આઠ હજાર માણસોની પસંદગી થશે. આ ટીમના સિલેકટર હશે એલિયન યાની પરગ્રહ વાસીઓ તમારી આમાં પસંદગી થઈ છે? કે કોઈ સિલેક્ટ થયાનું સાંભળ્યું છે? કે પછી આખું મિશન એકદમ ગુપ્ત રખાયું હશે?

૧૫ મે, ૨૦૨૩: અમેરિકાના સાનફ્રાંસિસ્કો પર ૭૫૦ ફૂટ ઊંચી સુનામી ત્રાટકશે. આમાં બે લાખથી વધુ માણસો માર્યા જશે. આમાં શું કમેન્ટ કરવી. ૧૮ જૂન, ૨૦૨૩: આકાશમાંથી એક સાથે સાત જણા પૃથ્વી પર ઊતરશે. આ ભાઈલોગ કે બાઈલોગ પરગ્રહવાસી જ હશે ને? કદાચ ‘કોઈ મિલ ગયા’ના જાદુને મળ્યા પણ હોય. ૧૮ ઑગસ્ટ, ૨૦૨૩: વિજ્ઞાનીઓ સ્કીન કેન્સરનો ઈલાજ શોધી કાઢશે. ૩ ડિસેમ્બર, ૨૦૨૩: એક ક્રિસ્ટલ અર્થાત્ સ્ફટિક મળી આવશે. જેનાથી ઘણાં રોગ મટી જશે. ૨૯ ડિસેમ્બર, ૨૦૨૩: સ્ટેન સેલ્સમાંથી નવા અંગ ઉગાડવા બનાવવાની શરૂઆત થશે.

# કબર સાથે ચંદ્ર પર આવેલા છે આટલા રહસ્યો, જાણો છો?

આજે આપણી પૃથ્વી વૈશ્વિક અર્થવ્યવસ્થાને વિસ્તારવા અને વિશ્વની જરૂરિયાતો પૂરી કરવા સક્ષમ નથી. આવી સ્થિતિમાં હવે દુનિયાની નજર પૃથ્વીથી ઉપર ઊઠીને અવકાશ તરફ જઈ રહી છે. અવકાશ હવે એવું માધ્યમ બની રહ્યું છે કે જ્યાંથી પૃથ્વીની ઊર્જાની જરૂરિયાતો પૂરી કરી શકાય. જેના કારણે આવનારા દિવસોમાં અવકાશ કોલોનાઈઝેશન, એસ્ટરોઈડ માઈનિંગ અને સ્પેસ ટુરિઝમની દિશામાં અનેક નવા આયામો ખુલવા જઈ રહ્યા છે. આવી સ્થિતિમાં સ્પેસ



લોજિસ્ટિક્સ, સેટેલાઈટ અને માનવ પ્રક્ષેપણના ક્ષેત્રમાં ભવિષ્યમાં અબજો ડોલરનું મોટું બજાર આકાર લે તો નવાઈ નહીં. ભવિષ્યના આ ધબકારને જોઈને આપણું ઈસરો પણ પાછળ નથી. આજે ઈસરોની ગણતરી વિશ્વની શ્રેષ્ઠ અવકાશ એજન્સીઓમાં થાય છે. મંગલયાન, ચંદ્રયાન જેવા અનેક સફળ મિશન પાર પાડ્યા બાદ ઈસરો હવે ચંદ્રયાન-૩ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે.

ઈસરો આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટરથી ૧૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ બપોરે ૨.૩૫ વાગ્યે ચંદ્રયાન ૩ લોન્ચ કરવા જઈ રહ્યું છે. જો ચંદ્રયાન ૩ લેન્ડર ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક ઉતરે છે.તો ભારત આવું કરનાર ચોથો દેશ બની જશે. ચંદ્ર હંમેશા આપણા માટે ઉત્સુકતાનું કેન્દ્ર રહ્યો છે.

## BOLLYWOOD NEWS FLASH

### નેહા મલિક તેની દરેક પોસ્ટ્સ સાથે સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવે છે, અભિનેત્રી સોશિયલ મીડિયા પર પણ ખૂબ સક્રિય છે



। મુંબઈ, તા.૬ ।

બોલીવૂડ અભિનેત્રી નેહા મલિક દરેક લૂકમાં ખૂબ જ સુંદર લાગે છે. એક્ટ્રેસે હાલમાં પોતાના ઈન્સ્ટાગ્રામ પર શાનદાર તસવીરો શેર કરી છે. નેહા મલિક જાણે છે કે પોતાના ચાહકોને કઈ રીતે દિવાના બનાવવા. નેહા મલિકે બોડીકોન ડ્રેસમાં ખૂબ જ શાનદાર તસવીરો શેર કરી છે.

નેહા અવારનવાર પોતાના શાનદાર લુકથી ઈન્ટરનેટ પર સનસનાટી મચાવે છે. લેટેસ્ટ તસવીરોમાં પણ તેના ટોન્ડ બોડીને જોઈને ફેન્સના હોશ ઉડી ગયા છે. નેહા મલિકનો આ ગ્લેમરસ અંદાજ ફેન્સને પસંદ આવ્યો છે. ફેન્સ નેહાની તસવીરોને લાઈક કરી રહ્યા છે. બોડીકોન ડ્રેસમાં નેહા મલિક ખૂબ જ સુંદર લાગી રહી છે. નેહા મલિક ભોજપૂરી એક્ટ્રેસ છે. પોતાના બોલ્ડ અંદાજને લઈ ચર્ચામાં રહે છે. નેહા મલિક તેની દરેક પોસ્ટ્સ સાથે સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવે છે. અભિનેત્રી સોશિયલ મીડિયા પર પણ ખૂબ સક્રિય છે. નેહા મલિકના ચાહકો તેના આ કાતિલ લૂકમાં પસંદ કરી રહ્યા છે.

### KBC પછી જ અમિતાભ બચ્ચન એકદમ બદલાઈ ગયા

### અમિતાભના દોસ્ત અંજન શ્રીવાસ્તવનો ખુલાસો

### ધીમે ધીમે આમંત્રણો અને સંપર્કો સંપૂર્ણપણે ખતમ થઈ ગયા, તેની મારી કારકિર્દી પર કોઈ અસર થઈ ન હતી

। મુંબઈ, તા.૬ ।

ટીવી શો ‘વાગલે કી દુનિયા’થી સ્ટાર બનેલા અંજન શ્રીવાસ્તવે ટીવી સિવાય ફિલ્મોમાં પણ ઘણું કામ કર્યું છે. તેઓ ૧૯૯૦ના દાયકામાં ઘણી ફિલ્મોમાં જોવા મળ્યા હતા. અંજન શ્રીવાસ્તવને અમિતાભ બચ્ચન સાથે ગાઢ મિત્રતા હતી. બંનેએ સાથે કામ પણ કર્યું હતું. અંજન શ્રીવાસ્તવે મુશ્કેલ સમયમાં પણ અમિતાભ બચ્ચનનો સાથ છોડ્યો નહોતો. પરંતુ ‘કૌન બનેગા કરોડપતિ’ પછી તેમના સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી. અંજન શ્રીવાસ્તવે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં અમિતાભ બચ્ચનના મુશ્કેલ સમયગાળા વિશે



વાત કરી હતી. અંજન શ્રીવાસ્તવે કહ્યું, ‘ત્યારે અમિતજીની હાલત ખૂબ જ ખરાબ હતી. મેં ત્યારે ફિલ્મીસ્તાનમાં ‘તૂફાન’ના સેટની મુલાકાત લીધી હતી. તે દિવસોમાં કોલકાતામાં અમિતજીનો ભારે વિરોધ થયો હતો. પોસ્ટર ફાડવામાં આવી રહ્યા હતા અને અહીં અમિતજી પણ ખૂબ દુઃખી હતા. મેં ત્યાં જઈને પૂછ્યું, ‘કેમ છો ભાઈ?’ અને તેમણે કહ્યું કે ઠીક છું અને બસ આટલું જ.

અંજન શ્રીવાસ્તવે જણાવ્યું કે અમિતાભ બચ્ચન ખોટા બેંક સ્ટેટમેન્ટના કારણે ખરાબ રીતે ફસાઈ ગયા હતા. તેમણે કહ્યું, ‘જ્યારે ABCL અકાઉન્ટ હતું ત્યારે અમિતજી તેમાં ફસાઈ ગયા હતા. અમે બેંકમાંથી સ્ટેટમેન્ટ લેવા માટે તેમની ઓફિસમાં જતા હતા અને લોકો તેમની સાથે છેતરપિંડી કરતા હતા. મેં મેનેજરોને કહ્યું કે અમિતાભ બચ્ચન સામે કેસ ના કરો કારણ કે તેઓ નિર્દોષ છે. અંજન શ્રીવાસ્તવે જણાવ્યું કે અમિતાભ બચ્ચન ગરીબ થઈ ગયા હતા. તેમની કંપની ABCL ભારે ખોટમાં હતી. પરંતુ, ‘કૌન બનેગા કરોડપતિ’એ તેમના દિવસો સુધાર્યા. પરંતુ અંજન શ્રીવાસ્તવને આશ્ચર્ય થયું કે ‘કૌન બનેગા કરોડપતિ’માં જોડાયા બાદ અમિતાભ સંપૂર્ણપણે બદલાઈ ગયા. તેમણે તેમના તમામ જૂના મિત્રો સાથે સંબંધો તોડી નાખ્યા. KBC પછી અમિતજી અને મારા સંબંધોમાં ખટાશ આવી ગઈ. પહેલા જયાજી મને ફોન કરતા અને તેમના પરિવાર સાથે હોળી ઉજવવાનું આમંત્રણ આપતા.

### આલિયા અને શેન ગ્રેગોઇર લગભગ ૨ વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા છે,

### અનુરાગ કશ્યપની દીકરીએ બોયફ્રેન્ડ સાથે કરી સગાઇ

। મુંબઈ, તા.૬ ।

ફિલ્મ મેકર અનુરાગ કશ્યપની દીકરી આલિયા કશ્યપે એના લોન્ગ ટાઈમ બોયફ્રેન્ડ શેન ગ્રેગોઈર સાથે કરી લીધી છે. આલિયા કશ્યપ સોશિયલ મિડીયામાં ઘણી એક્ટિવ રહે છે. આલિયાની એની અપડેટ્સ ફેન્સની સાથે અવાર-નવાર સાથે શેર કરતી હોય છે. સામાન્ય રીતે વાત કરવામાં આવે તો લુકને લઈને લાઈમલાઈટમાં રહેતી હોય છે. આલિયાની સગાઈની તસવીરોમાં હાલમાં સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહી છે. આલિયા અને શેન ગ્રેગોઈર લગભગ ૨ વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા છે. આ ખાસ દિવસે આલિયાએ વ્હાઈટ કલરનો આઉટફિટ પહેર્યો છે. મલ્ટી કલર ફ્લોરલ ડિઝાઈનના વ્હાઈટ સિલ્ક લહેંગામાં આલિયા બહુ મસ્ત લાગી રહી છે. મંગેતર શેન વ્હાઈટ શેરવાનીમાં જોવા મળ્યો. બન્ને જણાં થોડા મહિના પહેલાં મુંબઈમાં શિફ્ટ થયા છે. હવે આલિયા અને શેને સગાઈ કરી લીધી છે. મળતી માહિતી અનુસાર લગ્ન ખબર પણ સામે આવશે.



### કિસિંગ સીન મારા માટે સરળ કામ છે, અઘરુ કામ પણ કરાવી શકો

। મુંબઈ, તા.૬ ।

૨૮ જુલાઈએ થિયેટરમાં રિલીઝ થયેલી કરણ જોહરની ફિલ્મ ‘રોકી ઔર રાની કી પ્રેમ કહાની બોક્સઓફિસ પર સારો વકરો મેળવી રહી છે. આ ફિલ્મમાં રણવીર સિંહ અને આલિયા ભટ્ટની કેમેસ્ટ્રીની જેટલી ચર્ચા છે એટલી જ ચર્ચા ધર્મેન્દ્ર અને શબાના આઝમીના એક સીનની છે, જે છે કિસિંગ સીન. બંને પીઢ એક્ટર્સની આ ક્લિપ પણ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે. હાલમાં ફિલ્મની સક્સેસ પાર્ટી યોજાઈ હતી, જેમાં એક મીડિયાકર્મીએ ધર્મેન્દ્રને જ્યારે આ વિશે પૂછ્યું તો તેમણે કહ્યું હતું કે ‘ખૂબ મજા આવી’. આ સાથે તેમણે ઉમેર્યું હતું કે ‘મને ઘણા બધા લોકો તરતથી મેસેજ મળી રહ્યા છે, ત્યારે હું તેમને કહું છું કે ‘આ તો મારા ડાબા હાથનું કામ છે, કોઈ અઘરું કામ પણ તમે મારા પાસે કરાવી શકો છો. મજા આવી ગઈ’’. આ સાંભળી તેમની બાજુમાં બેઠેલી આલિયાની સાથે ત્યાં હાજર સૌ હસી પડ્યા હતા. જે બાદ તેમણે તેઓ એ સીન વિશે નહીં પરંતુ ફિલ્મ વિશે વાત કરી રહ્યા હોવાની સ્પષ્ટતા કરી હતી. કિસિંગ સીન વિશે વાત કરતાં ધર્મેન્દ્રએ કરણ જોહર તરફ ઈશારો કરતાં કહ્યું હતું કે ‘કેપ્ટન સારો હોય તો ટીમ પણ સારું રમે છે. અને આ કહે છે કે તે પાંચ વર્ષ બાદ આવ્યો છે. કરણ પાંચ વર્ષ બાદ આવે કે સાત વર્ષ બાદ તે પોતાની કળા દેખાડીને જશે. જ્યારે મેં આ કહાણી સાંભળી તો મને થયું કે આ તો ઘર-ઘરની કહાણી છે. આ સારી સ્ટોરી છે. અને મને પણ જ્યારે જ્યારે તક મળે છે ત્યારે છગ્ગો મારી લઉ છું’. તેમણે રણવીર સિંહની એક્ટિંગ સ્કિલના વખાણ કર્યા હતા અને કહ્યું હતું કે ‘તે ખરેખર ખૂબ જ સારો એક્ટર છે અને ભાવુક વ્યક્તિ છે. આ યુનિટ સાથેની એક-એક ક્ષણને મેં એન્જોય કરી હતી.

### જાન્હવી કપૂરે ફિલ્મોની દુનિયામાં પગ જમાવી ચૂકી છે, જાહ્નવી તેના જોરદાર અભિનયથી દર્શકોનું ખૂબ જ મનોરંજન કરી રહી છે

### સાડીમાં અપ્સરા લાગી બોની કપૂરની દીકરી ખુશી કપૂર

। મુંબઈ, તા.૬ ।

બોલિવૂડ અભિનેત્રી શ્રીદેવીની મોટી પુત્રી જાન્હવી કપૂરે ફિલ્મોની દુનિયામાં પગ જમાવી ચૂકી છે. જાહ્નવી તેના જોરદાર અભિનયથી દર્શકોનું ખૂબ જ મનોરંજન કરી રહી છે. તો બીજી તરફ, હવે તેની નાની પુત્રી ખુશી કપૂર પણ ખૂબ જ ટૂંક સમયમાં એક્ટિંગની દુનિયામાં પગ મુકવા જઈ રહી છે. ખુશી ઝોયા અખ્તરના દિગ્દર્શિત ફિલ્મ ‘ધ આર્ચીઝ’થી ડેબ્યૂ કરવા જઈ રહી છે. આ અંગે તેના પિતા બોની કપૂરે તેની એક્ટિંગ કરિયરની યોજના વિશે ખુલાસો કર્યો છે. તે કહે છે કે તેણે ક્યારેય વિચાર્યું ન હતું કે ખુશી કપૂર અભિનેત્રી બનવા માંગે છે. એક મીડિયા સંસ્થા સાથે વાતચીત દરમિયાન તેણે જણાવ્યું કે જ્યારે તેની પત્ની શ્રીદેવીનું નિધન થયું ત્યારે ખુશી કપૂરની ઉંમર ૧૬ વર્ષની હતી. તેણે વધુમાં કહ્યું કે તે સમયે બંનેને ખુશીને લઈને કોઈ આશા નહોતી. બની શકે કે ખુશી અભિનેત્રી બનવા માંગતી હોય, પરંતુ અમે એવું બિલકુલ વિચાર્યું ન હતું. માતા-પિતા તરીકે, અમે એ સુનિશ્ચિત કરવામાં વ્યસ્ત હતા કે તે સારી રીતે અભ્યાસ કરે અને તેનું શાળાકીય શિક્ષણ પૂરું કરે.



### નરોડા વિસ્તારમાં એક મહિલાની લાશ મળી આવી

# ૨૧ વર્ષના યુવકે મિત્રોના કટાક્ષથી મર્દાનગી સાબિત કરવા જતા મહિલાની હત્યા કરી

## ક્રાઈમ બ્રાન્ચે આ દરમિયાન એક યુવાનની ધરપકડ કરી છે




। અમદાવાદ,તા.૬ ।

અમદાવાદના નરોડા વિસ્તારમાં એક મહિલાની લાશ મળી આવી હતી. જેને લઈ સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મહિલાની હત્યાનો ભેદ ઉકેલવા માટે તપાસ શરુ કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે આ દરમિયાન એક યુવાનની ધરપકડ કરી છે અને હત્યાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. પોતાની મર્દાનગી સાબિત કરવા માટે મહિલા સાથે બળજબરી કરવાના પ્રયાસમાં તેણે હત્યા કરી હોવાનુ સામે આવ્યુ છે.આરોપી અરવિંદ વાઘેલાને તેના મિત્રો દ્વારા ટોણા મારવામાં આવતા હતા કે, સ્ત્રી સુખ માણી શકે એવો સક્ષમ નથી. જેને લઈ તેણે મહિલા સાથે શરીર સંબંધ બાંધવા માટેનુ મનથી જ નક્કી કરી લીધુ હતુ.જેથી તે પોતાના મિત્રો સામે પોતાની મર્દાનગી સાબિત કરી શકે. આ માટે તેણે એક નિર્દોષ મહિલાને પોતાનો શિકાર કરવાના પ્રયાસમાં હત્યા કરી દીધી છે.

૧૯ જુલાઈ નાં દિવસે શહેર નાં નરોડા વિસ્તાર માં આવેલ સ્વપ્રિલ આર્કેડ માં હત્યા કરાયેલી હાલત માં મહિલાનો મૃતદેહ મળી આવતા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. જો કે બનાવની ગંભીરતાને ધ્યાન માં રાખી પોલીસ કમિશનર દ્વારા આ તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. જે કેસ માં ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળતા અરવિંદ વાઘેલા નામના શખ્સ ની ધરપકડ કરી છે. આરોપી સ્વપ્રિલ આર્કેડ સામે ચાની કીટલી ધરાવે છે.આ જ આર્કેડમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતા તેના મામાના દીકરા શૈલેષ દંતાણી સાથે ત્યાં જ રહેતો હતો.

ક્રાઈમ બ્રાન્ચ ની તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આરોપી અરવિંદ વાઘેલાને થોડા સમય પહેલા જનેન્દ્રિયના ભાગે ઈજા થયેલ હોવાથી તેના મિત્રો વારંવાર ટોણા મારી કટાક્ષ કરતા હતા કે તે સ્ત્રી સુખ માણી શકે તેવો સક્ષમ નથી. જેથી આરોપીએ મનોમન નક્કી કર્યું હતું કે પોતે કોઈ સ્ત્રી સાથે સંબંધ રાખશે તો તે સાબિત કરી શકશે કે તે સક્ષમ છે. જ્યારે મૃતક મહિલા સ્વપ્રિલ આર્કેડ માં આવેલ ૫૦૧ નંબરની ઓફિસમાં સફાઈ કામ માટે આવતી હોવાની જાણ તેને હતી.નક્કી કરેલ પ્લાન મુજબ બિલ્ડિંગમાં વીજળી ન હોવાથી મૃતક મહિલા સીડી મારફતે પાંચમાં માળે આવશે અને કોઈપણ બહાના હેઠળ તેને અંદર બોલાવી સંબંધ બાંધવા માટે માંગણી કરશે તેવી તૈયારી સાથે રાહ જોઈને બેઠો હતો. મહિલા સીડી મારફતે પાંચમાં માળે જઈ રહી હતી ત્યારે આરોપીએ બીજા માળે હોલની સફાઈ કરવાની છે તે કામ જોઈ લેવાના બહાને તેને અંદર બોલાવીને દરવાજો બંધ કરી દીધો હતો. ત્યારબાદ તેની સાથે સંબંધ બાંધવા માટેની માંગણી કરી હતી. જોકે મહિલાએ આ બાબતે સ્પષ્ટ ના પાડી પોતાને જવા દેવા માટે કહીને બૂમાબૂમ કરતા આરોપી નજીક એક લોખંડના રોડ વડે મહિલાને માથાના ભાગે ફટકા મારી તેની હત્યા કરી દીધી હતી અને દરવાજો લોક કરીને નાસી ગયો હતો. મહિલાની હત્યા બાદ ક્રાઈમ બ્રાંચે ૫૦૦ થી વધુ લોકોની પૂછપરછ કરી અને જગ્યાના ટાવર લોકેશન આધારે ૧૬૦૦ થી વધારે નંબરનું એનાલિસ્ટ કર્યું હતું પરંતુ હત્યા થયેલ ૨૦૧ નબરના રૂમ ની ચાવી મિસિંગ હતી જે ચાવી આરોપી અરવિંદ ફેંકી હોવાનું સામે આવતા જ હત્યાના ગુનાનો ભેદ ઉકેલાયો. જોકે બિલ્ડીંગ માં વીજળીનું મેન્ટેનન્સ કામ ચાલતું હોવાથી વીજળી બંધ હોવાનો લાભ આરોપીએ ઉઠાવ્યો હતો. જેથી પોલીસને કોઈ સીસીટીવી ફૂટેજ પણ મળી આવ્યા ન હતા. હાલ માં પોલીસ એ આરોપી ની ધરપકડ કરી ને સમગ્ર મામલે વધુ પૂછપરછ શરૂ કરી છે

# ૧૭ ડિસેમ્બરે વડાપ્રધાન મોદીના હસ્તે ડાયમંડ બુર્સ ખૂલ્લું મૂકાશે

**સુરત હીરા બુર્સ મેનેજમેન્ટ કમિટીએ ભવ્યાતિભવ્ય ઉદ્‌ઘાટનની તૈયારીઓ શરુ કરી દીધી છે**



। સુરત,તા.૬ ।

સુરતમાં ડાયમંડ બુર્સના ઉદ્ઘાટનનું કાઉન્ટ ડાઉન શરુ થઈ ચુક્યું છે. મહત્વનુ છે કે અગાઉ હીરા બુર્સની મેનેજિંગ કમિટીના સભ્યો નવી દિલ્હી જઈને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રૂબરૂ મળીને ઉદ્‌ઘાટનમાટે તારીખ માંગવામાં આવી હતી. દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, દુનિયાનું સૌથી મોટું ડાયમંડ ટ્રેડીંગ હબ એટલે સુરત ડાયમંડ બુર્સ જેના ઉદ્ઘાટન માટે આજે સાંસદ સી.આર.પાટીલ, ડાયમંડ બુર્સના ચેરમેન વલ્લભભાઈ લાખાણી, ગોવિંદભાઈ, લાલજીભાઈ, ઈશ્વરભાઈ નાવડિયા, અરવિંદ ભાઈ ધાનેરા, મથુર ભાઈ સવાણી સહિતના આગેવાનો ભેગા થઈને પીએમ નરેન્દ્ર મોદીને રૂબરૂ મળીને ડાયમંડ બુર્સના ઉદ્ઘાટન માટેની તારીખ માંગવામાં આવી હતી. જેની આખરે તારીખ જાહેર કરવામાં આવી છે. આગામી ૧૭ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ડાયમંડ બુર્સ ખૂલ્લું મૂકાશે. સહકારી ધોરણે રૂ.૩૪૦૦ કરોડના અંદાજિત ખર્ચે સુરતના ખજોદ ખાતે તૈયાર થયેલા.

# રાજકોટની સરકારી શાળામાં શિક્ષકોની અછત જોવાઇ



। રાજકોટ, તા.૬ ।

રાજકોટના અંબિકા પાર્ક પાસે આવેલી એમ.એમ. પટેલ શાળા વિવાદમાં આવી છે. શાળામાં શિક્ષકોના અભાવે બાળકોનું ભણતર જોખમમાં છે. શિક્ષકોનો અભાવ હોવાથી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ પૂરો નથી થઈ રહ્યો. વિદ્યાર્થીઓનું કહેવું છે, કે ૨ વિષય તો ભણાવવામાં જ નથી આવી રહ્યા, કારણ કે શિક્ષક જ નથી. તો આવી સ્થિતિમાં કેવી રીતે ભણશે ? આ સમસ્યાથી વાલી અને વિદ્યાર્થીઓમાં નારાજગી વ્યાપી છે. બાળકો માટે ધોરણ-૧૨ ખૂબ મહત્વનું હોય છે, આ ધોરણ બાળકોના ભવિષ્યના નવા રસ્તા ચીંધવા માટે મહત્વનો અભિગમ છે. તો, શાળાના ટ્રસ્ટી જેરામ પટેલનું નિવેદન પણ સાંભળીએ, ટ્રસ્ટીનું કહેવું છે, કે સરકારનો પ્રશ્ન છે, સરકાર સોલ્વ કરશે, ઢઈને રજૂઆત કરવામાં આવી છે.મહત્વનું છે, કે આ પ્રકારે તો શિક્ષણ જોખમમાં છે.

# ડભોઈમાં રખડતા શ્વાનના આતંકથી લોકો ત્રાહિમામ

। વડોદરા,તા.૬ ।

રખડતા ઢોરની સાથે ગુજરાતના અલગ અલગ શહેરોમાં રખડતા શ્વાન પણ આતંક મચાવી રહ્યા છે. વડોદરાના ડભોઈમાં રખડતા શ્વાનના આતંકથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. છેલ્લા ૭ દિવસમાં ૧૫૦થી વધુ લોકોને રખડતા શ્વાન કરડયા છે. જેથી સરકારી હોસ્પિટલમાં ઈન્જેક્શન લગાવવા લોકોની લાંબી લાઈન લાગી હતી. શ્વાનના હુમલાથી રાહદારીઓ હેરાન પરેશાન થઈ રહ્યા છે. છતાં પાલિકાને ચિંતા ન હોવાનો સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. રસીકરણ અને ખસીકરણ અંગે પાલિકા ધ્યાન ન આપતી હોવાના સ્થાનિકોએ આરોપ લગાવ્યા હતા.

### પ્રેમભરી વાતો કરી કરોડો રૂપિયાનો ચૂનો લગાવી દીધો

# અજાણી યુવતી સાથે ફોનમાં મીઠી મીઠી વાતો કરવી ખેડૂતને ૩.૪૫ કરોડમાં પડી

## રાજસ્થાનના જોધપુરમાં આવેલ હવેલી રિનોવેશન કરવા તેમજ માતા-પિતા તેમજ પોતાની સારવાર કરવા સહિતના કોઈના કોઈ બહાને કુલ રૂપિયા ૨.૪૫ કરોડ પડાવી છેતરપિંડી કરી



। સુરત,તા.૬ ।

મોટા વરાછા વિસ્તારમાં રહેતા ખેડુતને મીસકોલ કરનાર મહિલા સાથે ફેન્ડશીપ કરવાનું ભારે પડ્યું છે. બનાસકાંઠા જીલ્લાની મહિલાએ ખેડુતને ફોન ઉપર મીઠીમીઠી પ્રેમભરી વાતો કરી લલચાવી વિશ્વાસમાં લીધા બાદ પરિવાર સાથે તેમની આબુમાં આવેલ હોટલનો લોચો દુર કરવા, રાજસ્થાનના જોધપુરમાં આવેલ હવેલી રિનોવેશન કરવા તેમજ માતા-પિતા તેમજ પોતાની સારવાર કરવા સહિતના કોઈના કોઈ બહાને કુલ રૂપિયા ૨.૪૫ કરોડ પડાવી છેતરપિંડી કરી હતી.

ઉત્રાણ પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મોટા વરાછા બ્રાહ્મણ ફળિયુ ખાતે રહેતા ખેડુત મુકેશ દિનેશભાઈ દેસાઈએ ગતરોજ બનાસકાંઠાના વડગામના મેઘાળના ચેતના ઉર્ફે પુજા ઉર્ફે મધુ વાઘજી વિહોળ,ઉફે જગદીશ દેસાઈ, વાઘજી ઉર્ફે જગદીશ દેસાઈ, રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુ વાવાઝા વિહોળ, ભુપતસિંહ વાઘ, રાજેન્દ્રસિંહગ દોલાજી, જ્યોતિબેન દેસાઈ સામે ફરિયાદ નોંધાલી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે એપ્રિલ ૨૦૧૩માં તેમના મોબાઈલમાં સોનીયા પટેલ નામની યુવતીનો મીસકોલ આપ્યો હતો. જેથી તેઓએ સામે કોલ કરતા સોનીયાએ તેના સહિત પરિવારના સભ્યોના નામ જણાવી સારી રીતે ઓળખતા હોવાનુ કહી તેની ફ્રેન્ડ તે તમારા સમાજની છે કહી વાતચીત શરુ કરી હતી.

તો બીજી તરફ પુજા દેસાઈએ તેની પરિસ્થિતિ ખરાબ છે તેની આબુમાં રાધાક્રિષ્ણા નામે હોટલ આવેલી છે, તેના ભાગીદારે પચાવી પાડી છે તેને પૈસાની જરૂર છે તમે મદદ કરો કહી બે દિવસ બાદ પુજા દેસાઈ સાથે વાત કરાવી હતી. ત્યારબાદ પુજા દેસાઈ સાથે ફ્રેન્ડશીપ કરી પ્રેમભરી મીઠીમીઠી વાતો કરતા હતા. પુજાએ તેની આબુની રાધાક્રિષ્ના હોટલ મારા ભાગીદારે પડાવી લીધી છે. મારા દાદાની રાજસ્થાન જોધપુરમાં હવેલી આવેલી છે અને અત્યારે અમારી પરિસ્થિતિ ખરાબ છે કહી તેના પિતા વાઘજી અને માતા જ્યોતિબેન તરીકે ઓળખ આપી તેમની હોટલ ૧૭ થી ૧૮ કરોડની છે તમે પૈસાની મદદ કરો તો હોટલ છોડાવી તમને પૈસા પરત આપી દઈશ. આ ઈમોશનલ વાત કરી ખેડૂતને વિશ્વાસમાં લીધા હતા.

શરુઆતમાં ટોળકીએ આંગડીયા પેઢી મારફતે પાલનપુર ખાતે ૫ લાખ મંગાવ્યા હતા. આ રીતે ટુકડે ટુકડે કરી જુન ૨૦૧૩થી ડિસેમ્બર ૨૦૧૩ સુધીમાં ટુકડે ટુકડે ૧,૦૫,૦૦,૦૦૦, જાન્યુઆરી ૨૦૧૪ થી ડસેમ્બર ૨૦૧૪ સુધીમાં ૧,૦૯,૦૦,૦૦૦, સન ૨૦૧૫માં માતાની કીડનીનું, ભાઈનું હાથના ઓપરેશનના બહાને ૭૦ લાખ અને સન ૨૦૧૬માં પિતાને હાર્ટના ઓપરેસનના બહાને રૂપિયા,૨૦,૬૯,૦૦૦, ૨૦૧૭માં પુજા પોતે બિમાર

### અરવલ્લીમાં વન મહોત્સવ કાર્યક્રમ યોજાયો

# કાર્યક્રમમાં દિપસિંહ રાઠોડે સ્ટેજ પર જ અધિકારીઓને ખખડાવ્યા

## પ્રોટોકોલને લઈ અધિકારીઓ પર ગુસ્સે ભરાયા હતા અને સ્ટેજ પરથી ઉચ્ચ અધિકારીઓને ખખડાવ્યા હતા




। અરવલ્લી,તા.૬ ।


અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ જિલ્લા કક્ષાના વન મહોત્સવ કાર્યક્રમમાં સાબરકાંઠા - અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતા તેમજ તેઓ પ્રોટોકોલને લઈ અધિકારીઓ પર ગુસ્સે ભરાયા હતા અને સ્ટેજ પરથી ઉચ્ચ અધિકારીઓને ખખડાવ્યા હતા. સાંસદે અધિકારી બાદ સ્પીચ આવતા પ્રોટોકોલ મામલે નારાજગી વ્યક્ત કરી છે

પ્રોટોકોલ ન જળવાયું એવું નથી તેમજ વન વિભાગના બે કર્મચારીઓ સ્ટેજ પર બુટ પહેરી સ્ટેજ આવ્યા એ ન આવવા જોઈએ પરંતુ એમની ગેર સમજ છે. તેમણે ઉમેર્યું કે, આ બાબતે ફોરેસ્ટ વિભાગે ઓછું ધ્યાન રાખ્યું એમ કહું તો ચાલે અને પ્રોટોકોલમાં ઓછું ધ્યાન રાખ્યું છે એમાં કોઈ મુદ્દો નથી તેમજ પ્રોટોકોલ સચવાયું નથી એવુ પણ નથી.

સાંસદ દિપસિંહ રાઠોડે સ્ટેજ પરથી અધિકારીઓને ખખડાવતા કહ્યું હતું કે, પ્રોટોકોલ ન જાળવ્યો પણ હવે વાંધો નહીં. તેમજ સાંસદે અધિકારીઓને કેટલીક બાબતોમાં ધ્યાન રાખવા સૂચનો પણ આપ્યા હતા. સાંસદ દિપસિંહ રાઠોડે સ્ટેજ પરથી અધિકારીઓને ખખડાવતા કહ્યું હતું કે, પ્રોટોકોલ ન જાળવ્યો પણ હવે વાંધો નહીં. તેમજ સાંસદે અધિકારીઓને કેટલીક બાબતોમાં ધ્યાન રાખવા સૂચનો પણ આપ્યા હતા.

આ જિલ્લા કક્ષાના વનમહોત્સવ કાર્યક્રમમાં મહિલા ગ્રુપ નર્સરી સાથે જોડાયેલા સંખીમંડળના ગ્રુપોને ચેક વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથોસાથ વનવિભાગ સાથે જોડાયેલા અધિકારીઓ અને કર્મચારીઓને પ્રસસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# RBPHના ૧૨૦૦મેગાવોટના ૬ ટર્બાઇન ચાલુ કરી વીજનું ઉત્પાદન શરૂ કરાયું



। દીપક જગતાપ રાજપીપળા, તા.૦૬ ।

ગુજરાતના ખેડૂતો સહિત તમામનાગરિકો માટે ખુશીના સમાચાર સામેઆવ્યા છે. નર્મદા જિલ્લામાં આવેલા સરદાર સરોવર ડેમની જળસપાટીમાંવધારો થયો છે. સાથે જ નર્મદા ડેમ ૮૦ ટકાથી વધુ ભરાઈ ગયો છે. ૨૪ કલાકમાં સરદાર સરોવર ડેમની સપાટીમાં ૧૭ સેન્ટીમીટરનો વધારો નોંધાયો છે. ડેમની જળસપાટી ૧૩૦.૬૮ મીટરે પહોંચી છે. તો સાથેજ ડેમમાં ૭૨૧૭૬ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. મધ્યપ્રદેશમાં ઉપરવાસ વરસાદ સરોવરપડવાના કારણે સરદાર ડેમમાં પાણીની સારી આવક થઈ રહીછે. જેના કારણે ડેમની જળ સપાટીમાં વધારો થઈ રહ્યો છે.

છેલ્લા ત્રણ કલાકમાં પાણીની સરેરાશ આવક ૭૧,૮૮૮ ક્યૂસેક થઈ છે.રિવરબેડ પાવરહાઉસમાંથી નદીમાં જાવક ૪૪,૩૨૦ ક્યૂસેક નોંધાઈ છે.કેનાલ હેડ પાવરહાઉસમાંથી પાણીની જાવક ૫,૧૭૧ ક્યૂસેક નોંધાઈ છે.છેલ્લા ૨૪ કલાકમાં સપાટીમાં ૧૫ સે.મી.નો વધારો થયો છે. મધ્યપ્રદેશના બર્ગી ડેમના ૧૭ ગેટ અત્યારે ૨.૧૭ મીટર સુધી ખોલી દેવામાં આવ્યા છે. તેમાંથીઅત્યારે પાણી છોડવામાં આવીરહ્યુ છે. બરગી ડેમાં બાદ ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમ અને ત્યારબાદ સરદાર સરોવર ડેમમાં પાણી આવતુ હોય છે. એટલે કે સરદાર સરોવર ડેમમાં પાણી આવતા લગભગ ૭૨ કલાકજેટલો સમય લાગતો હોય છે. ત્યારે હાલ તો નર્મદા ડેમમાં જળ સપાટીવધતા **RBPH**ના ૧૨૦૦મેગાવોટના ૬ ટર્બાઈન ચાલુ કરી વીજનું ઉત્પાદનકરવામાં આવી રહ્યુ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. પોતાની અંગત સમસ્યાઓ ઉકેલવા માટે મિત્ર તમારી મદદ લઈ શકે છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. તમારા શરીર ને સુધારવા માટે, તમે આજે પણ ઘણી વાર વિચારશો, પરંતુ બાકી ના દિવસોની જેમ, આ યોજના પણ અટકાયેલી રહેશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. આજે તમારો કોઈ સબંધી કોઈ પૂર્વ સૂચના વિના તમારા ઘરે આવી શકે છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. પરિવારના સભ્યો સાથેના સામાજિક મેળાવડા બધાને સારા મૂડમાં રાખશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. તમારા બાળકો ને આજે સમય નો સારો ઉપયોગ કરવા ની સલાહ આપી શકો છો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટાથી ધન સંચિત કરવા ની સલાહ લો. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો.



પ્રયાગરાજમાં 'અધિક માસ'ના મહિનામાં ભગવાન શિવને અર્પણ કરવા માટે ભક્તો ગંગા નદીના પવિત્ર જળથી ભરેલા ઘડા લઈ જાય છે.

ન્યૂઝ બ્રિફ

## વિધવાના મંદિર પ્રવેશ પર રોક સામે મદ્રાસ કોર્ટનું આકરું વલણ

**મહિલાની પોતાની અલગ ઓળખ હોય છે અને તેને વૈવાહિક દરજ્જાના આધારે કોઈપણ રીતે ઘટાડી ન શકાય : કોર્ટ**



। ચેન્નાઈ, તા.૬ ।

મદ્રાસ હાઈકોર્ટે વિધવા મહિલાઓના પ્રવેશ પર રોક લગાવનારી પ્રથાઓ પર સખત ફટકાર લગાવી છે. કોર્ટે કહ્યું કે, કોઈ પણ સભ્ય સમાજમાં આ પ્રકારની પ્રથા ન હોઈ શકે. કોર્ટે એક મહિલાની અરજી પર સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરી છે. જેમાં ઈરોડ જિલ્લામાં એક મંદિરમાં જવા અને કાર્યક્રમમાં ભાગ લેવા માટે પોલીસ સુરક્ષાની માંગ કરવામાં આવી હતી. જસ્ટિસ આનંદ વેંકટેશની પીઠને મહિલાએ જણાવ્યું કે, તેમના પતિ મંદિરમાં પૂજારી હતા. જેમનું ૨૮ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ મૃત્યુ થઈ ગયુ હતું. મહિલાએ જણાવ્યું કે, તે પોતાના પુત્ર સાથે મંદિરના ઉત્સવમાં ભાગ લેવા અને પૂજા કરવા ઈચ્છતી હતી પરંતુ કેટલાક લોકોએ તેમને એવું કરતા અટકાવી દીધી. અને મહિલાને કહ્યું કે, તે વિધવા હોવાના કારણે મંદિરમાં પ્રવેશ ન કરી શકે. આ સાથે જ મહિલાએ આગામી ૦૯ અને ૧૦ ઓગષ્ટના રોજ મંદિરમાં યોજાનાર ઉત્સવમાં ભાગ લેવા માટે સુરક્ષાની માંગ કરી છે. પીઠે આ મામલે સખત નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું કે, આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે, આ રાજ્યમાં હજું પણ આ જુની માન્યતા છે કે, જો કોઈ વિધવા મંદિરમાં પ્રવેશ કરે તો તેના કારણે મંદિરમાં અપવિત્રતા થઈ જાય છે. જોકે, આ તમામ મુર્ખતાપૂરણ માન્યતાઓને તોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તેમ છતાં કેટલાક ગામોમાં તેનો અભ્યાસ ચાલું છે. કોર્ટે આ મામલે આગળ કહ્યું કે, પુરુષોએ આ નિયમો પોતાની સુવિધા માટે બનાવ્યા છે. આ હકિકતમાં એક મહિલાને અપમાનિત કરે છે કારમ કે, તેમણે પોતાનો પતિ ગુમાવ્યો છે. જસ્ટિસ વેંકટેશે વધુમાં કહ્યું કે, મહિલાની પોતાની અલગ ઓળખ હોય છે અને તેને વૈવાહિક દરજ્જાના આધારે કોઈપણ રીતે ઘટાડી ન શકાય.

### લૂંટ અને અન્ય ઘટનાઓ થતી નથી

## આ એક મંદિર પર દરેક લોકો કરે છે પથ્થરનો ઘા

**રાત્રે પસાર થતા લોકો માટે આ રસ્તો સુરક્ષિત નથી, આવી સ્થિતિમાં અહીંના લોકો અપ્રિય ઘટનાથી બચવા માટે પથ્થરો ચઢાવે છે**

। નવી દિલ્હી, તા.૬ ।

ડુંગરપુરમાં રસ્તાની બાજુમાં પથ્થરોનો ઢગલો જોવા મળે છે. અહીં આવનાર દરેક વ્યક્તિ અહીં પથ્થર ચઢાવે છે. ખાસ કરીને જે રાત્રે પસાર થાય છે. લોકોનું માનવું છે કે, અહીં પત્થરો ચઢાવવાથી તેમની સાથે માર્ગ અકસ્માત, લૂંટ અને અન્ય ઘટનાઓ થતી નથી. ડુંગરપુરના થાણા ગામમાં મેડિકલ કોલેજ પાસે રસ્તામાં તમને પથ્થરોનો ઢગલો જોવા મળશે. ઢગલો જાણે પથ્થરની ફેક્ટરી ચાલુ હોય તેવું લાગી રહ્યું છે. રાત્રે આ રસ્તેથી પસાર થતા લોકો અહીં રોકાઈને પથ્થર ચઢાવે છે. પથ્થરોના આ ઢગલા પાસે પરિસ્થિતિ એવી છે કે તમને ઢગલા સિવાય બીજો કોઈ પથ્થર જોવા મળશે નહીં. લોકો તેમની સાથે અન્ય સ્થળોએથી પત્થરો લાવે છે. આ પથ્થરોના ઢગલા વિશે ઘણી કથાઓ છે, કેટલાક કહે છે કે એક સારો માણસ હતો જેણે લોન લીધી હતી. જ્યારે દેવાદાર તેને પૈસા માટે હેરાન કરતા હતા ત્યારે તે આ જગ્યાએ એક ઝાડ નીચે બેઠો હતો અને ત્યારબાદ તેનું મોત થયું હતું. આ બાદથી દરરોજ રાત્રે તે વ્યક્તિ ઝાડની છાયામાં દેખાઈ છે. ત્યારબાદ ગ્રામજનોએ તેમના આત્માની શાંતિ માટે મોટો હવન યોજ્યો હતો. ત્યારે અચાનક આકાશમાંથી પથ્થરોનો વરસાદ થવા લાગ્યો હતો, ત્યારથી લોકો અહીં પથ્થર ચઢાવે છે. અન્ય એક કિસ્સો અહીંના લોકો કહે છે કે, અગાઉ આ રોડ અકસ્માત ઝોન હતો. અહીં રોજ રોડ અકસ્માતો થતા હતા.

### રાજસ્થાનમાં સગીરા પર સામૂહિક દુષ્કર્મ મામલે ખુલાસો

## સગીરા સાથે દુષ્કર્મ બાદ કોલસાની ભઠ્ઠીમાં ફેંકી દીધી, ચારની ધરપકડ

**આરોપીઓએ મૃતદેહને ભઠ્ઠીમાં નાખી દીધો હતો,**

। ભીલવાડા, તા.૬ ।

રાજસ્થાનમાં ભીલવાડા જિલ્લાના કોટડી પોલીસ સ્ટેશનની હદમાં એક સગીરા સાથે સામૂહિક દુષ્કર્મ અને તેને કોલસાની ભઠ્ઠીમાં બાળી નાખવા મામલે પોલીસે જે ચાર આરોપીઓની ધરપકડ કરી હતી એ લોકોએ સમગ્ર મામલાનો ખુલાસો કર્યો છે.



પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ આદર્શ સિધુએ જણાવ્યું કે પોલીસે સાયન્ટિફિક પ્રૂફ અને અન્ય પુરાવાઓના આધારે આ મામલે ચાર લોકોની ધરપકડ કરી હતી. આ લોકોની પૂછપરછ કરી હતો જાણ થઈ કે બે લોકોએ સગીરા પર સામૂહિક દુષ્કર્મ કર્યું હતું. તેના માથા પર હુમલો કર્યો અને પછી તેને ભઠ્ઠીમાં ફેંકી દીધી હતી. પોલીસને તપાસ દરમિયાન બાળકીના અંગો મળી આવ્યા હતા.

એસપી આદર્શ સિધુએ કહ્યું કે બાળકી તેના ઘરેથી બકરી ચરાવા ગઈ હતી. બપોરના સમયે ખેતરની નજીક કોલસા ભઠ્ઠી ચલાવતા ૨૧ વર્ષના તસવારિયા ગામના કાન્હા અને ૨૫ વર્ષના કાળુએ બાળકી પર સામૂહિક દુષ્કર્મ આચર્યું અને તેના પછી તેને ભઠ્ઠીમાં નાખી દીધી. રાતે ૧૧ વાગ્યે જ્યારે ભઠ્ઠી જોઈ તો બાળકીનું શબ પૂરેપૂરું બળી ગયું નહોતું.

પછી એ લોકોએ થેલામાં આ શબ નાખી નજીકમાં આવેલા તળાવમાં નાખી દીધું. એસપીએ મોટો ખુલાસો કરતાં કહ્યું કે આરોપીઓની પત્નીઓ અને પરિજનો પણ આ શબને ઠેકાણે પાડવામાં સામેલ હતા. આ તમામ લોકોની ધરપકડ કરવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

### જ્ઞાનવાપી મસ્જિદમાં એએસઆઈ ટીમનો સર્વે

## મસ્જિદના ભોંયરામાંથી મંદિર સબંધિત અનેક ચિહ્ન મળ્યા

। નવી દિલ્હી, તા.૬ ।

એએસઆઈની ટીમ સતત બીજા દિવસે જ્ઞાનવાપી મસ્જિદના પરિસરમાં સરવે કરી રહી છે. શનિવારે મુસ્લિમ પક્ષ દ્વારા સહયોગ કરાયા બાદ મસ્જિદના ભોંયરામાં પણ સરવે હાથ ધરાયો હતો. આ દરમિયાન હિન્દુ પક્ષે દાવો કર્યો હતો કે મસ્જિદના ભોંયરામાં મંદિર સંબંધિત અનેક ચિહ્ન મળી આવ્યા છે.

હિન્દુ પક્ષના વકીલ અનુપમ દ્વિવેદીએ દાવો કર્યો હતો કે અત્યાર સુધીની તપાસમાં જુદા જુદા પોઈન્ટ પર ટેમ્પલ આર્કિટેક્ટ સામે આવ્યું છે. નમાઝને લીધે બપોરે સરવે અટકાવી દેવાયો હતો. લંચ બાદ તે ફરી શરૂ કરાયો હતો. તેમાં બીજા ભોંયરાની તપાસની સાથે જ હોલની અંદર ઝિણવટપૂર્વક સરવે હાથ ધરાશે. એડવોકેટ અનુપમ દ્વિવેદીએ કહ્યું કે એએસઆઈએ જ્ઞાનવાપીના ભોંયરાની તપાસ શરૂ કરી છે. ત્યાં હિન્દુ મંદિરના નિશાન મળી આવ્યા છે.

તેમણે જણાવ્યું કે એએસઆઈના સરવે જ્ઞાનવાપી મસ્જિદના દક્ષિણ ભોંયરામાં પણ કરાયો હતો. અહીં જીએનએસએસ મશીનની મદદથી થ્રી ડી ઈમેજ તૈયાર કરાઈ હતી. અગાઉ સરવે ટીમ જ્ઞાનવાપી મસ્જિદના મુખ્ય હોલમાં પહોંચી હતી. અહીં સ્તંભ અને દીવાલો પર કમલના ફૂલ, પાંદડા તથા મૂર્તિઓના ચિહ્ન મળી આવ્યા હતા. સંપૂર્ણ હોલનું મેપિંગ કરાયું હતું. અહીં સ્તંભ અને દીવાલો પર કમલના ફૂલ, પાંદડા તથા મૂર્તિઓના ચિહ્ન મળી આવ્યા હતા. સંપૂર્ણ હોલનું મેપિંગ કરાયું હતું.

### સ્ટડીમાં સામે આવી આ જૂના દાવાની હકીકત

## યુવક અને યુવતી ક્યારેય માત્ર ફ્રેન્ડ્સ નથી રહી શકતા?

**રિસર્ચ અનુસાર, યુવક કે યુવતી લાંબા સમય સુધી માત્ર મિત્રો નથી રહી શકતા**

। નવી દિલ્હી, તા.૬ ।

અરે અમે ખાલી મિત્રો છીએ! તમે ઘણીવાર પરિવારના લોકો કે મિત્રોને આ સમજાવવાની કોશિશ કરી હતી કે તમારાં મેલ કે ફિમેલ ફ્રેન્ડ સાથે મિત્રતાથી વિશેષ કશું જ નથી. પરંતુ શું ખરેખર તેઓએ તમારી વાત પર વિશ્વાસ કર્યો? એ વાતમાં કોઈ શંકા નથી કે પ્રેમની પહેલી સીડી મિત્રતા હોય છે. તેથી જ ઘણીવાર લોકો પોતાના બેસ્ટફ્રેન્ડ કે બાળપણના મિત્રને જ જીવનસાથી બનાવવાનો નિર્ણય લેતા હોય છે ત્યાં સુધી કે ફિલ્મોમાં પણ આ વાતનો ઉલ્લેખ અવારનવાર થાય છે કે, એક યુવક અને યુવતી માત્ર સારા મિત્રો નથી રહી શકતા. તમે ભલે લોકોના આ વિચારને અવગણીને ઓપોઝિટ જેન્ડર સાથે તમારી મિત્રતાને સૌથી અલગ ગણાવતા હોવ પરંતુ હકીકત કે લોકોના વિચાર તેનાથી બદલાતા નથી. હકીકત શું છે? તેની જાણકારી તમે આ સ્ટડીથી મેળવી શકો છો. જર્નલ ઓફ સોશિયલ એન્ડ પર્સનલ રિલેશનશિપ્સમાં પ્રકાશિત એક રિસર્ચ અનુસાર, યુવક કે યુવતી લાંબા સમય સુધી માત્ર મિત્રો નથી રહી શકતા. આ દાવામાં અમુક હદે સચ્ચાઈ હોઈ શકે છે. ભલે તમે વિચારતા હોવ કે તમે ઓપોઝિટ જેન્ડરની સાથે માત્ર મિત્રતા જ જાળવી રહ્યા છો, પરંતુ રોમાન્સની સંભાવના અમુક હદે વધી જાય છે.

**વિશેષ**


### નિવૃત્તી લેનારા ત્રણ મોટા ખેલાડીઓ ઈંગ્લેન્ડના છે, આ ત્રણેય ખેલાડીઓએ ઈંગ્લિશ ટીમ માટે વર્લ્ડ કપ જીત્યો હતો

# પાંચ જ દિવસમાં વિશ્વના ક્રિકેટમાં ખળભળાટ : ૩૧ જુલાઈથી ૪ ઓગસ્ટ સુધી વિશ્વના પાંચ ખેલાડીએ નિવૃત્તી જાહેર કરી

વર્ષ ૨૦૨૩માં ક્રિકેટ જગતમાં ઘણી એક્શન થઈ છે અને ઘણી એક્શન સેકેન્ડ હાફમાં થશે. તેમાં એશિયા કપ અને વન-ડે વર્લ્ડ કપ જેવી મોટી ટુર્નામેન્ટ પણ સામેલ છે. પરંતુ એ પહેલા છેલ્લા પાંચ દિવસમાં ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે. ૩૧ જુલાઈ ૨૦૨૩ થી ૪ ઓગસ્ટ ૨૦૨૩ સુધીમાં વિશ્વના પાંચ ખેલાડીઓએ નિવૃત્તિની જાહેરી દીધી છે. મહત્વની વાત એ છે કે, તેમાંથી ત્રણ મોટા ખેલાડીઓ ઈંગ્લેન્ડના છે. આ ત્રણેય ખેલાડીઓએ ઈંગ્લિશ ટીમ માટે વર્લ્ડ કપ જીત્યો હતો. નિવૃતિની શરૂઆત એશિઝ ૨૦૨૩ની પાંચમી ટેસ્ટથી થઈ હતી જ્યાં સ્ટુઅર્ટ બ્રોડ અને મોઈન અલીએ ૩૧ જુલાઈના રોજ તેમની નિવૃત્તિની જાહેરાત કરી હતી. જો કે, મોઈન હજુ વ્હાઈટ બોલ ક્રિકેટ રમવાનું ચાલુ રાખશે પરંતુ બ્રોડે હાલ માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું છે. બ્રોડે ઈંગ્લેન્ડ માટે ૬૦૪ ટેસ્ટ વિકેટ, ૧૭૮ વન-ડે વિકેટ અને ૬૫ ટીર૦ આંતરરાષ્ટ્રીય વિકેટ પોતાના નામે કરી છે. બીજી તરફ મોઈન અલીએ ઈંગ્લેન્ડ માટે ટેસ્ટ ક્રિકેટમાંથી પહેલા જ નિવૃત્તિ લઈ લીધી હતી પરંતુ તે એશિઝમાં પરત ફર્યો હતો પરંતુ તે પછી તરત જ તેણે ફરીથી રેડ બોલ ક્રિકેટને અલવિદા કહી દીધું. મોઈને ઈંગ્લિશ ટીમ માટે ૬૮ ટેસ્ટ મેચ રમી ૩૦૯૪ રન બનાવ્યા હતા. આ સાથે જ તેમણે ૨૦૪ વિકેટ પણ પોતાના નામે કરી હતી. આ બે ખેલાડીઓના જવાથી ઈંગ્લેન્ડના ટેસ્ટ ક્રિકેટમાં એક યુગનો અંત આવ્યો છે.







પશ્ચિમ બંગાળના રમતગમત મંત્રી અને ભારત માટે ૧૨ વન-ડે અને ત્રણ ટીર૦ મેચ રમનાર મનોજ તિવારીએ ૩ ઓગસ્ટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધુ છે. મનોજ તિવારીએ ૨૦૦૮માં ઈન્ટરનેશનલ ડેબ્યુ કર્યું હતું અને ૨૦૧૫થી તેઓ ટીમની બહાર છે. વન-ડે ક્રિકેટમાં તેની સર્વશ્રેષ્ઠ ઈનિંગ્સ ૨૦૧૧માં ચેન્નાઈમાં વેસ્ટ ઈન્ડિઝ સામે આવી હતી જ્યાં તેણે અણનમ ૧૦૪ રન બનાવ્યા હતા. આ ઉપરાંત તેમણે ૧૪૧ ફર્સ્ટ ક્લાસ મેચમાં ૪૮.૫૬ની એવરેજથી ૯૯૦૮ રન બનાવ્યા હત જેમાં ૨૯ સદી અને ૪૫ અડધી સદી સામેલ છે. અને તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર અણનમ ૩૦૩ રન રહ્યો હતો. તિવારીએ ૨૦૨૨-૨૩ રણજી ટ્રોફીની ફાઈનલમાં પહોંચેલી બંગાળની ટીમનું નેતૃત્વ કર્યું હતું. તેઓ આઈપીએલ ૨૦૧૨નો ખિતાબ જીતનાર કેકેઆરની ટીમનો પણ હિસ્સો હતા.

વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ પહેલા ઈંગ્લેન્ડના અન્ય એક વર્લ્ડ ચેમ્પિયન ખેલાડીએ ૪ ઓગસ્ટના રોજ સન્યાસ લઈને બધાને ચોંકાવી દીધા હતા.

તાજેતરમાં ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૨માં ઈંગ્લેન્ડ માટે ઓપનિંગ કરતી વખતે કમાલ કરનાર એલેક્સ હેલ્સે સન્યાસ લઈને બધાને ચોંકાવી દીધા હતા. હેલ્સે ટીર૦ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં ભારતની ૧૦ વિકેટથી જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

તેણે ઈંગ્લેન્ડ માટે ત્રણેય ફોર્મેટમાં ક્રિકેટ રમી હતી. ૨૦૧૧માં ઈંગ્લેન્ડ માટે ટીર૦ ઈન્ટરનેશનલ ડેબ્યૂ કર્યા બાદ, હેલ્સે ઈંગ્લેન્ડ માટે ૧૧ ટેસ્ટમાં ૫૭૩ રન, ૭૦ વનડેમાં ૨૪૧૯ રન અને ૭૫ ટીર૦ મેચમાં ૨૦૭૪ રન બનાવ્યા હતા. તેણે ત્રણેય ફોર્મેટમાં કુલ ૭ સદી પણ ફટકારી હતી.

ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૨૦૧૪માં નેપાળ તરફથી ડેબ્યુ કરનાર જ્ઞાનેન્દ્ર મલ્લાએ પોતાની નવ વર્ષના કરિયાર દરમિયાન ૩૭ વન-ડે અને ૪૫ ટીર૦ મેચ રમી હતી.

૩૨ વર્ષીય ખેલાડીએ વનડેમાં સાત અર્ધશતક સાથે ૮૭૬ રન બનાવ્યા હતા જ્યારે ટીર૦માં તેમણે એક સદી અને બે અર્ધસદી સાથે ૧૨૦.૨૯ની સ્ટ્રાઈક રેટથી ૮૮૩ રન બનાવ્યા હતા. પાળની ટીમ પ્રથમ વખત એશિયા કપ માટે ક્વોલિફાય થઈ હતી અને ટીમ ૩૦ ઓગસ્ટથી શરૂ થઈ રહેલા વન-ડે એશિયા કપમાં પણ ભાગ લેશે. તે પહેલા આ ખેલાડીની નિવૃત્તિ ટીમ માટે મોટો ફટકો બની શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### સાબરકાંઠા જિલ્લામાં ચોમાસાને લઈ મચ્છરજન્ય સહિતના રોગોએ માથુ ઉંચક્યુ

| સાબરકાંઠા, તા.૬ |

ચોમાસાની શરુઆત બાદ હવે જુદા જુદા રોગોના દર્દીઓની સંખ્યા વધવા લાગી છે. હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં પાછળના એક મહિનામાં વધારો નોંધાયો છે. હિંમતનગર જનરલ સિવિલ હોસ્પિટલમાં જૂન માસના પ્રમાણમાં દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. જિલ્લામાં હાલમાં અનેક વિસ્તારમાં ડેંગ્યૂના કેસમાં પણ વધારો થયો છે. પ્રાંતિજ વિસ્તારમાં પણ બાળકોમાં ડેંગ્યૂના કેસ છેલ્લા એક માસમાં વધારે જોવા મળી રહ્યા છે. આ દરમિયાન સિવિલ હોસ્પિટલમાં દમ અને અસ્થમા અને કન્જેક્ટિવાઈસના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. ચોમાસાની રુતુને લઈ ચામડીના દર્દીઓમાં પણ વધારો જોવા મળ્યો છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો સર્જાયો છે. જૂન માસમાં સિવિલ હોસ્પિટલની જનરલ ઓપીડીની સંખ્યા ૨૨૭૧૬ હતી જે જુલાઈ માસમાં વધીને ૨૪૩૮૮ થવા પામી છે.

### સુરત શહેરમાં ચાલુ ટીવીમાં બ્લાસ્ટ થયો

| સુરત, તા.૬ |

સુરત શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરત શહેરમાં ચાલુ ટીવીમાં બ્લાસ્ટ થયો હતો. શહેરના લીંબાયત વિસ્તારમાં ઘટના બની હતી. લીંબાયત વિસ્તારમાં આવેલા ગોવિંદનગરમાં એક ઘરમાં ટીવીમાં અચાનક બ્લાસ્ટ થતાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ચાલુ ટીવીમાં અચાનક બ્લાસ્ટ થતાં ઘરમાંથી કાળા ધુમાડા નીકળવા લાગ્યા હતા, સ્થાનિકોએ તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગ ફેલાવા દીધી નહોતી. સદનસીબે કોઈ જાનહાની થઈ નહોતી. સ્થાનિકોએ તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગ ફેલાવા દીધી નહોતી. સદનસીબે કોઈ જાનહાની થઈ નહોતી.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શ્રદ્ધાંજલિ અર્પણ કરી

# જમ્મુથી અમદાવાદ લવાયો શહીદ મહિપાલસિંહ વાળાનો નશ્વરદેહ

## શહીદ વીરનો પાર્થિવ દેહ ઘરે પહોંચતા જ ભારત માતા કી જય અને વંદે માતરમના નારા સાથે વાતાવરણ ગૂંજ્યું

| અમદાવાદ, તા.૬ |

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં મૂળ સુરેન્દ્રનગરના અને હાલ અમદાવાદના વિરાટનગરમાં રહેતા ૨૫ વર્ષીય જવાન મહિપાલસિંહ વાળા શહીદ થયા છે. રવિવારે સાંજે શહીદ જવાનનો મૃતદેહ અમદાવાદના એરપોર્ટ પર આવી પહોંચ્યો હતો. જ્યાંથી તેઓના મૃતદેહને એરપોર્ટના મેઘાણીનગર ગેટથી બહાર લાવવામાં આવ્યો હતો. જ્યાં શહીદ જવાનના સ્વજનો પણ આવી પહોંચ્યાં હતાં. ત્યારબાદ શહીદ જવાનનો મૃતદેહ તેમના નિવાસસ્થાને લવાયો હતો. શહીદ મહિપાલસિંહના નિવાસસ્થાને મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા અને તેમનાં ઘરની બહાર ભીડ જમા થઈ હતી તેમજ રોડ ઉપર બેનરો પણ લગાવવામાં આવ્યા હતા. વીર જવાનને શ્રદ્ધાંજલિ આપવા આખું અમદાવાદ ઉમટ્યું હતું. 'ભારત માતા કી જય'ના નારા સાથે માણસોના ટોળે-ટોળા રસ્તા પર જવાનને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માટે આવ્યા હતા. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વીર જવાનને શ્રદ્ધાંજલિ આપવા માટે અમદાવાદ પહોંચ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં શહીદ વીર જવાનના વિરાટનગર રોડ,



ઓઢવ ખાતેના નિવાસસ્થાને પહોંચ્યા હતા. મુખ્યમંત્રીએ શહીદ મહિપાલસિંહને વિરાંજલિ અર્પિત કરવાની સાથે-સાથે તેમના પરિવારજનોને પણ સાંત્વના પાઠવી હતી. અહીં નોંધનીય છે કે શ્રીનગરમાં શહીદ થયેલા અમદાવાદના મહિપાલસિંહ વાળાને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. શહીદ જવાનનો પાર્થિવ દેહ અમદાવાદ સ્થિત તેમના નિવાસસ્થાને લવાયો હતા. જ્યાં મુખ્યમંત્રી સહિત ભાજપના ધારાસભ્ય અમિત શાહ, જગદીશ પંચાલ શ્રદ્ધાંજલિ અર્પિત કરવા પહોંચ્યા હતાં. છેલ્લા ૮ વર્ષથી મહિપાલસિંહભારતીયસેનામાંફરજબજાવતા હતા. સૌથી દુઃખદ વાત એ છે કે દેશની રક્ષા માટે શહીદ થનારા જવાન મહિપાલસિંહના પત્ની ગર્ભવતી છે. મહિના પહેલા જ તેમનાં પત્નીનું સીમંત યોજાયું હતું. તેમના ઘરે પારણું બંધાવવાનું છે. મળતી માહિતી મુજબ, શહીદ જવાન મહિપાલસિંહ વાળા વર્ષ ૨૦૧૬ની આસપાસ ભારતીય સૈન્યમાં જોડાયા હતા. મધ્યપ્રદેશના જબલપુર ખાતે તેમણે એક વર્ષની ટ્રેનિંગ લીધી હતી. ત્યારબાદ તેમનું ગુવાહાટી ખાતે પોસ્ટિંગ થયું હતું. ત્યાં થોડાં વર્ષો ફરજ બજાવ્યા બાદ તેમનું ચંડીગઢમા પોસ્ટિંગ થયું હતું. ચંડીગઢથી તેઓની છ મહિના પહેલાં જમ્મુ-કાશ્મીર ખાતે બદલી કરવામાં આવી હતી. ૩૪ રાષ્ટ્રીય રાઈફલમાં તેઓનું પોસ્ટિંગ થયું હતું. ઉલ્લેખનીય છે કે, શુક્રવારે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ અને સેનાના જવાનો વચ્ચે થયેલી અથડામણમાં અમદાવાદમાં રહેતા સેનાના જવાન મહિપાલસિંહ વાળા શહીદ થયા છે.

### ૬૨૫થી વધુ વાહનોને તાળા મરાતા લોકોમાં ફફડાટ

# જજીસ બંગલો રોડ સહિતના માત્ર ઉત્તર પશ્ચિમ ઝોનમાંથી ૩.૨૫ લાખ દંડ વસૂલાયો

## ગેરકાયદેસર રીતે પાર્ક કરેલ ૬૪ વાહનને તાળાં મારીને કુલ ૨૯,૫૦૦નો વહીવટીચાર્જ વસૂલવામાં આવ્યો હતો

| અમદાવાદ, તા.૬ |

મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા શહેરમાં સતત વકરતી જતી ટ્રાફિક જામની સમસ્યાના નિરાકરણ માટે વિવિધ પ્રકારના ઉપાયો અજમાવવામાં આવી રહ્યા છે. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આ સમસ્યા વધુ વિકટ બનતી જાય છે, જેના કારણે તાજેતરમાં મ્યુનિ. કમિશનર એમ. થેન્નારસને ખાસ પાંચ વીઆઈપી રોડ માટે વિશેષ અભિયાન હાથ ધરવાની તાકીદ સંબંધિત અધિકારીઓને કરી છે. આ પાંચ વીઆઈપી રોડ પરના ટ્રાફિકને નડતરરૂપ દબાણ કે વાહનને દૂર કરી લોકોને સરળતા કરી આપવાના ઉદ્દેશથી તમામ રોડ દીઠ અમલીકરણ અધિકારી અને સુપરવિઝન અધિકારીની નિમણૂક કરાઈ છે. દરમિયાન, માત્ર ઉત્તર પશ્ચિમ ઝોનના કુલ ત્રણ રોડની કામગીરીની વિગત તપાસતાં અત્યાર સુધી મ્યુનિસિપલ તિજોરીમાં રૂ. સવા ત્રણ લાખ દંડ પેટે વસૂલાયા હોવાની વિગત જાણવા મળી છે. આમાં ઉલ્લેખનીય છે કે જજીસ બંગલો રોડનો પણ કામગીરીમાં સમાવેશ થયો છે. ઉત્તર પશ્ચિમ ઝોનના રન્નાપાર્ક, પ્રભાતચોકથી ચાણક્યપુરીબ્રિજ થઈ ડમરું સર્કલથી કારગિલ પેટ્રોલ પંપ થઈ હાઈકોર્ટથી સોલા ભાગવત સુધીનો રોડ, કેશવબાગથી માનસી સર્કલથી જજીસ બંગલો થઈ પકવાન ચાર રસ્તા સુધીનો રોડ અને ઈસ્કોન ચાર રસ્તાથી ગોતા ચાર રસ્તા થઈ વૈષ્ણોદેવી સર્કલની બંને બાજુનો રોડ એમ આ ત્રણ રોડ પરનાં દબાણ તંત્રએ ગઈ કાલે દૂર કર્યાં હતાં અને ૬૪ વાહનને તાળાં મારીને કુલ ૨૯,૫૦૦નો વહીવટીચાર્જ વસૂલ્યો હતો. આ ઉપરાંત પ્રભાત ચક ચાર રસ્તા, ડમરું ચાર રસ્તા, જજીસ બંગલો ચાર રસ્તા અને પકવાન ચાર રસ્તા પરથી પણ દબાણ દૂર કરાયાં હતાં તેમજ અનધિકૃત પાર્ક કરાયેલી રિક્ષાઓને હટાવાઈ હતી. તંત્રએ કુલ પાંચ લારી, ૨૬ બોર્ડ-બેનર અને ૫૬થી વધુ પરચૂરણ માલસામાન પણ જપ્ત કરી સિંધુ ભવનના ગોડાઉનમાં જમા કરાવ્યો હતો. જ્યારે ૩ ઓગસ્ટે તંત્રએ ૧૦૦ જેટલાં વાહનને તાળાં મારી રૂ. ૫૭હજાર જેટલો વહીવટીચાર્જ વસૂલ્યો હતો. પાંચ જેટલાં વાહનને ટ્રાફિક પોલીસ સાથેની સંયુક્ત ડ્રાઈવ દરમિયાન ટોઈંગ કરાયાં હતાં. સત્તાવાળાઓએ સાત લારી-ગલ્લા, ૧૨ વાંસ-વળી, ૧૧૬ પરચૂરણ માલસામાન અને ૨૬ જાહેરાતનાં બોર્ડ-બેનર જપ્ત કર્યાં હતાં. તા. ૨૬ જુલાઈથી હાથ ધરાયેલા આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા ૬૨૫ વધુ વાહનોને તાળાં મરાયાં હોઈ વાહનચાલકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

### ગૃહિણીઓનું રસોડાનું બજેટ ખોરવાઈ શકે છે

# આવક ઘટતા સપ્ટેમ્બરમાં ડુંગળીના ભાવ ૬૦ રુપિયાને પાર થવાની સંભાવના

## આવતા મહિને મંડીઓમાં ડુંગળીની આવક ઘટશે, જેથી વર્તમાન ભાવ કરતાં બમણાથી અઢી ગણો વધારો થઈ શકે

| નવી દિલ્હી, તા.૬ |

મોંઘવારીના વધુ એક માર માટે તૈયાર થઈ જાઓ. ગૃહિણીઓનું રસોડાનું બજેટ વધુ એક વખત ખોરવાઈ શકે છે. સમગ્ર દેશમાં ટામેટાના ભાવ આસમાન પહોંચ્યા છે. ક્યાંક ટામેટા રૂ.૧૨૦ પ્રતિ કિલો વેચાઈ રહ્યા છે તો ક્યાંક રૂ.૨૦૦ને પાર કરી ગયા છે. જોકે કેટલીક જગ્યાએ ટામેટાંના ભાવમાં રાહત જોવા મળી છે. ત્યારે હવે ડુંગળી લોકોને રડાવશે. ડુંગળીના ભાવમાં પણ વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડુંગળીના ભાવમાં રેકોર્ડ વધારો થઈ શકે છે. હાલમાં ડુંગળીનો ભાવ રૂ.૨૮ થી રૂ.૩૨ છે.

મે-જૂન મહિનામાં ૧૦ થી ૨૦ રૂપિયામાં મળતી ડુંગળી સપ્ટેમ્બરમાં તેના રંગમાં આવી



શકે છે. સપ્ટેમ્બરમાં ડુંગળીના ભાવ ૬૦ થી ૭૦ રૂપિયાને પાર થવાની આશંકા છે. રેટિંગ એજન્સી ક્રિસિલના જણાવ્યા પ્રમાણે આવતા મહિને મંડીઓમાં ડુંગળીની આવક ઘટી શકે છે જેના કારણે ભાવમાં વર્તમાન ભાવ કરતાં બમણાથી અઢી ગણો વધારો થઈ શકે છે. જોકે ઓક્ટોબરમાં નવા પાકના આગમન સાથે ભાવમાં ઘટાડો નોંધાઈ શકે છે.

માંગ-પુરવઠાના અસંતુલનની અસર ઓગસ્ટના અંત સુધીમાં ડુંગળીના ભાવ પર જોવા મળે તેવી શક્યતા છે. સપ્ટેમ્બરની શરૂઆતથી રિટેલ માર્કેટમાં ભાવમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે અને તે ૬૦-૭૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે. જો કે, કિંમતમાં આટલા વધારા પછી પણ આ વધેલી કિંમત ૨૦૨૦ના સર્વોચ્ચ સ્તરથી નીચે જ રહેશે.

અહેવાલ પ્રમાણે રવિ ડુંગળીની શેલ્ફ લાઈફ ૧-૨ મહિના ઓછી થવાને કારણે અને આ વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં વેચવાથી ઓપન માર્કેટમાં રવિ સ્ટોક સપ્ટેમ્બરને બદલે ઓગસ્ટના અંત સુધીમાં ઘટવાની ધારણા છે જેના કારણે ૧૫-૨૦ દિવસ માટે મંદીની સીઝન રહેશે જેનાથી બજારમાં પુરવઠાની અછત અને ઊંચા ભાવનો સામનો કરવો પડે તેવી શક્યતા છે. ઓક્ટોબરમાં ડુંગળીનો નવો પાક આવતા ભાવમાં ઘટાડો થઈ શકે છે.છે.

### ભુપેન્દ્ર પટેલ દ્વારા વનમહોત્સવનું આયોજન

# ગીર સોમનાથના ગીરગઢડા ખાતે ૭૪મો જિલ્લા કક્ષાનો વન મહોત્સવ ઉજવાયો

## સોમનાથમાં મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું, વૃક્ષારોપણ ઓક્સીજનરથનું પણ પ્રસ્થાન કરાવાયું

| ગીર સોમનાથ, તા.૬ |

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા કરાયેલા વનમહોત્સવના આયોજન અનુસંધાને ગીર સોમનાથ ખાતે પણ ૭૪મો જિલ્લાકક્ષાનો વન મહોત્સવ ઉજવાયો હતો. મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું. વૃક્ષારોપણ, ઓક્સીજનરથનું પણ પ્રસ્થાન કરાવાયું હતું. સામાજીક વનીકરણ ક્ષેત્રે સક્રિય લોકભાગીદારી વધારવા રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ કાર્યક્રમો યોજાય રહ્યા છે. ગીર ગઢડા ખાતે ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાના અધ્યક્ષસ્થાને ૭૪મો જિલ્લા કક્ષાનો વન મહોત્સવ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં તમામ મહાનુભાવોનું તુલસીના રોપથી ઉષ્માભર્યુ સ્વાગત કરાયું હતું. જ્યારે પોતાના ઉદ્‌બોધનમાં દંડક એ જણાવ્યું હતુ કે, મનુષ્યને જન્મથી લઈ મૃત્યુ સુધી વૃક્ષની જરૂર પડતી હોય છે. કોરોનાકાળમાં વૃક્ષ દ્વારા તમામને ઓક્સિજનની મહત્તા સમજાઈ છે. વન મહોત્સવ દ્વારા વૃક્ષ વાવેતર તેમજ વૃક્ષનું જતન સમજવું ખૂબ જરૂરી છે. જ્યારે મુખ્ય વન સંરક્ષક આરાધના સાહુએ જણાવ્યુ કે, સામાજીક વનીકરણ ક્ષેત્રે ગુજરાત અગ્રણી બન્યું છે.

### સચિન જીઆઇડીસીમાંથી અજીબ ઘટના સામે આવી

# સચિન જીઆઇડીસીમાં કેટલાક લોકોએ એક યુવકને પકડીને માર માર્યો

## યુવક અન્ય સોસાયટીમાં શૌચાલય કરવા ગયો હતો અને લોકોએ ચોર સમજી તેને મેથીપાક ચખાડ્યો હતો

| સુરત, તા.૬ |

સુરતના સચિન જીઆઈડીસીમાં આવેલ રામેશ્વર કોલોનીમાંથી એક અજીબ ઘટના સામે આવી હતી. જ્યાં રામેશ્વર કોલોનીમાં રહેતા કેટલાક યુવકોએ એક યુવકને પકડીને મેથીપાક ચખાડ્યો હતો. સ્થાનિક લોકોએ બહારથી આવેલ આ યુવક પર શંકા જતા તેને માર માર્યો હતો અને બાદમાં છોડી મૂક્યો હતો. યુવકને માર મારતો અજાણા વ્યક્તિએ વિડીયો બનાવ્યો હતો અને તે સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થયા બાદ તેમાં જુદા જુદા પ્રકારની વાતો વહેતી થઈ હતી. કહેવાય રહ્યું હતું કે સ્થાનિક વિસ્તારમાં અસામાજિક તત્વોએ યુવકને માર માર્યો છે. પોતાના વર્ચસ્વના જોડે અસામાજિક તત્વોએ યુવકને જાહેરમાં માર માર્યો હતો. ત્યારે આ વિડીયો વાયરલ થયા બાદ પોલીસ સુધી પહોંચ્યો હતો અને પોલીસે પણ આમાં તપાસ કરતા વાત કાંઈક અલગ જ બહાર આવી હતી. ખરેખર યુવક અન્ય સોસાયટીમાં શૌચાલય કરવા ગયો હતો અને લોકોએ ચોર સમજી તેને મેથીપાક ચખાડ્યો હતો. ઘટના અંગે સચિન ઐદ્યોગિક ના પી.આઈ એ જે ચૌધરીએ જણાવ્યું હતું કે આ વિડીયો ગત મોડી રાત્રે મારી પાસે આવ્યો હતો. જેને લઈ વીડિયોમાં દેખાઈ રહેલ ઈસમોને મેં રાત્રે જ પોલીસ સ્ટેશન બોલાવી તપાસ કરી હતી.

### સુરતમાંથી વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો

# સુરતમાં ત્રણ ટાબરિયાની જોખમી બાઈક સવારીનો વિડીયો વાઈરલ

## ટ્રાફિકના નિયમ ભંગ બદલ ૧૫ હજાર વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામા આવી હોવા છતાં લોકો સમજવાનું નામ નથી લેતા

| સુરત, તા.૬ |

અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર સર્જાયેલ અકસ્માત બાદ રાજ્યમાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે અને જુદા જુદા શહેરોમાં ટ્રાંફિક દ્વારા શરૂ કરાઈ છે. આવી સ્થિતિ વચ્ચે પોલીસે ટૂંકાગાળામાં નિયમભંગ બદલ ૧૫ હજારથી વધુ કેસ પણ કર્યા છે. છતાં પણ અમુક વાલીઓ સુધરવાનું નામ લેતા નથી. સગીરોને આડેધડ વાહન ચલાવવા આપી દેતા હોય છે. ત્યારે સુરતમાંથી વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. જેમાં બાઈક પર ૩ સગીર જોખમી રિતે સવારી કરી રહ્યા છે. જે વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. રાજ્યમાં અકસ્માતની વણઝાર વચ્ચે સુરતમાં એક બાઈક પર ત્રણ સગીરનો વીડિયો સામે આવ્યો છે. વાયરલ વીડિયોમાં સગીર પૂરઝડપે બાઈક હંકારતો જોવા મળી રહ્યો છે અને બાઈક પર અન્ય ૨ પણ સગીર વયના જ સવાર હોવાનું દ્રશ્યમાન થઈ રહ્યું છે. જેને લઈને જોખમી સવારી દરમિયાન કોઈ મોટી દુર્ઘટના થાય તો જવાબદાર કોણ તેવા લોકોમાં સવાલ ઉભા થયા



છે. આ બાબતે વાલીઓ જાગૃત બને તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે. અમદાવાદ ઈસ્કોન બ્રિજ અકસ્માત ઘટના બાદ સુરત શહેર ટ્રાફિક પોલીસ એક્શનમાં આવી છે. સુરતમાં ઓવરસ્પીડમાં વાહન ચલાવતા લોકો સામે કાર્યવાહી કરતા છેલ્લા ૧૪ દિવસમાં ૧૩ હજારથી વધુ કેસ કર્યા છે. જેમાં ડ્રિંક એન્ડ ડ્રાઈવના ૩૨૭ કેસ કરીને ૧૯૧ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. તો બીજી તરફ ભયજનક રીતે વાહન ચલાવવા મામલે ૩ હજાર ૩૮૯ કેસ કર્યા છે. આમ સુરતમાં હવે નશો કરીને બેફામ ડ્રાઈવિંગ કરનારા સામે પોલીસે તવાઈ બોલાવી છે.

### સમગ્ર ગુજરાતમાં ધોધમાર વરસાદની આગાહી

# અમદાવાદમાં આગામી ૪ દિવસ મેઘરાજા કરશે તોફાની બેટિંગ

## દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારો તોફાની વાદળો અને વીજળીના કડાકા સાથે વરસાદ ખાબકી શકે છે

| અમદાવાદ, તા.૬ |

રાજ્યના અનેક વિસ્તારોમાં અત્યારે વરસાદી માહોલ જોવા મળ્યો છે. જ્યારે છેલ્લા ઘણા દિવસોથી મેઘરાજાએ તોફાની બેટિંગ કરી નહોતી. કેટલાક સ્થળે વરસાદ ધોધમાર હતો તો અમદાવાદ, ગાંધીનગર સહિતના શહેરોમાં મેઘરાજા બ્રેક પર હતા. પરંતુ હવે હવામાન વિભાગની આગાહી પ્રમાણે અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના પ્રદેશોમાં આગામી ૪ દિવસ ધોધમાર વરસાદ પડવાની શક્યતા છે. વીજળીના કડાકા ભડાકા સાથે અહીં ધોધમાર વરસાદ પડે એવી આગાહી પણ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે અત્યારસુદી રાજ્યમાં ૯૨ ટકાથી વધુ વરસાદ તો નોંધાઈ ગયો છે, તેવામાં હજુ આ પાંચ દિવસ ભારે વરસાદ પડવાની આગાહી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે હવે સૌરાષ્ટ્રમા પણ મધ્યમથી સામાન્ય વરસાદ પડે એવી ધારણા કરાઈ રહી છે. આગામી ૨૪ કલાકમાં અહીં ધોધમાર વરસાદ ખાબકશે. તમને જણાવી દઈએ કે અમદાવાદમાં પણ વાતાવરણમાં પલટો આવી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આવતી કાલ સોમવારથી અહીં ધોધમાર વરસાદ પડી શકે છે. હવે દક્ષિણ ગુજરાત સહિતના વિવિધ જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામા આવી છે. તો કેટલાક પ્રદેશોમાં આફત બનશે એવું પણ જણાવાયું છે.

### જામનગર નજીક દરેડમાં આવેલી બ્રાસની ભઠ્ઠીમાં બ્લાસ્ટ થવાથી બે શ્રમિક દાઝી ગયા

| જામનગર, તા.૬ |

તાજેતરમાં જામનગર નજીક દરેડમાં આવેલી એક બ્રાસની ભઠ્ઠીમાં બ્લાસ્ટ થવાથી બે શ્રમિક દાઝી ગયા હતા. જેમને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં એક શ્રમિકે હોસ્પિટલના બીછાને એક દર્દીએ દમ તોડ્યો હતો. આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક દરેડ જીઆઈડીસી વિસ્તારમાં આવેલા રાજહંસ ઈમ્પેક્સ પ્રાઈવેટ લિમિટેડ નામના કારખાનામાં ઈલેક્ટ્રીક ભઠ્ઠીમાં બે દિવસ પહેલા સાંજે બ્લાસ્ટ થયો હતો. જેમાં મધ્યપ્રદેશનો વતની શુભલાયકસિંહ બહાદુરસિંહ અને રાજસ્થાનનો વતની હુકમસિંગ દાજી ગયા હોવાથી બંને સારવાર માટે જામનગરની જી.જી.હોસ્પિ




ટલમાં ખસેડવામાં આવ્યા હતા, જે પૈકી શુભલાયકસિંહ બહાદુરસિંહ ૭૫ ટકા થી વધુ દાઝી ગયો હોવાથી સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે હુકમસિંહ સારવાર હેઠળ છે. આ બનાવની જાણ થવાથી પંચકોશી બી ડિવિઝનના એએસઆઈ ડી.સી.ગોહિલ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા અને મૃતદેહનો કબ્જો સંભાળી લીધા પછી તેનું પોસ્ટમોર્ટમ કરાવાયું હતું.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

CMYK CMYK CMYK CMYK